# વ્રત ધરીએ ગુરુ સાખ



ભાગ : ૧

– પૂ. પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ

પ.પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ
જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે

સંયમજીવન સ્વીકારવાની તમન્ના સાથે સાચા શ્રાવક બનવા માટે
**બાર વ્રતોને સરળ ભાષામાં સમજાવતું પુસ્તક**

# વ્રત ધરીયે ગુરુ સાખ

## ભાગ - ૧


લેખક

પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના શિષ્યરત્ન
પૂજય પંન્યાસ શ્રી મેઘદર્શનવિજયજી મ.સા.



પ્રકાશક

**અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ**

પ્રાપ્તિ સ્થાન

(૧)
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૨૭૭૭, નિશા પોળ
ઝવેરી વાડ, રીલીફ રોડ,
અમદાવાદ - ૧
ફોન નં. ૨૫૩૫૫૮૨૩

(૨)
વર્ધમાન સંસ્કાર ધામ
ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે
ગીરગામ ચર્ચ સામે, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪
ફોન : ૨૩૬૭૦૯૭૪

(૩)
તપોવન સંસ્કાર ધામ
ધારાગિરિ
પો. કબીલપોર
નવસારી - ૩૯૬ ૪૨૪
ફોન નં. ૨૩૬૧૮૩

૪)
ચં. કે. સંસ્કૃતિ ભવન
ગોપીપુરા મેઈન રોડ,
સુભાષ ચોક,
સૂરત
ફોન ૨૫૯૯૩૩૭

મૂલ્ય : રૂા. ૪૦/-

# ભસ્મગ્રહ ઉતરી ગયો છે!
# ચાલો! કામે લાગી જઈએ.

**જૈન સંઘોના ઉજ્જવળ ભાવિ માટે**
**દરેક ગામમાં/ એરિયામાં જ્ઞાનદીપક યોજના શરૂ કરીએ.**

પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રશેખર વિ.મ.સાહેબના
શિષ્ય પૂજ્ય પંન્યાસશ્રી મેઘદર્શન વિ.મ.સાહેબ પ્રેરિત

## જ્ઞાનદીપક યોજના

**ધ્યેય:** દરેક સંઘમાં જેમ સુંદર જિનાલય, ઉપાશ્રય, આયંબિલશાળાં, પાઠશાળા વગેરેનું નિર્માણ થાય છે, તેમ તે જિનાલય- ઉપાશ્રય વગેરેમાં આરાધના કરનાર- કરાવનાર ચુસ્ત શ્રાવકો પણ તૈયાર થવા જરૂરી છે, જેઓ જૈન સંઘના ભાવિ રખોપા બને. આચાર સંપન્ન બને. જૈન ધર્મનું પાયાનું જ્ઞાન ધરાવે. જૈન ધર્મની ક્રિયાઓ ચુસ્ત પણે કરનાર- કરાવનાર બને. તેને પાંચ પ્રતિક્રમણ- પૌષધ સ્વયં કરતા અને સકલ સંઘને કરાવતા આવડે. આવા વિશેષ- ચુસ્ત- ક્રિયા સંપન્ન- આચાર સંપન્ન શ્રાવકો બનાવનારી આ જ્ઞાનદીપક યોજના છે, જે દરેક એરિયામાં/ ગામમાં/ સંઘમાં શરૂ કરવી જરૂરી છે.

### જ્ઞાનદીપક યોજનાની રૂપરેખા

(૧) પોતાના એરિયા/ ગામ/ સંઘની શક્તિ/ અનુકૂળતા અનુસાર ૫૦૦/ ૩૦૦/ ૧૦૦/ ૫૦/ ૨૫ જ્ઞાનદીપક બનાવવાનું નક્કી કરવું.

(૨) જે જ્ઞાનદીપક બને, તેનું ત્રણ તબક્કે મળીને કુલ રૂા. પાંચ હજારથી (શ્રીમંત સંઘમાં ૧૫, ૧૧, ૯, ૭ હજારથી તો સામાન્ય સંઘમાં ૫, ૩, ૨, ૧ હજારથી) બહુમાન કરવું જોઈએ. તેને તૈયાર કરનાર અધ્યાપકનું તેની ૨૫ ટકા રકમથી બહુમાન કરવાનું નક્કી કરવું.

(૩) જેટલા જ્ઞાનદીપક બનાવવા હોય તેટલા માટે બહુમાનાદિ કરવાનું ફંડ ઊભું કરવું. (જો રૂા. પાંચ હજાર નક્કી કરો તો ૫૦૦૦ + ૧૨૫૦ (અધ્યાપકના) + ૫૦ (પુસ્તકના) મળીને રૂા. ૬૩૦૦નો એક જ્ઞાનદીપક; એ રીતે ૧૦, ૫, ૩, ૧ જ્ઞાનદીપક નોંધી શકાય. જ્ઞાનદીપક તૈયાર થાય ત્યારે તે દાતાના હાથે તેનું બહુમાન કરી શકાય.)

(૪) બે કે ત્રણ જવાબદાર વ્યક્તિની કમિટી બનાવી, તેમને આ જ્ઞાનદીપક યોજનાની બધી સત્તા આપવી.

(૫) ૬થી ૨૪ વર્ષના તમામ બાળકો- તરૂણો- કિશોરો- યુવાનો આ યોજનામાં જોડાઈ શકે. (જો ફંડ વધારે ભેગું થઈ શકે તો બાલિકાઓને પણ જોડવી. મોટાઓને પણ જોડી શકાય.)

(૬) નિયત એરિયાના તમામ દેરાસરો- જાહેર સ્થળોએ જ્ઞાનદીપક યોજનામાં જોડાવાની પ્રેરણા કરતાં ફ્લેક્સો- પોસ્ટરો લગાડી શકાય.

(૭) જ્ઞાનદીપક યોજનાનું પ્રવેશપત્ર છપાવીને તૈયાર કરવું. રૂા. ૫૦ ડિપોઝીટ લઈને તે પ્રવેશપત્ર આપવું. ભરીને પરત કરે તે દિવસથી તે યોજનામાં જોડાયો કહેવાય. તે વખતે તેને 'જ્ઞાનદીપક' પુસ્તક ભેટ આપવું.

(૮) જ્ઞાનદીપક યોજનામાં જોડાનાર વિદ્યાર્થીએ પ્રવેશફોર્મમાં બધી વિગત સાચી ભરવી. તે વિદ્યાર્થી પાઠશાળામાં કે ઘરે પોતાની અનુકૂળતાના સમયે પાંચ પ્રતિક્રમણ- નવસ્મરણ જેમને શુદ્ધ- સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક આવડતા હોય તેવા પોતાને અનુકૂળ કોઈપણ ભાઈ-બહેનને પોતાના અધ્યાપક બનાવીને જ્ઞાનદીપક પુસ્તકનો અભ્યાસ કરી શકશે. પોતાના પ્રવેશપત્રમાં તે અધ્યાપકના નામ- સરનામાની નોંધ તથા સહી કરાવવાની રહેશે.

(૯) તે અધ્યાપકે જ્ઞાનદીપક પુસ્તકના અભ્યાસક્રમનો શુદ્ધ અભ્યાસ કરાવીને પોતાના જ્ઞાનદીપકને તૈયાર કરવો તથા પોતાના એરિયાના અન્ય જ્ઞાનદીપકોની અનુકૂળતા પ્રમાણે પરીક્ષા લેવાની જવાબદારી રહેશે. જ્ઞાનદીપક તૈયાર થતાં તેના બહુમાનની સાથે તેની ૨૫ ટકા રકમથી જ્ઞાનદીપક તૈયાર કરનારા અધ્યાપકનું પણ બહુમાન કરાશે.

(૧૦) ફોર્મ ભરીને પરત કર્યાની તારીખથી મોડામાં મોડા ત્રણ મહિનામાં જ્ઞાનદીપક ભાગ-૧, એક વર્ષમાં જ્ઞાનદીપક ભાગ- ૧-૨ તથા કુલ અઢી વર્ષમાં જ્ઞાનદીપક ભાગ ૧થી ૩ની પરીક્ષામાં કે તે પહેલાં પણ પાસ થનારનું જ્ઞાનદીપક તરીકે બહુમાન કરાશે.
(કારણવશાત્ જ્ઞાનદીપક સમિતિ આ સમયગાળામાં ફેરફાર કરી શકે.)

(૧૧) ભાગ- ૧, ૨, ૩ નો અભ્યાસ પૂર્ણ થતાં ગમે ત્યારે, ગમે તેટલી વાર

પરીક્ષા આપી શકાશે. પોતાના જ્ઞાનદીપકનો અભ્યાસ પૂર્ણ થતાં જ્ઞાનદીપક સમિતિને જાણ કરતાં, તેઓ પછીના રવિવારે ઉપાશ્રયમાં અન્ય જ્ઞાનદીપકના અધ્યાપક પાસે પરીક્ષા લેવરાવશે. પરીક્ષામાં નાપાસ થનારે ફરીથી અભ્યાસ પાકો કરવાનો રહેશે. ૮૦ માર્કે પાસ ગણાશે.

(૧૨) ભાગ-૧, ભાગ ૧-૨ તથા ભાગ ૧થી ૩ની પરીક્ષામાં પાસ થતાં જ, તરતના રવિવારાદિ સમયે અનુક્રમે રૂા. ૫૦૦, રૂા. ૧૫૦૦, રૂા. ૩૦૦૦ (બહુમાનની નક્કી કરેલી રકમના ૧૦ ટકા, ૩૦ ટકા અને ૬૦ ટકા) રકમથી જ્ઞાનદીપકનું જાહેરમાં બહુમાન કરવું. તેના અધ્યાપકનું ૨૫ ટકા રકમથી બહુમાન કરવું.

(૧૩) જ્ઞાનદીપક બનનારે, અભ્યાસકાળ દરમ્યાન તથા પછી પણ પાંચ વર્ષ સુધી, વર્ષની ૨૪ ચૌદશમાંથી ઓછામાં ઓછી દસ ચૌદશે ઉપાશ્રયમાં સાંજે પ્રતિક્રમણમાં સૂત્રોના આદેશો માંગવાના રહેશે. ત્યાર પછી પણ ચાલુ રાખે તે ઈચ્છનીય છે.

(૧૪) જ્ઞાનદીપક બન્યા પછી ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછા એકવાર ૧થી ૩ ભાગનો સંપૂર્ણ અભ્યાસક્રમ સંભળાવવાનો રહેશે.

(૧૫) સ્કૂલ- હોમવર્ક- ટ્યૂશન- અધર એક્ટિવિટીઝ- ક્લાસીસ વગેરે હોવા છતાંય હવે પોતાની અનુકૂળતાના સમયે પોતાને અનુકૂળ વ્યક્તિ પાસે પોતાને અનુકૂળ સ્થાને અભ્યાસ કરવાનો હોવાથી ઘણા બાળકો આ યોજનામાં ઉલ્લાસથી જોડાશે.

(૧૬) પાંચ પ્રતિક્રમણાદિ શુદ્ધ ભણેલા, પોતાના માતા-પિતા, સ્વજનો- પાડોશી કે કોઈપણ સાધર્મિક પાસેથી ભણી શકવાથી વધુ અનુકૂળતા રહેશે. વધુ ૨૫ ટકા રકમ ઘરમાં જ આવશે કે અન્ય સાધર્મિકોને સહાયરૂપ બનશે.

(૧૭) એક અધ્યાપક એક કરતાં વધારે જ્ઞાનદીપકો પણ તૈયાર કરી શકશે અને એ રીતે તેમને પણ વધારાની આવક થશે.

(૧૮) વિદ્યાર્થીઓ પોતે જ અધ્યાપક નક્કી કરવાના હોવાથી સંઘ/ સમિતિનો અધ્યાપક નીમવાનો કે પરીક્ષકો શોધવાનો પરિશ્રમ બચી જશે.

વિદ્યાર્થીઓએ નક્કી કરેલા અધ્યાપકોના સૂત્રોની પરીક્ષા લઈને પછી તેમને માન્ય કરવા.

(૧૯) જ્ઞાનદીપકને ૫૦ બોલ સહિત મુહપત્તિનું પડિલેહણ કરતાં, ૨૫ આવશ્યક પૂર્વક વાંદણા દેતાં, તપચિંતવણીના કાઉસ્સગ્ગ પૂર્વક રાઈ-પ્રતિક્રમણ કરતા- કરાવતા, હાલરડું- ૨૭ ભવનું- પંચકલ્યાણકનું સ્તવન- બીજ- પાંચમ- આઠમ- દિવાળી- નવપદનું ચૈત્યવંદનાદિ કરતા, સંવત્સરિ પ્રતિક્રમણ કરાવતા તો આવડશે જ, પણ સાથે સાથે ૪૫ આગમના નામ, સાત ક્ષેત્ર- પાંચ મહાવ્રતો, શ્રાવકના ૧૨ વ્રતો, ચૌદ નિયમો, સામાયિકના ૩૨ દોષો, પૌષધના ૧૮ દોષો, ૨૨ અભક્ષ્યો વગેરેનું જ્ઞાન મળશે. પૌષધ સ્વયં કરી શકશે- સૌને કરાવી શકશે. અષ્ટપ્રકારી પૂજા- સ્નાત્રાદિમાં માહિર બનશે.

ટૂંકમાં જૈન શાસનનો અદ્‌ભૂત- ચુસ્ત- પાકો શ્રાવક તૈયાર થશે.

આજે જ આ જ્ઞાનદીપક યોજના દરેક ગામમાં/ સંઘમાં/ એરિયામાં શરૂ કરો અને ભવ્ય ભાવિનું નિર્માણ કરો.

(૨૦) ઉનાળા વેકેશનમાં જુદા જુદા ગામના તમામ જ્ઞાનદીપકોની એક સાપ્તાહિક શિબીર રાખવાની પણ ભાવના છે. જે શિબીર દ્વારા જ્ઞાનદીપકનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે.

આ જ્ઞાનદીપક યોજનામાં ઉદારતાથી આર્થિક લાભ લેવા તથા પોતાના એરિયામાં જ્ઞાનદીપક યોજના શરૂ કરવા માટે સંપર્ક સાધોઃ

**પૂજ્ય પં. મેઘદર્શન વિજયજી મ. સાહેબ**
C/o તપોવન સંસ્કાર ધામ
ધારાગિરિ, પો. કબીલપોર, નવસારી-૩૯૬૪૨૪.

(આ યોજના મુંબઈ- વાપી- વલસાડ- સુરત, અમદાવાદ વગેરેના ઘણા સંઘો/ ગામોમાં શરૂ થઈ ગઈ છે.

## ક્યાં શું વાંચશો ?


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | પાકી કેરી - કાચી કેરી | ૧ |
| ૨. | સમ્યગદ્દર્શન | ૭ |
| ૩. | સમકિતીને વંદો ભાવ ધરી | ૧૪ |
| ૪. | સમકિતના સડસઠ બોલ : | ૨૮ |
| ૫. | સમકિતના લક્ષણો, આગાર, ભાવના અને સ્થાનો : | ૩૮ |
| ૬. | સમકિતવ્રત - સ્વીકાર | ૫૩ |
| ૭. | સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત | ૫૭ |
| ૮. | સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત | ૬૮ |
| ૯. | સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત : | ૭૮ |
| ૧૦. | સ્વદારાસંતોષ - પરસ્ત્રીગમન વિરમણ વ્રત : | ૯૨ |


**સમગ્ર પુસ્તકમાં ક્યાં ય પણ વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મન - વચન - કાયાથી મિચ્છામિ દુક્કડમ્.**


**પૂ.પં.શ્રી મેઘદર્શન વિજયજી મ.સાહેબને**

**આપણે આપણા કલ્યાણમિત્ર બનાવવા અને તેમની પ્રેરણા વારંવાર મેળવવા ઈચ્છતા હોઈએ તો નીચેની**




**FREE SMS સેવામાં જોડાઓ**

**Join Kalyanmitra1**

**અને 09219592195 Or 567678 પર SEND કરો..**

**FACE BOOK માં કલ્યાણમિત્ર જુઓ**

# (૧) પાકી કેરી - કાચી કેરી

**એ**ક ઘેઘૂર જંગલ હતું. ત્રણ વાંદરા તે જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. વચ્ચે કેરીઓથી લચી પડેલું આંબાનું ઝાડ તેમના જોવામાં આવ્યું.

સરસ મજાની રસથી ભરપૂર, લચી પડેલી કેરીઓ જોઈને કોના મોઢામાં પાણી ન છૂટે ? ત્રણે વાંદરાઓને કેરી ખાવાનું મન થયું.

નજર ઊંચે નાંખી. પાકી કેરીઓ ઘણી ઉપરની ડાળ પર હતી. શી રીતે તે પાકી કેરીઓ મેળવવી ? તેઓ મુંઝવણમાં પડ્યા.

વિચારણા કરતાં ઉકેલ મળ્યો. ત્રણે જણે સાથે ઊંચો કૂદકો મારવો. ઠેઠ ઉપરની ડાળે પહોંચીને મસ્તીથી કેરી આરોગવી... અને મોટા વાંદરાએ વન...ટુ....થ્રી.... બોલતાં જ ત્રણે વાંદરાઓએ સાથે જ લગાવ્યો જોરથી કૂદકો !

ત્રણમાંથી જે વાંદરો અલમસ્ત હતો, હૃષ્ટપુષ્ટ કાયાવાળો હતો, તે તો એક જ છલાંગે પહોંચી ગયો ઠેઠ ઉપરની ડાળીએ અને ખાવા લાગ્યો મીઠી મધ કેરીને. મુખ તેનું મુસ્કરાવા લાગ્યું. પોતાની ઈચ્છા પૂરી થયાનો અને કાંઈક અદ્‌ભુત ચીજ પામ્યાનો આનંદ તેના મુખ ઉપર સ્પષ્ટ દેખાતો હતો.

પણ બાકીના બે વાંદરાઓમાં ઠેઠ ઉપર પહોંચવા સુધીની શક્તિ ક્યાં હતી ? તેઓ તો ગોઠીમડું ખાતાં ખાતાં પડી રહ્યા હતા નીચે. પણ તે બે વાંદરામાંથી એક વાંદરો ખૂબ ચાલાક અને હોંશિયાર હતો. તેણે વિચાર્યું કે પાકી કેરી ન મળે તો કાંઈ નહિ, વચ્ચે કાચી કેરીવાળી ડાળ આવે છે તેને પકડી લઉં. નીચે પડીશ તો સાવ હાડકાં ખોખરાં થઈ જશે; એના બદલે આ વચલી ડાળ પકડીશ તો ખાટી તો ખાટી, પણ કાચી કેરી તો ખાવા મળશે.

વળી જ્યારે તાકાત આવશે ત્યારે ફરી કૂદકો લગાવીને ઉપરની ડાળે પહોંચી જઈશ. પછી તો બસ પાકી કેરી ખાવાની મજા પડી જશે. તેણે વચ્ચે આવતી કાચી કેરીવાળી ડાળી પકડી લીધી. કાચી કેરી ખાઈ રહ્યો છે, પણ તેની ખટાશ દાંતોને પીડી રહી છે. તેની નજરમાં તો પાકી કેરી છે. વારંવાર ઉપર જોયા કરે છે અને 'ક્યારે પાકી કેરી ખાવા મળે ? ક્યારે તાકાત આવે ને ક્યારે ઉપરની ડાળે છલાંગ મારું ?' તેવી ભાવના ભાવ્યા કરે છે.

પણ ત્રીજો વાંદરો હજુ ઘણો નાનો હતો. શરીરમાં વિશેષ શક્તિ નહોતી. તેથી કૂદકો લગાવવા છતાંય તે ન તો પહોંચી શક્યો ઉપરની ડાળ સુધી કે ન તો પહોંચી

શક્યો નીચલી કાચી કેરીવાળી ડાળ સુધી. થોડેક ઊંચે પહોંચીને તરત જ બેલેન્સ ન જળવાવાથી તે નીચે પડવા લાગ્યો.

નીચે જમીન પર પછડાતાં જ તેના હાડકાં ખોખરાં થઈ ગયાં. હાથ-પગના ભાગ છોલાઈ ગયા. આંખમાં આંસુ પડવા લાગ્યાં. બિચારો ! શું કરે ? ન મેળવી શક્યો પાકી કેરી કે ન મેળવી શક્યો કાચી કેરી ! તેના નસીબમાં રહ્યાં છે માત્ર આંખનાં આંસુ. હા ! વારંવાર ઉપર જોયા કરે છે. પાકી કેરી ખાવાનાં સ્વપ્નાં સેવ્યાં કરે છે. પણ હાલ તો પાકી કેરી જવા દો, કાચી કેરી પણ તેના નસીબમાં જણાતી નથી !

શાસ્ત્રકાર પરમર્ષિઓ ઉપરનું દૃષ્ટાંત આપી જણાવે છે કે આ ઘેઘૂર જંગલ એટલે માનવજીવન. તેમાં આંબાનું ઝાડ એટલે જિનશાસન. જંગલમાં આવેલા ત્રણ વાંદરા એટલે માનવજીવનને પ્રાપ્ત કરેલા માનવો. ત્રણ વાંદરાઓએ આંબાનું ઝાડ મેળવ્યું તેમ માનવે જૈનશાસન પ્રાપ્ત કર્યું. આંબા ઉપર પાકી અને કાચી કેરી હતી. જિનશાસન રુપી આંબા ઉપર રહેલી પાકી કેરી = ઓઘો = સર્વવિરતિ (સાધુ) જીવન અને કાચી કેરી = ચરવળો = દેશવિરતિ (શ્રાવક) જીવન.

વાંદરાઓને પાકી કેરી જોઈને મુખમાં પાણી આવ્યું. માનવજન્મ અને જૈનકુળ પામેલાને સાધુજીવન મેળવવાની ઇચ્છા થવી જ જોઈએ. કેરી મેળવવાના તલસાટ કરતાં ય સાધુજીવન મેળવવાનો તલસાટ હજાર ગણો વધારે હોય.

જૈનકુળને પામેલા જે માનવોએ સાધુજીવન રૂપી પાકી કેરી લેવા કૂદકો માર્યો અને ખરેખર જેઓ તન-મનની વિશિષ્ટ શક્તિ ધરાવવાના કારણે સાધુજીવન મેળવી શક્યા તે બધા પેલા હૃષ્ટપુષ્ટ મોટા વાંદરા જેવા સમજવા. તેઓ સાધુજીવનના સમતાના મીઠા રસને આરોગીને મસ્ત બન્યા છે; તેમની ચિત્ત પ્રસન્નતા સદા વધી રહી છે; તેમનું ચિત્ત સદા આનંદમાં છે; ધીર-ગંભીર અને પ્રશાન્ત તે સાધુઓ મોક્ષમાર્ગની સાધનામાં લીન છે !

પરન્તુ જૈનકુળને પામેલા જે માનવોએ પાકી કેરી રૂપી સાધુજીવન મેળવવાની ઝંખનાસહ પુરુષાર્થ કર્યો પણ તન-મન નબળાં હોવાથી, સાધુજીવન મેળવવાની કે મેળવ્યા પછી અણિશુદ્ધ પાલન કરવાની શક્તિ ન હોવાના કારણે સાવ નીચે પછડાટ ખાવાના બદલે ચાલાકીથી બાર વ્રતો ઉચ્ચરવાપૂર્વક દેશવિરતિજીવન સ્વીકાર્યું તેઓ બીજા નંબરના કાચી કેરી ખાતા વાંદરા સમાન જાણવા.

કાચી કેરી ખાતા વાંદરાની નજરમાં તો સદા પાકી કેરી જ હતી, 'ક્યારે શક્તિ આવે ને ક્યારે કૂદકો લગાવીને પાકી કેરી મેળવું;' તેવી ભાવના સતત તેની હતી, તેમ આ દેશવિરતિજીવન = શ્રાવકજીવન જીવનારાની નજર પણ સતત પાકી કેરી =

સાધુજીવન તરફ હોય. તેના મનમાં સતત તે જ ભાવના વહેતી હોય કે, 'ક્યારે મારામાં શક્તિ આવે ને ક્યારે હું સાધુ બનું ?'

'સસનેહિ પ્યારા રે; સંયમ કબ હિ મિલે ?' શબ્દો તેના મુખમાંથી સરી પડતા હોય. 'ક્યારે બનીશ હું સાચો રે સંત ? ક્યારે થશે મારા ભવનો રે અંત ?' એ તેની મુંઝવણ હોય. સાધુજીવન મેળવવા તે સતત ઝુરતો હોય. કાચી કેરી ખાવા છતાંય તેની ખટાશના કારણે જેમ બીજા વાંદરાને મજા આવતી ન હતી, તેમ શ્રાવકજીવન જીવવા છતાંય, ના છૂટકે સંસારમાં કરવાં પડતાં પાપો બદલ ત્રાસ હોવાથી, તેને મજા ન આવે. મનમાં સતત ખટાશ વિનાની મીઠી કેરી ખાવાની થતી ઇચ્છાની જેમ, પાપો વિનાના સાધુજીવનને અનુભવવાની ઝંખના ચાલુ હોય.

જ્યારે શક્તિ પેદા થશે ત્યારે જેમ પેલો વાંદરો કૂદકો લગાવીને પાકી કેરી ખાધા વિના નહિ રહે, તેમ આ શ્રાવક પણ જ્યારે શક્તિ પેદા થાય ત્યારે સાધુજીવન મેળવ્યા વિના ન જ રહે. તે સદા પોતાની શક્તિનું માપ કાઢતો રહે. જેવી અનુકૂળતા થાય કે તરત જ સાધુજીવન સ્વીકારી જ લે. માટે તો કહ્યું છે કે, 'શ્રાવક એટલે સાધુપણાનો સાચો ઉમેદવાર !'

પણ, જૈનશાસન પામેલા જે માનવની તાકાત નથી પાકી કેરીની ડાળ (સાધુજીવન) સુધી પહોંચવાની કે નથી કાચી કેરીની ડાળ (શ્રાવકજીવન) સુધી પહોંચવાની ! પ્રયત્નો કરવા છતાંય બેમાંથી એકેય મેળવી ન શકવાના કારણે જેમના નસીબમાં માત્ર આંસુ બચ્યા છે તેવો નાનો વાંદરો એટલે અવિરત સમ્યગ્દ્રષ્ટિ જીવ. સાધુજીવન કે શ્રાવકજીવન ન જીવી શકતો સમકિતી. માત્ર જૈન !

જૈન કુળમાં જન્મ્યો છે, જિનશાસન મળ્યું છે, માટે તેની નજરમાં પાકી કેરી = સાધુજીવન હોય જ. નાનો વાંદરો ભલે એકેય કેરી ન મેળવી શક્યો, છતાંય નીચે બેસીને જોયા કરે તો ઉપર રહેલી પાકી કેરીને જ. ''ક્યારે તાકાત આવે ને ક્યારે પાકી કેરી મેળવું ! અને.....જો પાકી કેરી ન મળે તો કાચી કેરીવાળી ડાળે પહોંચી થોડો સમય કાચી કેરી ખાઈને, પછી તાકાત વધે તો ફરી કૂદકો લગાવીને પાકી કેરી ખાઉં.'' એવા વિચારો જેમ તેને સતત આવ્યા કરે છે, તેમ આ સમકિતી જીવને પણ સતત સાધુ - જીવન મેળવવાની ભાવના થયા કરે છે. પોતાની તાકાત ન હોવાથી સાધુજીવન ન મળવા બદલ આંખમાં આંસુ આવે છે.

હૃદયમાં સતત એ ભાવના ચાલ્યા કરે છે કે 'ક્યારે શક્તિ આવે ને ક્યારે સાધુજીવન સ્વીકારું ? કદાચ સાધુજીવન સ્વીકારવાની તાકાત ન આવે તો પહેલાં થોડી તાકાત વધતાં જ કાચી કેરી જેવા નાના નાના વ્રત - પચ્ચક્ખાણો સ્વીકારીને શ્રાવક

બનું. શ્રાવક-જીવન જીવતાં જીવતાં, તન-મનની શક્તિ વધે તો છલાંગ લગાવીને સાધુ જ બની જઉં. તે વિના તો મને નહિ જ ચાલે !'

આપણા આ આર્યદેશમાં સૌનું લક્ષ પરમપદ=મોક્ષ હતું. તે પરમપદને પ્રાપ્ત કરવા બધા પરમાત્માનું ધ્યાન ધરતાં. પરલોકની વિચારણા કરતાં. પરલોક બગડી ન જાય તે માટે સતત પાપનો ભય રાખતા. પરમપદ-પરમાત્મા અને પરલોકના ચિંતને માનવ દુષ્ટ નહોતો બની શકતો. તેની સજ્જનતા સદા મૂઠી ઊંચેરી રહેતી.

માતા બાળકોને હાલરડામાં ય પરમપદની યાદ આપતી. અરે ! ગર્ભકાળમાં ય બાળકને પરમપદ મેળવવાની ઝંખના રહેતી.

પેલો શુકદેવ ! માતાના પેટમાં આવ્યા બાદ સમય પૂર્ણ થવા છતાંય જન્મ લેતો નથી. પિતા તેને જલ્દીથી જન્મ લઈને માતાને પીડા આપવાનું બંધ કરવા વિનંતિ કરે છે, ત્યારે ગર્ભમાં રહેલો બાળ શુકદેવ કહે છે, ''જો તમે મને અજન્મા બનવાની, પરમપદ પ્રાપ્ત કરવાની સાધના કરવાની રજા આપતા હો તો જ જન્મ લઉં !'' ગર્ભમાં ય પરમપદનું કેવું રટણ !

પેલી અનસૂયા પોતાના દીકરાને ઝુલાવતાં ઝુલાવતાં હાલરડું ગાય છે કે, ''શુદ્ધોડસિ બુદ્ધોડસિ, સંસારમાયા પરિવર્જિતોડસિ । તું શુદ્ધ છે ! તું બુદ્ધ છે ! તું સંસારની માયાથી રહિત છે.''

રડતા નાના બાળકને જોઈ માતા મદાલસા તેને કહી રહી છે,

"મૃત્યો ર્બિભેષિ કિં બાલ । સ ચ ભીતં ન મુઞ્ચતિ<br>
અજાતં નૈવ ગૃહ્ણાતિ । કુરુ યત્નમજન્મનિ ।"

'હે બાળક ! તું રડે છે શા માટે ? શું તને યમરાજ દેખાય છે ? તેથી તું મૃત્યુથી ડરી ગયો છે ! પણ હે બાળક ! મૃત્યુથી ડરેલાને યમરાજ કાંઈ છોડી દેતો નથી. તે જમડો તો નહિ જન્મેલાને જ છોડે છે. જો તને જમડાનો ડર લાગતો હોય તો ફરીથી જન્મ જ લેવો ન પડે તેવા પરમપદને પ્રાપ્ત કરવાની મહેનત કર !'

પરમપદને પ્રાપ્ત કરવા સ્વાભાવિક રીતે જ જીવોમાં પરમાત્માની ભક્તિ પેદા થતી. મરીને પરલોકમાં જવાનું છે, તે વિચારમાત્રથી જીવોને પાપની ભીતિ પેદા થતી. પ્રભુપ્રીતિ અને પાપભીતિ આર્યદેશના માનવોને પાપી થવા દેતી નહિ.

પરિણામે આ આર્યદેશનો માનવ, વય વધતાં જ સંન્યાસ માર્ગે ડગ ભરતો. અજૈનો પણ વાનપ્રસ્થ આશ્રમ અને સંન્યાસ આશ્રમ સ્વીકારતા.

રામાયણ જુઓ કે મહાભારત જુઓ ! ઢગલાબંધ વ્યક્તિઓએ છેવટે સાધુજીવન સ્વીકાર્યું છે. રામ, સીતા, ભરત, લવ-કુશ, દશરથ, રાવણના પુત્રો તથા પત્ની મંદોદરી,

હનુમાન, બધા ય અંતે બન્યા સાધુ. ભીષ્મ, વિદુર, પાંચ પાંડવો, દ્રૌપદી, કુંતી વગેરેએ પણ છેવટે સર્વવિરતિ જીવનનો રાહ સ્વીકાર્યો.

અનંતાનંત તીર્થંકરોએ સ્વયં જીવનમાં સાધુતા આચરી, એટલું જ નહિ, અનેક ચક્રવર્તીઓ તણખલાની પેઠે છ ખંડનું રાજ્ય છોડીને સાધુતાના કાંટાળા માર્ગે આગળ વધ્યા. જેને રંગીલો રાણો કહેવાય, તે સનતકુમાર ચક્રવર્તી જ્યારે સાધુતાના માર્ગે આગળ વધ્યા ત્યારે છ-છ મહિના સુધી તો તેનો પરિવાર સમજાવવા પાછળ પાછળ ફર્યો. પણ પાકા વૈરાગી બનેલા સનતકુમાર તો સાધનામાર્ગમાં અડગ જ રહ્યા.

ઋષભદેવ ભગવાનની પાટે થયેલા અસંખ્ય રાજાઓએ પણ સાધુજીવનનો રાહ સ્વીકારીને કલ્યાણ સાધ્યું.

રાજાના માથાના વાળ ઓળતી વખતે રાણી કહી રહી છે : "રાજન્ ! દૂત આવ્યો." રાજા ચકળવકળ નજરે ચારે બાજુ જુએ છે પણ દૂત ક્યાંય દેખાતો નથી. પૂછે છે રાણીને, "ક્યાં છે દૂત ?"

અને રાજાના માથામાંથી સફેદ વાળ કાઢીને રાજાના હાથમાં મૂકીને રાણી કહે છે, "આ રહ્યો યમરાજ તરફથી આવેલો દૂત."

અને આ સફેદ વાળે રાજાનું જીવન-પરિવર્તન કર્યું. સાધુતાની સાધના કરવા તે નીકળી પડ્યો.

હા ! આર્યદેશનો આ આદર્શ હતો. સૌ કોઈની નજરમાં પરમપદ હતું. તેને પ્રાપ્ત કરવા સૌ કોઈ, સફેદ વાળ આવતાં સાધનાના માર્ગે લીન બનતા. અરે ! જૈનશાસનને પામલાં અનેક આત્માઓ તો આઠ વર્ષની ઉંમરે પણ સાધુજીવન સ્વીકારતા હતા. સુંદર રીતે તેનું પાલન કરીને, પોતાના આત્માનું કલ્યાણ કરતા હતા. હેમચન્દ્રાચાર્ય, વજ્રસ્વામી વગેરે નાની ઉંમરે દીક્ષા લઈને મહાન શાસનપ્રભાવક બન્યા હતા.

વર્તમાનકાળે પણ તન-મનની અનુકૂળતાવાળાએ સાધુજીવન સ્વીકારી લેવું જોઈએ. પણ જેમની તેવી અનુકૂળતા ન હોય તેમણે ય સમકિત સહિત બાર વ્રતો નાણ સમક્ષ ગુરુ સાક્ષીએ ઉચ્ચરવા જોઈએ.

વ્રતો ઉચ્ચર્યા પછી તેનું પ્રાણની સાટે પણ પાલન કરવું જોઈએ. પેલો વંકચૂલ ! જંગલમાં ભૂલા પડવાથી આવી ચડેલા મુનિઓને ચોમાસા બાદ વિદાય આપતી વખતે નાના નાના ચાર નિયમ લીધા, તેનું પાલન કર્યું, જીવની કટોકટીના પ્રસંગે પણ તે નિયમોનું પાલન કરતાં જરાય ન અચકાયો તો તેના ફળસ્વરુપે ઊંચા દેવલોકની પ્રાપ્તિ થઈ. પરલોક સુધર્યો. પરંપરાએ આત્મકલ્યાણ સાધનારો બન્યો.

પેલો શ્રેષ્ઠિપુત્ર કમલ ! નિયમ લેવા તૈયાર જ નહિ. જીવન તેનું ખોટા રસ્તે સરી પડેલું, કોઈનું ય સાંભળવા તે તૈયાર નહિ; પરાણે મુનિનું પ્રવચન સાંભળવાની ફરજ પડી તો વ્યાખ્યાન વખતે મુનિની હડપચી કેટલી વાર ઊંચી-નીચી થઈ ? તેની ગણતરી કરનારો ! પણ છતાંય તેના જીવનનું કલ્યાણ થઈ ગયું નાનકડા નિયમના પ્રતાપે.

બીજું કાંઈ ન બની શકે તો પાસે રહેતા કુંભારની ટાલ જોયા પછી જ દાતણ કરવાનો નાનકડો નિયમ ગુરુ પાસે કમલે લીધો. તેનું બરોબર પાલન પણ તે કરવા લાગ્યો.

પણ એક દિવસ કુંભાર ન દેખાતાં, નિયમ-ભંગ ન થવા દેવા, કમલ ગામની બહાર જંગલ તરફ કુંભારની ટાલ જોવા દોડ્યો ! કેમકે પેલો કુંભાર માટી લેવા ગધેડાં લઈને જંગલમાં ગયો હતો !

દૂરથી કુંભારની ટાલ જોઈને, 'જોઈ લીધી-જોઈ લીધી' બોલતો કમલ પાછો ફરે છે ત્યારે કુંભાર કહે છે, 'અલ્યા ઊભો રહે... ઊભો રહે.... અડધી તારી.... અડધી તારી !'

હકીકતમાં માટી ખોદતાં કુંભારને ચરું જોવા મળેલો, જે સોનામહોરોથી ભરેલો હતો. કમલના મુખમાંથી 'જોઈ લીધી, જોઈ લીધી' શબ્દો સાંભળતાં કુંભાર એમ સમજ્યો કે કમલે સોનામહોરો જોઈ લીધી !

કુંભારના શબ્દોનું રહસ્ય ઉકેલવા કમલ કુંભાર પાસે આવ્યો ત્યારે તેણે સોનામહોરો જોઈ. સોનામહોરોનો અડધો ભાગ તેને મળી ગયો.

કમલ વિચારવા લાગ્યો... જેનો કોઈ મતલબ નથી તેવો કુંભારની ટાલ જોઈને દાતણ કરવાનો સામાન્ય નિયમ લેવાથી અને તેનું પાલન કરવાથી જો આટલી બધી સોનામહોરોનો લાભ થયો તો ભગવાને કહેલા વિશિષ્ટ નિયમો લઈએ અને તેનું બરોબર પાલન કરીએ તો કેટલો બધો લાભ થાય !

અને આ વિચારે કમલના જીવનનું પરિવર્તન કરી દીધું. કમલ સુધરી ગયો અને વ્રત-નિયમોથી તેનું જીવન સુંદર બની ગયું.

દીક્ષા લઈ શકાય તેમ ન જ હોય તો, દીક્ષા-લેવાની ભાવના મનમાં રમતી રાખીને તે માટે અનુકૂળતા પેદા ન થાય ત્યાં સુધી સમકિત સહિત બાર વ્રત ગુરુ સાખે (સાક્ષીએ) લેવાનો પ્રયત્ન સહુએ કરવા જેવો છે.

**ના.. બાર વ્રત ઉચ્ચરવાં જરા ય મુશ્કેલ નથી, કારણ કે પોતાની શારીરિક અને માનસિક શક્તિ અનુસાર, આ વ્રતો ગમે તેટલી સંખ્યામાં, ગમે તે રીતે અને ગમે તેટલા સમય માટે ઉચ્ચરી શકાય છે. અમુક પરિસ્થિતિ અને સંજોગને લઈને છૂટછાટ પણ રાખી શકાય છે.**

# (૨) સમ્યગ્દર્શન

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરે એક વાર હાલિક નામના ખેડૂતને પ્રતિબોધ પમાડવા ગૌતમસ્વામીને મોકલ્યા. ગૌતમસ્વામીએ હાલિક ખેડૂતને સંસારની અસારતા સમજાવી, સાધુતાની સારભૂતતા જણાવી. જિનશાસનની મહત્તા દર્શાવી. સંસાર પ્રત્યેનો વૈરાગ્ય પેદા થતાં તેણે ગૌતમસ્વામી પાસે દીક્ષા સ્વીકારી.

હાલિક ખેડૂતને આ રીતે પ્રતિબોધ કરીને ગૌતમસ્વામી પ્રભુ મહાવીર પાસે પાછા ફરી રહ્યા છે. હાલિક મુનિને પોતાના ગુરુ ગૌતમસ્વામી પ્રત્યે વિશિષ્ટ અહોભાવ જાગ્યો છે. તેઓ વિચારે છે કે, ''મારા ગુરુનાય વળી કો'ક ગુરુ છે ! કમાલ કહેવાય ! મારા ગુરુ જો આટલા બધા મહાન છે, તો મારા ગુરુના ય ગુરુ ભગવાન મહાવીર તો કેટલા બધા મહાન હશે ! તેમના દર્શન કરીને હું પાવન બનીશ. મારી જાત આજે ધન્યાતિધન્ય બનશે......"

પણ આશ્ચર્ય ! અરે ! આ શું બની ગયું ? પ્રભુવીરને જોતાં જ બળદિયાની જેમ હાલિક મુનિ એકદમ ભડક્યા ! ''આ તમારા ગુરુ ? તો મને તમે જોઈતા નથી ને તમારી દીક્ષા ય નથી જોઈતી ! હું તો આ ચાલ્યો મારે ઘેર !" જાણે કે એમ કહીને, પોતાનો સાધુનો વેશ ફેંકી દઈને હાલિક તો ઊભી પૂંછડીએ ભાગ્યો !

ગૌતમ સ્વામી તો આ દ્રશ્ય જોતાં સ્તબ્ધ બની ગયા. સમજાણું નહિ કે આ શું બની ગયું ? મને પામીને સાધુપણું સ્વીકારનારો આ હાલિક મારા એકલાના જ નહિ, ત્રણે ભુવનના જીવોના નાથ કરુણાસાગર પ્રભુ મહાવીરને જોઈને કેમ સાધુપણું છોડી નાશી છૂટ્યો ? તેમણે નાના બાળકની જેમ પ્રભુ મહાવીરને પોતાનો સવાલ પૂછી લીધો.

જેનું કારણ આ ભવમાં ન મળે તેનું કારણ શોધવા પૂર્વભવમાં ડોકિયું કરવું જ પડે. પ્રભુ તો ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ હતા. પ્રભુએ મીઠી-મધુરી વાણી વડે પૂર્વભવોનો ઈતિહાસ રજૂ કર્યો !

"હે ગૌતમ ! મારા ૧૮મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તું મારો સારથિ હતો. જંગલના રાજા સિંહનાં બે ય જડબાંને મેં બે હાથથી ચીરી દીધેલાં. તેનાથી સિંહ મારી તરફ છંછેડાયેલો. એક માનવના હાથે પોતાનું મોત થઈ રહ્યું છે, તેનો તેને ત્રાસ હતો. વૈરનાં બીજ તેના અંતરમાં પેદા થયાં.

તે વખતે સારથિ એવા તેં સિંહને સાન્ત્વન આપ્યું હતું. આશ્વાસન ભરેલા સ્નેહાળ શબ્દોમાં તેં સિંહને જણાવેલ કે, "અરે, ઓ વનરાજ ! તારે ખેદ કરવાની જરાય જરુર નથી. તું જો વનનો રાજા સિંહ છે, તો આ માનવ પણ ત્રણ ખંડનો અધિપતિ માનવોનો

રાજા વાસુદેવ છે. તું સામાન્ય માણસથી હણાયો નથી, પણ મહાપરાક્રમીના હાથે મરાયો છે. માટે તારું મોત પણ મહાપુરુષને છાજે તેવું છે. જરા ય ચિંતા ન કરીશ."

નેહનીતરતા તારા શબ્દો સાંભળી તારી પ્રત્યે તેને સ્નેહ જાગ્યો. તે સિંહ મૃત્યુ પામીને અનેક ભવો ભમીને આ હાલિક ખેડૂત બન્યો છે. પૂર્વભવના સંસ્કારો પ્રાયઃ સાથે જ આવતા હોય છે. તે સ્નેહના સંસ્કારે હાલિકને તારા પ્રત્યે માન જાગ્યું. તારાથી તે પ્રતિબોધ પામ્યો. સમકિત અને સર્વવિરતિમય સાધુજીવન પામ્યો.

પણ મને જોતાં જ સિંહના ભવમાં તૈયાર કરેલા મારા પ્રત્યેના વૈરનાં સંસ્કારો જાગૃત થયા. પરિણામે મને જોઈને તે સાધુવેશ છોડીને નાસી છૂટ્યો.

આ સાંભળીને ગૌતમસ્વામીના મનનું સમાધાન તો થઈ ગયું કે હાલિક પ્રભુ મહાવીરને જોઈને શા માટે નાસી છૂટ્યો ? પણ હવે નવો પ્રશ્ન એ ઊભો થયો કે "પ્રભુ કેવળજ્ઞાની હોવાથી જાણતા જ હતા કે હાલિક પ્રભુને જોતાં જ સાધુવેશ છોડીને નાસી જવાનો છે તો પછી પ્રભુએ તે હાલિકને પ્રતિબોધ પમાડવા મને (ગૌતમ સ્વામીને) કેમ મોકલ્યો ?'

પ્રભુ મહાવીરદેવે આ પ્રશ્નનું સમાધાન કરતાં ખૂબ જ સુંદર વાત કહી. ''હાલિક ભલે સાધુપણું ગુમાવી બેઠો, પણ હે ગૌતમ ! તારી પ્રેરણાના બળે તે સમ્યગ્દર્શન પામી ચૂક્યો છે. આ સમકિતની મહામૂલી કમાણી કરીને તેણે તેના સંસારને અત્યંત પરિમિત બનાવી દીધો છે. સંસાર રુપી અગાધ સમુદ્ર હવે તેના માટે માત્ર નાનું ખાબોચિયું બની ચૂક્યો છે. જે તરતાં તેને હવે ઘણો સમય નહિ લાગે. તારા પ્રતિબોધથી તેણે મેળવેલા સમ્યગ્દર્શનના પ્રભાવે તે હવે ટૂંક સમયમાં ઠેઠ મોક્ષનગરમાં પહોંચી જશે !"

"સમ્યગ્દર્શન પામેલો આત્મા, પાછળથી સમ્યગ્દર્શન કદાચ ગુમાવી બેસે તો ય દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળથી વધારે સંસારમાં ન રખડે. તેટલો સમય પૂર્ણ થતાં પહેલાં જ તે મોક્ષે પહોંચી જાય. જે પરમાત્માની આશાતના કરનારો હોય, મહાભયંકર પાપો કરનારો હોય તે આત્મા સમ્યગ્દર્શન પામ્યા પછી દેશોન અર્ધ પુદ્ગલપરાવર્તકાળ સંસારમાં ભમે. બાકી તેવાં ભયંકર પાપો જેણે ન કર્યાં હોય તે તો તે ભવમાં, બીજા-ત્રીજા ભવમાં કે સાત-આઠ ભવમાં સંસારમાંથી કાયમ માટે છૂટકારો પામીને મોક્ષમાં પહોંચી જાય.

સમ્યગ્દર્શન પોતે જ સમ્યક્ત્વ અને સમકિત નામે પણ ઓળખાય છે. શબ્દો ભલે જુદા જુદા ત્રણ હોય, તે ત્રણેય શબ્દોનો અર્થ તો એક જ છે.

સમ્યગ્દર્શન પામ્યા વિના આત્માનું કલ્યાણ શક્ય નથી. માટે બાર વ્રતો ઉચ્ચરતાં પહેલાં સૌ પ્રથમ સમ્યગ્દર્શન ઉચ્ચરવું જરુરી છે. ઉપધાન કરો કે સંઘપતિ તરીકેની સંઘમાળ પહેરો, દીક્ષા લો કે ચતુર્થવ્રત ઉચ્ચરો, સૌ પ્રથમ સમકિત તો ઉચ્ચરવું જ પડે.

આ સમકિત ઉચ્ચર્યા વિના જિનશાસનમાં પ્રવેશ મળતો નથી.

જન્મ જૈનકુળમાં લીધો માટે ભલે લોકો જૈન તરીકે ઓળખતાં હોય, પણ હકીકતમાં તો સમકિત પામવા દ્વારા જ જૈનધર્મમાં પ્રવેશ મળે છે. જ્યાં સુધી સમકિત પામ્યા નથી ત્યાં સુધી આપણો આત્મા અંધારામાં અટવાય છે. સમકિત એ દીવડો છે, જે આત્માના પ્રદેશે પ્રદેશ ઉપર ઝળહળતો પ્રકાશ પાથરવાનું કામ કરે છે. અને તેથી તો તમામ તીર્થંકર પરમાત્માઓની ભવની ગણતરી પણ તેમના સૌ પહેલીવારના સમકિત પામવાના ભવથી થાય છે. તે પૂર્વે ઘણા ભવો તેમણે કર્યા હોવા છતાં ય તેની કોઈ વિચારણા ય થતી નથી !

સમ્યગ્દર્શનની વિશિષ્ટતા એટલી બધી છે કે તેની હાજરીમાં જો કોઈ જીવ આયુષ્ય બાંધે તો દેવનું કે મનુષ્યનું જ બાંધે. દેવમાં ય સૌથી વધારે ભૌતિક સમૃદ્ધિ જે દેવો પાસે છે, તે વૈમાનિક દેવનું જ આયુષ્ય બાંધે.

જો આયુષ્ય બાંધનાર જીવ નરક કે દેવનો આત્મા હોય તો તેની પાસે રહેલું સમ્યગ્દર્શન તેને પછીના ભવમાં મનુષ્યનો અવતાર પ્રાપ્ત થાય તેવું મનુષ્ય આયુષ્યકર્મ બંધાવે, પણ જો આયુષ્ય બાંધનાર માણસ કે કૂતરા-બિલાડા વગેરે તિર્યંચગતિના જીવો હોય તો તે વખતે તેમની પાસે રહેલું આ સમ્યગ્દર્શન તેમને પછીના ભવમાં વૈમાનિકદેવ બનાવે તેવું દેવ આયુષ્ય બંધાવે. માત્ર સમ્યગ્દર્શનની હાજરીની ય આ તે કેવી કમાલ !

પેલો ગોશાળો ! પ્રભુ મહાવીરનો બની બેઠેલો કટ્ટર દુશ્મન ! જ્યાં ને ત્યાં પ્રભુવીરની સામે ઈર્ષ્યાની આગ ઓકતો. પોતાની જાતને સર્વજ્ઞ ભગવાન કહેવડાવતો. આટલું ય જાણે કે ઓછું હોય તેમ તેજોલેશ્યાની ભયંકર આગ પ્રભુવીરની સામે છોડવાનું ભયંકર પાતક કરનારો ! અને છતાંય મૃત્યુ પામીને તે બારમા દેવલોકમાં દેવ બન્યો ! નવાઈ લાગે છે ને ? ભગવાનને જાનથી મારી નાંખવાનો પ્રયત્ન કરનારને બારમો દેવલોક ? હા, આ કમાલ છે સમ્યગ્દર્શનની !

આનંદ અણગારને અધવચ્ચે અટકાવી ગોશાળો કહે છે, ''અરે ઓ આનંદ ! તારા મહાવીરને કહેજે કે, તે ગમે તેમ બકવાસ ન કરે. સાચો સર્વજ્ઞ હું છું. હમણાં જ ત્યાં આવું છું ને વધારે ગરબડ કરશે તો જીવતા સળગાવી દઈશ.''

ગભરાયેલા આનંદ અણગારે પ્રભુવીરને વાત કરી. પ્રભુવીરે કહ્યું, ''ચિંતા ન કરો. હમણાં તે ગોશાળો આવે છે. કોઈ વચ્ચે આવશો નહિ.''

અને ધમધમ કરતો તે ગોશાળો આવીને ઊભો રહ્યો. પ્રભુને જેમ તેમ બોલવા લાગ્યો. તેના ગમે તેવાં વચનો સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના સાધુઓથી સહન ન થયા. તેઓ વચ્ચે આવ્યા. ગોશાળાએ છોડેલી તેજોલેશ્યામાં બળીને બારમા દેવલોકમાં પહોંચ્યા.

ગોશાળાની આંખમાંથી છૂટેલી તેજોલેશ્યા પ્રભુવીરને ત્રણ પ્રદક્ષિણા આપીને, ગોશાળાને ભરખી ગઈ. તેજોલેશ્યાની આગમાં બળતો તે ગોશાળો 'તું છ મહિનામાં હવે મરી જઈશ' બોલતો નાઠો. પણ પ્રશાન્ત પ્રભુએ કહ્યું કે, હે ગોશાલક ! મારું આયુષ્ય તો હજુ સોળ વર્ષનું બાકી છે, પણ તારું આયુષ્ય તો માત્ર સાત જ દિવસનું બાકી છે."

તેજોલેશ્યાની આગની બળતરાથી શેકાતો તે ગોશાળો પોતાની ભકતાણી હાલાહલા કુંભારણને ત્યાં પહોંચ્યો. બળતરાની પીડા શાંત કરવાના અનેક ઉપચારો શરુ થયા.

પ્રભુ મહાવીરને પણ તેજોલેશ્યાની અસર થઈ. છ મહિના સુધી લોહીના ઝાડા-ઊલટી ચાલુ રહ્યા. શરીર સાવ શુષ્ક થવા લાગ્યું.

પણ પ્રભુવીરના અતિપ્રવિત્રતમ અણુ-પરમાણુને સ્પર્શીને ગયેલી તેજોલેશ્યા ગોશાળામાં પ્રવેશી હતી, તેથી જાણે કે પ્રભુના પવિત્ર અણુ-પરમાણુ પણ તે તેજોલેશ્યાની સાથે ગોશાળાના શરીરમાં પ્રવેશ્યાં ન હોય, તેમ ગોશાળાની છેલ્લે છેલ્લે પણ બુદ્ધિ પલટાઈ ગઈ.

પ્રભુ મહાવીરદેવ કરુણાના મહાસાગર હતા. જીવમાત્રને તારી દેવાની ભાવના આત્મસાત્ થયેલી હતી. ગૌતમસ્વામીને મોકલ્યા ગોશાળા પાસે. ગૌતમસ્વામીના વચનોએ તેનામાં પશ્ચાત્તાપનો મહાસાગર પેદા કર્યો.

ગોશાળાને પોતાની ભૂલ સમજાઈ. પરમપિતા પરમાત્માની કરેલી ભયંકર આશાતનાના પરિણામથી તે ધ્રૂજી ઊઠ્યો. પરમાત્મા પ્રત્યેનો અહોભાવ પેદા થયો. પોતાની જાત પ્રત્યે ધિક્કાર પ્રગટ્યો. પરમાત્મા મહાવીરદેવને તેણે સર્વજ્ઞ ભગવંત તરીકે સ્વીકાર્યા.

પોતાના અંગત ભક્તોને તેણે ભેગા કર્યા. તેમની પાસે સૌ પ્રથમ પોતે કહે તેમ કરવાનું વચન માંગી લીધું. વચન લીધા બાદ કહ્યું, "સાંભળો ! સાચા સર્વજ્ઞ પ્રભુ મહાવીર છે. હું સર્વજ્ઞ છું જ નહિ. હું મંખલીપુત્ર ગોશાળો છું. પહેલાં ભગવાન મહાવીરનો હું શિષ્ય હતો. મેં તેમની સામે પડવાનું ગોઝારું પાપ કર્યું છે. મને તેનો પારાવાર પશ્ચાત્તાપ થાય છે. મારું હવે આયુષ્ય થોડુંક જ બાકી છે.

મારા મૃત્યુ બાદ તમારે મારી એક વાતનો અમલ કરવાનો છે. મારા મરણ બાદ તમે બધાં મારા શરીર ઉપર થૂંકજો. મરેલા કૂતરાના શરીરને જેમ પગથી દોરી બાંધીને ઢસડીને નગરમાંથી બહાર લઈ જવાય, તેમ મારા શરીરને પણ ઢસડી - ઢસડીને નગરમાંથી બહાર લઈ જજો અને જાહેર કરજો કે, 'આ એ પાપિષ્ઠ ગોશાળો છે, જેણે તેના ગુરુ ભગવાન મહાવીરને ય ન છોડ્યા, સાચા સર્વજ્ઞ તો ભગવાન મહાવીર છે,

પણ ધૂર્ત એવો આ ગોશાળો નહિ, વગેરે.'

કલ્પના કરીએ કે કેવો જોરદાર પસ્તાવો તેને થયો હશે ! તે સિવાય આવું વચન તે ભક્તો પાસે માંગે ખરો ? આ કારમા પશ્ચાત્તાપના પ્રભાવે તે ગોશાલક છેલ્લે છેલ્લે પણ સમકિત પામી ગયો.

કહ્યું છે કે, પૂર્વે બંધાયેલાં કે બધાતાં પાપો સમકિતની ગેરહાજરીમાં તેની પ્રશંસા દ્વારા, પ્રાયઃ વધુ ને વધુ મજબૂત થતાં જાય, જ્યારે બંધાયેલાં કે બંધાતાં પાપો સમકિતની હાજરી માત્રથી, પશ્ચાત્તાપના પ્રભાવે પ્રાયઃ ખલાસ થતાં જાય ! ગોશાળો સમકિતના પ્રભાવે છેલ્લે છેલ્લે પામી ગયો.

પૂર્વે તેણે પરભવનું આયુષ્ય બાંધ્યું નહોતું. પશ્ચાત્તાપની પાવન પળે, સમ્યગ્દર્શનની હાજરીમાં તેણે બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યું. અને આ રીતે...... પ્રભુ મહાવીરનો એક વખતનો ભયંકર દુશ્મન ગોશાળો સમ્યગ્દર્શનના પ્રભાવે બારમા દેવલોકનો દેવ બની ગયો. આવો જબરદસ્ત પ્રભાવ છે સમ્યગ્દર્શનનો !

પેલો તામલી તાપસ ! છઠ્ઠના પારણે છઠ્ઠ કરનારો ! પારણે પણ રસકસ વિનાની લીલનો આહાર કરનારો ! એક, બે, પાંચ, પચીસ નહિ, ૬૦,૦૦૦ વર્ષ સુધી લગાતાર આવો કઠોર તપ કરનારો. છતાંય તેના આવા કઠોર તપની કોઈ ગણતરી નહિ ! તેનો આવો કઠોર તપ તેને તારી શકવા સમર્થ ન બન્યો ! કારણ કે તેનો આ તપ મિથ્યાત્ત્વથી યુક્ત હતો. તે તામલી તાપસ સમ્યગ્દર્શન પામ્યો નહોતો.

એકડા વિનાનાં લાખો મીંડાની શી કિંમત ? અને એકડા સહિતના બે-પાંચ મીંડાં હોય તો ય તેની કિંમત કેટલી બધી વધી જાય ! તેમ સમ્યગ્દર્શન રહિતના અનેક અનુષ્ઠાનોની ઝાઝી કિંમત નથી. જ્યારે સમ્યગ્દર્શન સહિતના એકાદ નાના અનુષ્ઠાનની તાકાત અનંતગણી વધી જતી હોય છે.

આ તામલી તાપસે એક વાર નીચી નજરે ચાલતાં સાધુઓને નિહાળ્યા. તેમનો ઈર્યાસમિતિનો ઉપયોગને જોઈને તામલી સ્તબ્ધ બની ગયો. હૈયામાં આ સુંદર આરાધના પ્રત્યે જબરદસ્ત બહુમાનભાવ પેદા થયો. મિથ્યાત્વ મોહનીય કર્મના ઢેર ઉલેચાયા. તામલી સમ્યગ્દર્શન પામ્યો. જિનશાસનનો રાગી બન્યો. મોક્ષનો લક્ષી બન્યો. સર્વવિરતિજીવનનો માશૂક બન્યો.

સમ્યગ્દર્શનની આ મહત્ત્વની વિશેષતાઓ છે. સમ્યગ્દર્શન પામેલ આત્માનું લક્ષ મોક્ષનું હોય. તે કદી સંસારનો પક્ષપાતી ન હોય. તેનું મન સદા સર્વવિરતિ - સાધુજીવન મેળવવા તલસતું હોય. સંસારમાં રહેવા છતાં સંસારમાં તે રમતો ન હોય. તે કાયપાતી હોય પણ ચિત્તપાતી કદી નહિ. તેણે તેના મનને સંસારમાંથી ઊઠાવી લીધું હોય. 'શરીર સંસારમાં, મન ભગવાનમાં,' તે તેની અંતઃસ્થિતિ હોય. પેલી વાનરી

અને મગરની વાત તો ખબર છે ને ?

તળાવ કિનારે જાંબૂના ઝાડ ઉપર બેઠેલી વાનરી રોજ જાંબૂ ખાવાની સાથે થોડાક જાંબુ નીચે મગરને પણ આપે. આ રીતે બંને વચ્ચે સુંદર મૈત્રી પણ જામી.

મગરે એક વાર જાંબુ પોતાની પત્નીને આપ્યા. જાંબુની મીઠાશનો સ્વાદ ચાખીને મગરબાઈના આનંદનો પાર ન રહ્યો. જ્યારે તેણે જાણ્યું કે મને આજે જ ખાવા મળેલા મીઠા જાંબુ પેલી ઝાડ ઉપર બેસનારી વાંદરી રોજ ખાય છે, ત્યારે તેને વિચાર આવ્યો કે, "જો આ જાંબુ આટલા બધાં મીઠાં છે તો આવા મીઠાં જાંબુ રોજ ખાનારી વાંદરીનું કલેજું કેટલું બધું મીઠું હશે !

તેણે પોતાનો વિચાર મગરભાઈ સામે રજૂ કરીને, વાંદરીનું કાળજું ખાવાની જીદ પકડી. બધા બૈરીના ગુલામ ! મગરે પણ છેવટે મગરીબાઈની વાત સ્વીકારવી પડી.

અને મગરભાઈ પહોંચ્યા વાંદરી પાસે. 'તમે રોજ મને જાંબુ ખવડાવો છો, તો તમારી મૈત્રીના દાવે આજે તમને તળાવની સહેલગાહ કરાવવાની મને ઈચ્છા થઈ છે. મારી આટલી વિનંતી તમે નહિ સ્વીકારો ?" તેણે વાંદરીની સામે સહેલગાહની ઓફર મૂકી દીધી.

વાંદરીએ સ્મિત સહ મગરભાઈની ઓફર સ્વીકારી. તેની પીઠ ઉપર વાંદરી બેસી ગઈ. મગરભાઈએ તળાવમાં ચક્કર લગાવવાં શરુ કર્યા. પછી બરોબર વચ્ચે પહોંચીને વાંદરીબાઈ સામે પોતાની પત્નીની ભાવના રજૂ કરીને કાળજાની માંગણી કરી.

વાંદરીને ખબર હતી કે કાળજું આપવું એટલે મોતને નોંતરવું. તે તો શી રીતે પોષાય ?

બુદ્ધિશાળી વાંદરીએ મગરભાઈને મૂરખ બનાવવાનો નિર્ણય કરીને કહ્યું, "અરે ઓ મગરભાઈ ! તમારી પત્નીની ભાવના પૂરી ન કરીએ તો કેમ ચાલે ? જો હું મારું મીઠું-મધુરું કાળજું તમને ન આપું તો મારી મૈત્રી લાજે ! પણ તમારે મને પહેલાં આ વાત કરવી જોઈએ ને ! તો હું કાળજું સાથે ના લાવત ? શું કરું ? કાળજું તો હું જાંબુના ઝાડ ઉપર મૂકીને જ આવી છું !

પણ ખેર ! કાંઈ વાંધો નહિ. હજું કાંઈ બગડ્યું નથી ! મને પાછા તળાવ કિનારે લઈ જાઓ. હું જાંબુના ઝાડ ઉપર લટકાવેલું મારું કાળજું તમને તરત આપીશ."

અને મૂરખ મગરભાઈએ વાંદરીની વાત સાચી માની. સડસડાટ કિનારે આવતાંની સાથે મગરની પીઠ ઉપરથી કૂદકો લગાવીને જાંબૂના ઝાડ ઉપર પહોંચી જઈને વાંદરી મગરભાઈને કહેવા લાગી. "અરે ઓ મગરભાઈ ! કાળજું તે કદી ઝાડ ઉપર લટકાવાતું હશે ? કાળજું તો સદા સાથે જ હોય ! તે આપું તો મારું મોત જ થઈ જાય !!!

સમકિતી આત્મા આ વાંદરી જેવો હોય ! તે પોતાનું કલેજું જેમ કોઈને ન આપે તેમ સમકિતી પણ પોતાનું હૃદય સંસારના કોઈ પદાર્થોને ન આપે. તેનું હૃદય મેળવવા મગરભાઈ જેવો મોહરાજ ઘણો પ્રયત્ન કરે છે. મગર જેમ વાંદરીબાઈને તળાવમાં ફેરવતો હતો, તેમ મોહરાજ આપણને સંસાર રુપી સમુદ્રમાં સતત ફેરવ્યા જ કરે છે.

ખાવાના, પીવાના, પહેરવાના, મોજશોખના, લગ્નના, ધંધો કરવાના વગેરે અવસરોમાં આ મોહરાજ જેવા મગરભાઈ આપણી પાસે હૃદયની માંગણી કરી બેસે છે ! પણ જો તે વખતે આપણે તેને હૃદય આપીએ નહિ, તે પદાર્થોમાં રમીએ નહિ, આસક્ત ન બનીએ તો આપણે સમકિતી ગણાઈએ. સંસારની ગમે તેવી પરિસ્થિતિઓ પેદા કેમ ન થાય ? સમકિતી કદી તેમાં લલચાય નહિ. લાચારીથી તે તે પરિસ્થિતિમાં કદાચ તેણે પસાર થવું પડે તો ય તેનું મન તો તેમાં ભળે જ નહિ !

દૂધમાં પાણી નાંખો તો તે તેમાં મીક્ષ થઈ જાય. એકમેક થઈ જાય. પણ પથ્થર નાંખો તો ? પાણીથી તે અલગ જ રહે ને ? કદી પણ પાણીમાં તે ભળે ખરો ? જેમ પથ્થર પાણીમાં રહે છતાં ય પાણીમાં ભળે તો નહિ જ, તેમ સમકિતી આત્મા કદાચ સંસારમાં રહે તો ય તેમાં ભળે તો નહિ જ. તેમાં તલ્લીન તો ન જ બને. તેમાં તે આસક્ત તો ન જ હોય.

પેલો નટ ! દોરડા ઉપર નાચ કરતો હોય ! સર્વ દર્શકોને ખુશ કરવા જીવન કટોકટીના ખેલ ખેલતો હોય છતાં ય તેનું મન તો દોરડામાં જ હોય ! કારણ કે તે જાણે છે કે દોરડામાં મન નહિ પરોવું તો બેલેન્સ ગુમાવતાં જ પડતાંની સાથે મોત થઈ જશે !

પોતાનું સત્ત્વ ઓછું પડે તો અન્ય સંસારીઓના સંબંધો સાચવવા કે કુટુંબની જવાબદારી નિભાવવા સમકિતી ક્યારેક સાંસારિક કાર્યો કરે તો ય તેનું મન તો સદા દેવ-ગુરુ-ધર્મમાં જ હોય, કારણ કે તે જાણે છે કે દેવ - ગુરુ - ધર્મને મારું હૃદય, મારું મન જો હું સમર્પિત નહિ કરું તો મારા આધ્યાત્મિક જીવનનું મોત થશે. દુર્ગતિમાં જવાનું થશે.

પેલી પનિહારી ! સડસડાટ ડોલને કૂવામાં ઉતારે. દોરડું પણ કૂવામાં ડોલની સાથે જ નીચે જતું જાય. તે તો બહેનપણીઓ સાથે વાતોમાં લીન હોય, ખડખડાટ હસે ય ખરી અને તાળીઓ પણ દે, છતાં તેનું તે વખતે ય ધ્યાન ક્યાં હોય ? દોરડામાં જ ને ?

જો દોરડામાં ધ્યાન ન રાખે અને છેડો પણ કૂવામાં ચાલ્યો જાય તો ડોલ ને દોરડું, બે ય ગુમાવી બેસવું પડે ! બસ ! તે જ રીતે સમકિતી આત્મા સંસારમાં હસતો, રમતો, ખેલતો દેખાય છતાં ય તેનું ધ્યાન તો સદા આત્મચિંતનમાં હોય. સાધુ જીવન સ્વીકારવાની ભાવનામાં હોય, દેવ-ગુરુ-ધર્મમાં હોય. કારણ કે તે જાણે છે કે જો હું સંસારમાં લીન બનીશ તો મારું જૈનકુળ અને માનવજીવન, બંને ય હારી જઈશ !

# (૩) સમકિતીને વંદો ભાવ ધરી

જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મ શાંત પડે, ક્ષયોપશમ પામે કે સંપૂર્ણ નાશ પામે ત્યારે આત્મા સમ્યગ્દર્શન પામી શકે. આ રીતે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવાથી જે સમ્યગ્દર્શન પમાય છે તે ક્રમશઃ ઉપશમ સમકિત, ક્ષાયોપશમિક સમકિત અને ક્ષાયિક સમકિત તરીકે ઓળખાય છે.

પણ મિથ્યાત્વ મોહનીય કર્મનો થયેલો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ આપણા જેવા છદ્મસ્થ જીવો જાણી શકતા નથી. તેથી આપણે વ્યવહારથી સમ્યગ્દર્શનના આચારો પાળવાપૂર્વક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું છે. આજે વ્યવહારથી પણ સમ્યગ્દર્શન પામીશું તો કાલે નિશ્ચયથી - કર્મોના ક્ષય-ક્ષયોપશમ કે ઉપશમપૂર્વકનું - સમ્યગ્દર્શન પણ પ્રાપ્ત થશે.

વ્યવહારથી સમ્યગ્દર્શન પામવું એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મને ભગવાન, ગુરુ અને ધર્મ તરીકે સ્વીકારવા.

જેઓ રાગ-દ્વેષ અને અજ્ઞાનથી રહિત છે, ૧૮ દોષથી રહિત છે, કેવળજ્ઞાન પામેલા છે, ચાર ઘાતીકર્મો કે આઠેય કર્મોનો જેમણે નાશ કર્યો છે, વીતરાગ છે, તેવા પરમાત્માને જ ભગવાન તરીકે સ્વીકારવા પણ જે દેવ-દેવીઓ રાગ કે દ્વેષથી ભરેલાં છે, અજ્ઞાની છે, તેમને ભગવાન તરીકે માનવાં કે પૂજવાં નહિ.

તે જ રીતે જેઓ પાંચ મહાવ્રતોનું પાલન કરનારા છે, પ્રભુની આજ્ઞા પ્રમાણેનું જીવન જીવનારા છે, જ્યાં જ્યાં કારણવશાત્ ભૂલ થાય ત્યાં ત્યાં તેનો એકરાર કરવાપૂર્વક પશ્ચાત્તાપ કરનારા - પ્રાયશ્ચિત લેનારા - છે, તેવા ગુરુભગવંતને ગુરુ તરીકે સ્વીકારવા. પરન્તુ જેમના જીવનમાં મહાવ્રતાદિનું પાલન નથી તેવા અન્ય બાવા - ફકીર વગેરેને ગુરુ તરીકે કદી ન સ્વીકારવા.

કેવળજ્ઞાની ભગવંતોએ જે ધર્મતત્ત્વ ઉપદેશ્યું છે, તે ધર્મતત્ત્વનો અંતઃકરણથી સ્વીકાર કરવો. પરન્તુ તે સિવાયની ગમે તે ક્રિયાને ધર્મ તરીકે ન સ્વીકારવી, ન આચરવી. રાંધણછઠ, શીતળાસાતમ, બળેવ, નવરાત્રી વગેરેને પરમાત્માએ ઉપદેશેલા નથી, તો તેવા તહેવારોને ન માનવા, ન ઊજવવા.

અત્યારે યાદ આવે છે પેલા ધનપાળ કવિ ! ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા સિવાય કદી ય કોઈ દેવ-દેવીને નહિ નમનારા ! કોઈ ઈર્ષ્યાળુએ મહારાજા ભોજની કાનભંભેરણી કરી. રાજસભામાં જ્યારે આવ્યા ત્યારે રાજાએ તેમને ભગવાનની પૂજા

કરવા જવા કહ્યું. રાજાના શબ્દો ઉપરથી જ ધનપાળ કવિ બધું સમજી ગયા. પણ એ તો નિર્ભય હતા !

જેને પરમાત્મા વહાલા લાગી ગયા હોય તેને કોઈ ભય કદી ન સતાવે. કોઈકે સાચું જ કહ્યું છે કે, "Fear is nothing but the lack of faith in God." "ભગવાનની અંદર શ્રદ્ધાનો અભાવ, તેનું નામ ભય." ભગવાનમાં જેને અવિહડ શ્રદ્ધા છે, તેને કોઈ ભય પેદા થતો નથી.

ધનપાળ કવિ તો પૂજાનો થાળ લઈને ભગવાનની પૂજા કરવા નીકળ્યા. રાજાના કહેવાથી ગુપ્તચરો પણ ગુપ્તપણે ધનપાળ કવિનું વર્તન નિહાળી રહ્યાં છે.

કવિ પહોંચ્યા સૌપ્રથમ રાધેકૃષ્ણના મંદિરમાં ! પણ ગર્ભગૃહમાં રાધાની પાસે બેઠેલા કૃષ્ણને નિહાળી, પોતાનો ખેસ મોઢા પર ઢાંકી, પૂજા કર્યા વિના જ સડસડાટ બહાર નીકળી ગયા.

પછી પહોંચ્યા મહાકાળી માતાના મંદિરમાં, પણ જતાંની સાથે જ ભયભીત બની દોડતા બહાર આવી ગયા. થોડેક આગળ આવ્યું મહાદેવનું મંદિર, અંદર પહોંચતાં જોયું શિવલિંગ ! આંખ ઝીણી કરીને બારીકાઈથી ચારે બાજુ ધારીધારીને જોવા લાગ્યા. સહેજ વિચારમાં પડ્યા અને દર્શન-પૂજન કર્યા વિના જ પાછા બહાર આવ્યા !

આગળ વધતાં આવ્યું પરમાત્મા ઋષભદેવ ભગવાનનું સુંદર જિનાલય ! અંદર પ્રવેશતાં પરમાત્માનાં દર્શન થયાં ! હૈયું હર્ષના હિલોળે ચડ્યું ! ભાવવિભોર બનીને પૂજા કરી. મન મૂકીને પ્રભુની ભક્તિ કરી.

ખાસ્સા બે કલાક પરમાત્માનાં દર્શન-વંદન-પૂજન-ભક્તિમાં પસાર કરીને પહોંચ્યા મહારાજાની પાસે ! પરમાત્મભક્તિનો આનંદ હૈયે ઊભરાતો હતો. મુખ ઉપર પ્રસન્નતા છલકાતી હતી. રાજા ગુસ્સે ભરાશે તેની જાણ હોવા છતાં ય ક્યાંય ભયનું કે ગભરાટનું નામનિશાન જણાતું નહોતું.

ધનપાળ કવિની પહેલાં ગુપ્તચરોએ બધી માહિતી રાજાને આપી દીધી હતી. પોતાના ભગવાન શંકરની પૂજા ધનપાળ કવિએ કરી નથી, જાણીને રાજા ક્રોધથી ધુવાંપુવાં થયેલો જણાતો હતો.

"કેમ કવિરાજ ! મારી આજ્ઞાનું પાલન ન કર્યું ?"

"જી નામદાર ! આપની આજ્ઞાનું બરોબર પાલન કર્યું છે ને ! ભગવાનની બે કલાક સુધી પૂજા કરીને ચાલ્યો આવું છું."

"સાચું બોલો ધનપાળ કવિ ! તમે રાધાકૃષ્ણ-મહાકાળી કે મહાદેવનાં મંદિરમાં જઈને શા માટે વિપરીત વર્તન કર્યું ?"

"જી ! નામદાર ! સાંભળો મારી વાત ! કોઈ પતિ પોતાની પત્ની સાથે એકાંતમાં એકસ્થાને બેઠો હોય, ત્યારે સજ્જન માણસ ત્યાં જાય ખરો ? શું તેને શરમ ન આવે ? કૃષ્ણને તેમની પત્ની રાધા સાથે બેઠેલા જોઈને મને શરમ આવી. માટે હું ખેસથી મોઢું ઢાંકીને બહાર નીકળી ગયો. આમાં મેં ખોટું શું કર્યું ?

જ્યારે મહાકાળી માતાના મંદિરમાં ગયો, ત્યારે માતાજી લાલઘૂમ આંખોવાળાં, લપકા મારતી જીભવાળાં, હાથમાં ભાલો લઈને, રાક્ષસ ઉપર પગ મૂકીને; કોઈની ઉપર હુમલો કરવા જઈ રહેલાં મેં જોયાં ! મને ડર લાગ્યો કે કદાચ ભૂલમાં તેઓ મને તો નહિ મારી દે ને ? તેથી તરત જ હું ગભરાઈને બહાર નીકળી ગયો !

અને જ્યારે મહાદેવજીના મંદિરમાં ગયો, ત્યારે ત્યાં મેં સ્ત્રી વગેરે રાગનું કોઈ ચિહ્ન ન જોયું કે ભાલા વગેરે દ્વેષનાં કોઈ લક્ષણો ન જોયા. મને તેમના દર્શન-પૂજન કરવાનું મન થયુ. પણ સ્વામીનાથ ! હું શું કરું ?

ત્યાં જે શિવલિંગ હતું, તેને આંખો જ નહોતી, મને તેઓ જોતા જ નહોતા, ફૂલની માળા પહેરાવવી હતી પણ ગળું જ નહોતું ! ચરણસ્પર્શ કરવો હતો, પણ પગ જ નહોતા ! વિલેપન કરવું હતું પણ શરીર જ નહોતું ! સ્તુતિ - સ્તવના કરવી હતી, પણ સાંભળનારા કાન જ નહોતા ! ધૂપ પણ શી રીતે કરું ? સુગંધ લેનાર નાક જ નહોતું ! આંખ ઝીણી ઝીણી કરીને ખૂબ તપાસ કરી પણ મને મુખ જ ન દેખાયું ! હું કોનાં દર્શન કે પૂજન કરું ?

પછી આગળ વધ્યો તો મને પરમાત્મા ઋષભદેવ ભગવાનનું દેરાસર દેખાયું. પરમાત્મા ઋષભદેવ ભગવાનની પાસે મને રાગ કે દ્વેષનું કોઈ ચિહ્ન ન દેખાયું ! બાજુમાં નહોતી કોઈ સ્ત્રી કે નહોતું કોઈ હથિયાર ! મને તેઓ દ્વેષ વિનાના દેખાયા. તેમની આંખમાં નહોતો ક્રોધ કે નહોતો મારા પ્રત્યેનો કોઈ ધિક્કાર-તિરસ્કાર ! ઊભરાતી હતી માત્ર પ્રસન્નતા !

તેમનું મુખારવિંદ સુંદર હતું, જેને ટગર ટગર જોવાનું મન થયા કર્યું. નિર્નિમેષ નજરે હું જોતો જ રહ્યો ! ખૂબ આનંદ આવ્યો. તેમને કાન હતા, તેથી મેં તેમની ભાવભરી સ્તવના કરી. તેમને શરીર હતું, માટે મેં દૂધથી સ્નાન કરાવ્યું. ચંદનથી વિલેપન કર્યું. તેમને ગળું હતું, તેથી મેં પુષ્પોની માળા પહેરાવી. તેમને નાક હતું, તેથી ધૂપ કર્યો. દીપક ધર્યો. તેમનાં ચરણોમાં અક્ષત-નૈવેદ્ય-ફળ ધર્યાં. પછી તો તેમનાં ગુણગાન કરતાં કરતાં કયાં સમય વીતી ગયો તેની મને ખબર પણ ન પડી, કારણ કે મને સાક્ષાત્ ભગવાન મળ્યા હતા. રાજન્ ! તમે જ કહો ! જે રાગ-દ્વેષ અને અજ્ઞાન વિનાના હોય તે જ ભગવાન કહેવાય ને ?

મને આ ઋષભદેવ ભગવાનમાં ક્યાંય રાગ-દ્વેષ કે અજ્ઞાન ન દેખાયાં. સાક્ષાત્ પરમાત્મતત્ત્વ દેખાયું. આપે મને ભગવાનની પૂજા કરવાનું કહ્યું હતું ને ? મને આવા ભગવાન જયાં સુધી ન મળ્યા ત્યાં સુધી હું પૂજા કેવી રીતે કરી શકું ? તેથી મેં પહેલાં ક્યાંય પૂજા ન કરી.

પણ જેવા મને રાગ-દ્વેષ-અજ્ઞાન વિનાના ભગવાન દેખાયા કે તરત જ મેં તે ભગવાનની મન દઈને ભાવવિભોર બનીને ભક્તિ કરી. મને નથી લાગતું કે મારાથી કોઈ ભૂલ થઈ હોય !"

આ સાંભળીને રાજા હવે શું બોલે ?

કલ્પના કરી જુઓ કે આ ધનપાળ કવિનું સમ્યગ્દર્શન કેટલું બધું નિર્મળ હશે ! વીતરાગ પરમાત્મા સિવાય કોઈને ય નમન-વંદન-પૂજન ન કરવાની તેમની મક્કમતા ખરેખર દાદ માંગી લે તેવી છે.

સમ્યક્ત્વી આત્મા પરમાત્મા કે ભગવાન તરીકે તો વીતરાગીને જ સ્વીકારે તે તો વીતરાગનાં જ ભગવાન તરીકે દર્શન-વંદન-અર્ચન-પૂજન કરે.

પરન્તુ અન્ય રાગી દેવ-દેવીઓને તો તે ભગવાન તરીકે કદી ન સ્વીકારે. ભગવાન તરીકે તે કદી તેને પૂજે કે સત્કારે નહિ. સમ્યગ્દ્રષ્ટિ દેવને સાધર્મિક સમજીને પ્રણામ ભલે કરે, પણ તેને ય ખમાસમણ તો ન જ દે. તેને ય ભગવાન તો ન જ માને.

જો તે સત્ત્વશાળી હોય તો કુળદેવતાને પણ ન માને. છતાં સત્ત્વહીનતાના કારણે કુલાચાર સેવે તો ય તે કુળદેવતાને ભગવાન તરીકે તો ન જ માને. કુળદેવતાને ય ખમાસમણ તો ન જ દે.

સમકિતી આત્માને મન વીતરાગ પરમાત્મા સર્વસ્વ હોય. વીતરાગ પરમાત્માની ભક્તિ તેના રોમેરોમમાં એટલી બધી વસેલી હોય કે તેના હૃદયમાં વીતરાગ પરમાત્માથી ચડિયાતું સ્થાન કોઈનું ય ન હોય. પરમાત્મા સિવાયના સર્વનું સ્થાન પરમાત્મા કરતાં અનેકગણું હેઠ હોય. પરમાત્માથી ય ચડિયાતી ભક્તિ તે કોઈની ય ન કરતો હોય.

તેને માટે શરણભૂત જેમ વીતરાગ ભગવાન હોય તેમ તેને માટે અન્ય શરણભૂત સુગુરુ અને સુધર્મ હોય. વારંવાર તે સુદેવ-સુગુરુ અને સુધર્મનું શરણ સ્વીકારતો હોય. 'અન્યથા શરણં નાસ્તિ' તેના હૃદયનો પોકાર હોય.

પરમાત્માની આજ્ઞા તેને શિરસાવંદ્ય હોય. ભગવાનની તમામે તમામ વાતો તેને આંખ મીંચીને માન્ય હોય. ભગવાનની એકાદ વાત સાથે ય તેને વિરોધ કે મતભેદ ન હોય. કદાચ આચરણમાં તે પાછો પડતો હોય, પણ વિચારોમાં તો તે પરમાત્માની આજ્ઞા સાથે સંપૂર્ણ એકમત હોય. આવી સુંદર સ્થિતિને પ્રાપ્ત કરાવનારા સમ્યગ્ દર્શનને

અભવ્ય આત્માઓ કદી પામી શકતા નથી.

એક વાર એક આચાર્ય ભગવંતે સ્વપ્નમાં ૫૦૦ હાથીઓના ટોળા વચ્ચે એક ઊંટને આવતું જોયું. સવારે પોતાના શિષ્યોને કહ્યું કે, "આવું સ્વપ્ન જોવાથી મને લાગે છે કે આજે આપણા નગરમાં ૫૦૦ ઉત્તમ સાધુઓ આવશે, જેમના ગુરુ તરીકે ઊંટ જેવો અભવ્ય સાધુ હશે."

અને તે દિવસે જે સાધુઓ આવ્યા, તેમના આચાર્ય અભવ્ય હતા. રાત્રે તેમની પરીક્ષા કરવા માત્રું પરઠવવા જવાની જગ્યામાં કોલસી પાથરી હતી. ત્યાં પસાર થતાં જ્યારે કીચૂડ કીચૂડ અવાજ આવવા લાગ્યો, ત્યારે - કોઈ જોતું નથી તેવી તેમની ધારણા હોવાથી - તેઓ બોલવા લાગ્યા, 'અરે ઓ વીતરાગના જીવડાઓ ! તમે અહીં ય ભરાયા છો ? લો ! લેતા જાવ !' એમ ભગવાનનાં વચનોની મશ્કરી કરતાં, ક્રુરતાથી પગ દબાવતાં અને જાણે કે જીવડાંઓને કચડીને જતાં હોય તેમ કોલસી દબાવતાં ચાલવા લાગ્યા !

છૂપાઈને જોતાં તેમના શિષ્યોએ તેમની ક્રૂરતા તથા કરુણારહિતતાને જાણીને, તેમને અભવ્ય તરીકે ઓળખી, તેમનો ત્યાગ કર્યો. કોલસી = અંગારાનું મર્દન કર્યું હોવાથી તેઓ અંગારમર્દક આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા.

આ અંગારમર્દક આચાર્ય તે ભવમાં તો સમ્યગ્દર્શન પામી શક્યા નહોતા, પણ ભાવિમાં પણ ક્યારે ય સમ્યગ્દર્શન પામી શકવાના નથી, કારણ કે તેમનો આત્મા અભવ્ય છે.

અભવ્ય એટલે કદી ય મોક્ષે નહિ જનારો ! તેમનામાં મોક્ષે જવાની યોગ્યતા જ નથી, પછી તેઓ શી રીતે મોક્ષે જાય ? કોરડું મગમાં સીઝાવાની યોગ્યતા જ નથી તેથી તેને ગમે તેટલા તાપે સીઝવવાનું કામ ગમે તેટલા સમય સુધી કરવામાં આવે તો પણ તે શી રીતે સીઝે ?

જેના હૈયામાંથી કરુણાનું સરવરિયું સુકાઈ ગયેલું જણાય, જેનો આત્મા અત્યંત કઠોર-નઠોર અને નિષ્ઠુર થયેલો જણાય, તેનામાં અભવ્યપણાની શંકા પડ્યા વિના ન રહે. જે આત્મા ભવ્ય હોય તેનું હૃદય કરુણાથી પરિપ્લાવિત બન્યા વિના સામાન્યથી ન રહે !

આવા અભવ્ય આત્માઓ સમ્યગ્દર્શન કદાપિ પામી શકે નહિ, કારણ કે સમ્યગ્દર્શન એવી મહાન વસ્તુ છે કે જે પામ્યા પછી અવશ્ય મોક્ષ થાય જ. જ્યારે અભવ્યો તો કદી ય મોક્ષે જવાના નથી, પછી તેઓ સમ્યગ્દર્શન પામી શકે જ શી રીતે ? પણ જે ભવ્ય આત્માઓ ક્યારેક પણ મોક્ષે જવાના છે, તેઓ સમ્યગ્દર્શન પામે છે.

તીર્થંકર પરમાત્માએ બતાડેલી વાતો ઉપર અકાટ્ય શ્રદ્ધા પેદા થવી, રુચિ પેદા થવી તેનું નામ સમ્યગ્દર્શન.

આ સમ્યગ્દર્શન ક્યારેક સ્વાભાવિક રીતે જ પેદા થાય છે તો ક્યારેક ગુરુભગવંત વગેરેના ઉપદેશથી પેદા થાય છે.

સ્વાભાવિક રીતે પેદા થતાં સમ્યગ્દર્શનને નિસર્ગ સમ્યક્ત્વ કહેવાય છે, જ્યારે ગુરુજનોના ઉપદેશથી જે સમ્યગ્દર્શન પેદા થાય તેને અધિગમ સમ્યક્ત્વ કહેવાય છે.

જેમ પર્વત ઉપરથી પડેલ ખાડા-ટેકરાવાળો ખરબચડો પથ્થર નદીમાં તણાઈને અથડાતાં-અથડાતાં કેટલોક સમય પસાર થયા બાદ એની જાતે જ લીસો ગોળાકાર થઈ જાય છે, તેમ કેટલાંક આત્માઓ તથાભવ્યત્વના પરિપાકથી અજાણપણે જ વિશુદ્ધ પરિણામ પેદા કરી, રાગદ્વેષની તીવ્ર ગાંઠને છેદી, સમ્યગ્દર્શન પામે છે. આને નિસર્ગ સમ્યગ્દર્શન કહેવાય છે.

કેટલીક વાર પર્વત ઉપરથી પથ્થર લાવી, સલાટ વગેરે કારીગરો દ્વારા ટાંકણાના પ્રહારો કરી તે પથ્થરને જેમ ખરબચડામાંથી લીસો અને ગોળ બનાવવામાં આવે છે, તેમ ઉપદેશ આપવા દ્વારા કેટલાક આત્માઓમાં વિશુદ્ધ પરિણામો પેદા કરી ગુરુભગવંતો સમ્યગ્દર્શન પમાડે છે, તે અધિગમ સમ્યગ્દર્શન કહેવાય. જેમ પ્રભુએ ગૌતમ સ્વામીને મોકલીને, ઉપદેશ અપાવવા દ્વારા હાલિક ખેડૂતને સમ્યગ્દર્શન અપાવ્યું હતું.

સમ્યગ્દર્શનની તાકાત એવી વિશિષ્ટ પ્રકારની છે કે તેના પ્રભાવે તીર્થંકર પણ બની શકાય છે. શ્રેણિક મહારાજા એક પણ વ્રત કે પચ્ચક્ખાણ પાળી શકતા નહોતા, વિશિષ્ટ જ્ઞાનના સ્વામી નહોતા, કે ચારિત્રના પાલક પણ ન હતા છતાં ય ક્ષાયિક સમ્યક્ત્વના પ્રભાવે તેઓ આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર ભગવાન બનવાના છે.

એક વર્ષથી પણ વધારે સમય સુધી આત્મામાંથી દૂર ન થાય તેવા ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયોને અનંતાનુબંધી કષાયો કહેવાય; આ ચાર કષાયો તથા મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ દર્શનત્રિક મળી સાત કર્મો શાંત થઈ જાય, ભારેલા અગ્નિની જેમ ઉપશાન્ત થઈ જાય ત્યારે આત્મા જે સમ્યગ્દર્શન પામે તે ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય. ભવ્ય આત્મા સૌથી પહેલી વાર આ ઔપશમિક સમ્યક્ત્વ પામતો હોય છે. ચારે ગતિમાં આ સમ્યગ્દર્શન પામી શકાય છે. અને તે એક અંતર્મુહૂર્તથી વધારે રહેતું નથી.

ઉદયમાં આવેલા ચાર અનંતાનુબંધી અને મિથ્યાત્વનો નાશ અને ઉદયમાં નહિ આવેલાનો ઉપશમ કરીને જે સમ્યક્ત્વ પમાય તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. તે સાધિક છાસઠ સાગરોપમ સુધી આત્મામાં ટકી શકે છે.

પણ આ સાતેય કર્મોનો સંપૂર્ણ નાશ કરવામાં આવે ત્યારે જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય. તે ક્ષાયિકસમ્યક્ત્વના સ્વામી શ્રેણિક મહારાજા હતા. અને આ ક્ષાયિક સમકિતના પ્રભાવે તેઓ તીર્થંકર નામકર્મ બાંધી શક્યા હતા.

સમક્તિ એટલે પ્રભુના વચન ઉપર અકાટ્ય શ્રદ્ધા. ક્યાંય શંકાનું નામનિશાન નહિ. સુદેવ-સુગુર-સુધર્મ પ્રત્યે ઉભરાતું બહુમાન. જે આચરણમાં ન આવી શકે તે બદલ પારાવાર દુ:ખ. પ્રભુની આજ્ઞાને જેમણે આચરણમાં ઉતારી હોય તેમના પ્રત્યે હૃદયમાં ભરપૂર અહોભાવ.

શ્રેણિક મહારાજાના સમકિતની પ્રશંસા તો દેવલોકની સભામાં સાક્ષાત્ ઈન્દ્ર મહારાજાએ કરી હતી. અને તેથી શ્રેણિકરાજાના સમકિતની દઢતાની પરીક્ષા કરવા દેવલોકમાંથી એક દેવ આવેલો. પ્રસંગ કાંઈક આવો બન્યો હતો.

મગધ દેશના મહારાજા શ્રેણિક રાજગૃહી નગરીમાં રહી રાજ્યકારભાર ચલાવતા હતા. એક વાર ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવ વિચરતા વિચરતા રાજગૃહી નગરીની બહારના ગુણશીલ નામના ચૈત્યમાં પધાર્યા. મોટા સમારોહપૂર્વક ઠાઠમાઠથી શ્રેણિક મહારાજા પ્રભુ મહાવીરદેવને વાંદવા આવ્યા. વંદનાદિ કરી સમવસરણમાં પરમાત્માની દેશના સાંભળવા બેઠા.

થોડી વારમાં એક કોઢીયો માણસ ત્યાં આવ્યો અને પ્રભુજીની ચરણ-સેવા કરતાં કરતાં પોતાના શરીરમાંથી નીકળતાં પરુ તથા લોહી વગેરેથી પ્રભુને પગે વિલેપન કરવા લાગ્યો. આ દૃશ્ય જોતાં જ ક્ષાયિક સમકિતના સ્વામી શ્રેણિકને ગુસ્સો આવ્યો.

મારા જોતાં પ્રભુની આ આશાતના ? એમ વિચારતાં કાંઈ કરવા જાય તે પહેલાં તો પ્રભુવીરને છીંક આવી. તે સાંભળી પેલો કોઢીયો બોલ્યો "મરો."

પ્રભુવીરને મરવાની વાત કરનારો આ કોણ પાક્યો છે ? હમણાં જોઈ લઉં છું. એવું વિચારી શ્રેણિક કાંઈક કરવા જાય ત્યાં તો તેને પોતાને જ છીંક આવી. તરત પેલો કોઢિયો બોલ્યો, "ઘણું જીવો."

હવે શ્રેણિક ચમક્યો. ભગવાનને મરવાનું અને મને જીવવાનું આ કેમ કહે છે ? જવાબ મેળવવા માથું ખંજવાળે છે ત્યાં તો અભયકુમારને છીંક આવી અને પેલો કોઢિયો બોલ્યો. "જીવો અથવા મરો."

હજુ શ્રેણિક કાંઈક વિચારે તે પહેલાં જ અચાનક ત્યાં આવી ચડેલા કાલસૌરિક કસાઈને પણ યોગાનુયોગે તે જ વખતે છીંક આવી અને પેલો કોઢિયો "ન જીવો કે ન મરો." બોલીને ઊભો થઈ ચાલતો થયો. લોહી-પરુથી ભગવાનની આશાતના કરનારા અને ભગવાનને 'મરો' કહેનારાને તો સજા કરવી જ જોઈએ એમ વિચારી શ્રેણિકે

પોતાના માણસોને ઈશારો કર્યો કે આ માણસ સમવસરણમાંથી બહાર જાય કે તુરત જ તેને પકડી લેવો.

ઈશારાની ભાષા સમજીને માણસો પેલા કોઢિયાને પકડવા જાય તે પહેલાં તો તે કોઢિયો આકાશમાં ઊડી ગયો. વિલાઈ ગયેલા મુખવાળા સેવકોએ રાજાને આ વાત કરી. રાજા હવે આશ્ચર્યમાં મુકાઈ ગયો !

તેને થયું કે આજે આ જે રહસ્યમય ઘટનાઓ બની છે, તેના તાગને પામવાનું મારું શું ગજું ? આનું રહસ્ય તો કેવળજ્ઞાનના સ્વામી, ત્રણે લોકના, ત્રણે ય કાળના તમામ ભાવોને જાણતા પરમાત્મા જ ઉકેલી શકે. માટે તેણે પરમાત્માને આનું રહસ્ય પ્રગટ કરવા વિનંતી કરી.

પરમાત્માએ મધુર વાણીથી શ્રેણિકને જણાવ્યું કે, હે શ્રેણિક ! તને જે કોઢિયો દેખાયો તે કોઈ કોઢ રોગવાળો માનવ નહોતો પણ દર્દુરાંક નામનો રુપવાન દેવ હતો. તેણે લોહી કે પરુથી પૂજા કરતો હોય તેવો દેખાવ કરેલ પણ હકીકત તેમ નહોતી. તેણે તો ઉત્તમ સુખડથી મારી પૂજા કરી હતી.

તેના પૂર્વભવની વાત કર્યા પછી પરમાત્માએ કહ્યું કે, હે શ્રેણિક ! દેવસભામાં ઈન્દ્રના મુખે તારા સમકિતની ભરપૂર પ્રશંસા સાંભળી, તેની પરીક્ષા કરવા તે દેવ અહીં આવ્યો હતો અને તારા સમકિતની દૃઢતા જાણી તે આનંદિત થઈને પાછો દેવલોકમાં ગયો છે.

છીંક સંભળાતાં દેવના મુખમાંથી જે શબ્દો સરી પડ્યા હતા, તે હજુ ય શ્રેણિકના મનમાં ઘૂમરાતા હતા. તેથી તેણે પ્રભુ મહાવીરને પૂછ્યું, "પ્રભો ! આપને છીંક આવી ત્યારે તેણે 'મરો' કેમ કહ્યું ?"

"અમે મોક્ષમાં પહોંચીએ માટે ભક્તિભાવથી તેણે કહ્યું કે તમે સર્વ કર્મોથી મુક્ત બનો."

"આ અભયને 'જીવો અથવા મરો', શા માટે કહ્યું ?"

"અભય જીવશે ત્યાં સુધી સુખી રહેશે અને મૃત્યુ પછી પણ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવાનો છે. માટે બંને રીતે તેને લાભ છે તેથી તેમ કહ્યું."

"તો પછી પેલા કસાઈને 'ન જીવો કે ન મરો' એમ શા માટે કહ્યું ?"

"શ્રેણિક ! તેની હાલત તો ઘણી કફોડી છે. તે જીવે તો રોજ ૫૦૦ પાડા મારે અને મરે તો સાતમી નરકે જાય. માટે કહ્યું કે ન જીવો કે ન મરો."

"અરરર ! આવી છે તેની હાલત ! તો પ્રભુ ! મને જીવવાનું કેમ કહ્યું ?"

"તું હાલ રાજવૈભવ ભોગવી રહ્યો છે. જીવે તો આ લોકમાં તું સુખ અનુભવે.

અને મરીને નરકમાં જવાનો છે. ભયંકર દુઃખો નરકનાં સહવાનાં છે ! માટે તને જીવવાનું કહ્યું !"

અને જાણે કે ભયાનક વિસ્ફોટ થયો. મૃત્યુ બાદ નરકમાં જવાનું છે, તે સાંભળતાં જ શ્રેણિકને ધરતી ધ્રૂજતી લાગી. તમ્મર આવવા લાગ્યાં. આંખમાંથી દડ દડ આંસુ સરવા લાગ્યાં.

"ના...... ના....... ના, મારા પ્રભો ! મારે નરકમાં નથી જાવું. પ્રભુ ! મારે નરકમાં નથી જાવું. પ્રભો ! કોઈક ઉપાય બતાડો ! નરકનાં ભયંકર દુઃખોની વાત મેં આપના મુખે સાંભળી છે ! આજે તે દ્રશ્યો મારી નજર સમક્ષ આવે છે ! પેલા પરમાધામીઓ રાઈ રાઈ જેવડા ટુકડા કરી રહ્યા છે ! પેલો પરમાધામી નારકને કરવતથી કાપી રહ્યો છે ! કોઈ આકાશમાં ફંગોળતા અને માંસ-લોહીની શેર છૂટે તે રીતે ભાલામાં વીંધાતા જણાય છે ! પ્રભો ! પ્રભો ! મારાથી નરકમાં દુઃખો શેં સહન થશે ? ના, પ્રભુ ! ના, મારે નરકમાં નથી જવું."

શ્રેણિકને નરકનો કેટલો બધો ભય લાગી ચૂક્યો હશે જેના કારણે તેના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા ! પ્રભુ પાસે જ્યારે જ્યારે નરકનાં દુઃખોનું વર્ણન તેણે સાંભળ્યું હશે ત્યારે ત્યારે તેને પરમાત્માનાં તે વચનો પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા પણ હશે જ, કે જેથી આજે પોતાને તે નરકનો જાણે કે સાક્ષાત્કાર ન થતો હોય, તેમ તેઓ કાકલૂદી કરી બેઠા.

નરક હશે કે નહિ ? ત્યાં પરમાધામીઓ આવાં દુઃખો આપતા હશે કે નહિ ? આ બધી સ્વર્ગ-નરકની વાતો ઊપજાવી કાઢેલી તો નહિ હોય ને ? આવી શંકા તેના મનમાં હોત તો નરકમાં જવાની પોતાની વાત સાંભળીને તેને કદાચ મૂછમાં હસવું આવ્યું હોત. પણ ના ! શ્રેણિકને આવી શંકાઓ કદી ય નહોતી. તેને તો પરમાત્મા તથા પરમાત્માના પ્રત્યેક વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. તેનું સમ્યગ્દર્શન અત્યંત નિર્મળ હતું.

પ્રભુના વચન પ્રત્યેની અકાટ્ય શ્રદ્ધા હોવાના કારણે જ, જાણે કે અત્યારે જ પોતે નરકનાં દુઃખો ન અનુભવી રહ્યો હોય, તેવી વેદના શ્રેણિકના ચિત્કારોમાં રજૂ થતી હતી.

આપણે પણ પરમાત્મા તથા પરમાત્માના પ્રત્યેક વચન પ્રત્યે આવી જ અકાટ્ય શ્રદ્ધા પેદા કરવાની જરુર છે. પરમાત્માના એક પણ વચન ઉપર કદી ય શંકા ન જોઈએ. કદી પણ તેને સિદ્ધ કરવાના પ્રયત્નો કરવાની ઇચ્છા પણ ન જોઈએ. ખબર પડે કે આ વાત કહેનાર બીજું કોઈ નહિ, પણ પરમાત્મા હતા; તો તરત જ તેને શિરસાવંદ્ય કરવા સિવાય બીજો વિચાર સ્વપ્નમાં પણ ન જોઈએ. જો આપણે આવી પરિણતિ કેળવી

શકીએ તો સમ્યગ્દર્શનની અનુભૂતિ કરવાનો લાભ મળે. મોક્ષ આપણો નિશ્ચિત થયા વિના ન રહે.

શ્રેણિકની વેદના-વ્યથા જોઈ પરમાત્માએ નરક નિવારવા માટે તેને ત્રણ ટુચકા જણાવતાં કહ્યું કે (૧) જો તું પુણીયા શ્રાવકનું સામાયિક લઈ આવે, (૨) જો તારી કપિલાદાસી સાધુ મહારાજને વહોરાવે કે (૩) કાલસૌરિક કસાઈ જો એક દિવસ માટે ૫૦૦ પાડાને ન મારે તો તારી નરક દૂર થાય.

સામાયિકના અદ્ભુત પ્રભાવની વાત પરમાત્માના આ વચનથી સમજાય છે. સામાયિકની ક્રિયા માત્ર ૪૮ મિનિટની હોવા છતાં ય તેનો લાભ અપરંપાર છે. નરકને નિવારવાની તેની તાકાત છે. આવું જાણ્યા પછી કયો સમજુ માણસ એક પણ સામાયિક કર્યા વિના દિવસ પસાર કરવાનો મૂરખ ધંધો કરે ?

ગુરુભગવંતોને ગોચરી - પાણી વહોરાવવાનો પણ કેટલો બધો વિશેષ લાભ હશે કે પરમાત્માએ નરક નિવારવાના ઉપાય તરીકે ગોચરી વહોરાવવાનું જણાવ્યું ! આ વાત જાણ્યા પછી સામે ચાલીને સમયસર ગોચરી વહોરવા પધારવાનું આમંત્રણ ગુરુભગવંતોને આપવાનું કોઈ સમજુ માણસ કદી ચૂકે નહિ.

પોતાની નરક નિવારવા થનગનતા મહારાજા શ્રેણિકને તો આ બધી વાતો શક્ય જણાઈ. અત્યંત આનંદિત થઈ, પ્રભુને વારંવાર વંદના કરી તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે ન કલ્પી શકાય તેવું દ્રશ્ય તેમની નજરે પડ્યું !

માર્ગની એક બાજુ પાણી ભરેલું તળાવ હતું. સુંદર મજાનાં કમળો ઊગેલાં હતાં. અનેક જાતની રંગબેરંગી માછલીઓ પણ એ તળાવની સપાટી પર ઊછળતી અને પાછી અંદર પેસતી અવારનવાર દેખાતી હતી. તે તળાવના કિનારે માછલાં પકડવાની જાળ લઈ એક મુનિ ઊભા હતા. તેમની પાસે પકાવેલું માંસ વગેરે પણ હતું.

કદી ન બને તેવું દ્રશ્ય જોઈ શ્રેણિક નવાઈ પામ્યા. તરત તે મુનિ પાસે જઈને કહે છે, “અરે ઓ મુનિવર ! આ શું કરો છો ? તમારા વેશને આ વર્તન છાજે છે ? આ દુષ્કર્મ દૂર કરીને પહોંચો ભગવાન પાસે. થઈ ગયેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાઓ. મહાપુણ્યે મળેલા આ સાધુજીવનને શા માટે વેડફી રહ્યા છો ?”

“અરે ! ભલા રાજા ! આમાં નવાઈ પામવાની કોઈ જરુર નથી. હું ક્યાં કાંઈ ખોટું કરું છું ?

અને સાંભળ ! માછલી પકડવાનું અને ખાવાનું આ કાર્ય હું એકલો જ નથી કરતો, પણ ભગવાનના લગભગ બધા જ સાધુઓ કરે છે. તેથી તું કેટલાને ના પાડીશ ? તેના કરતાં તું તારું રાજ્ય સંભાળ અને અમને સાધુઓને અમારું કામ કરવા

દે. અમારી અંગત વાતોમાં માથું મારવાની તારે જરુર નથી !"

આ સાંભળતાં આપણને શું વિચાર આવે ? "બધા સાધુ ખરેખર આવા તો નહિ હોય ને ? બહારનું જુદું ને અંદરનું જુદું, એવું દંભી જીવન સાધુઓ જીવતા હશે ? ઠીક હવે ! સાધુ સામે મળે તો હાથ જોડી દેવા ને ઘરે આવે તો વહોરાવી દેવું. બાકી સામેથી સાધુ પાસે જવું નહિ. આપણામાં ને સાધુઓમાં ક્યાં ઝાઝો ફરક દેખાય છે !"

જો આમાંનો કોઈ પણ વિચાર આપણને આવી જાય તો આપણા સમ્યગ્દર્શનમાં ખામી છે, એમ સમજી લેવું. શ્રેણિક મહારાજાનું સમ્યગ્દર્શન તો દેદીપ્યમાન હતું. તેમના રોમેરોમમાં સાધુભગવંતો પ્રત્યે ઊછળતો અહોભાવ હતો. તેનાથી પેલા સાધુનાં આવાં વચનો શી રીતે સહન થાય ?

કડકાઈભરી ભાષામાં તેઓ બોલ્યા, "સબૂર ! તમારા પાપને ઢાંકવા બીજાને પાપી કહેતાં શરમ નથી આવતી ? ભગવાનના તમામ શિષ્યો તો નિર્મળ ચારિત્રના સ્વામી છે. મહાપુણ્યશાળી છે. તમારો મહાપાપોદય છે કે આવું ઊંચું જીવન પામ્યા છતાં ભ્રષ્ટ થયા છો ! વળી પાછો પોતાનો બચાવ કરવા બીજા ઉપર આળ ચઢાવો છો ! ખબરદાર, જો ભગવાનના સાધુઓ માટે આવી કોઈ ખોટી વાત કરી છે તો ! તમને તમારા દુષ્કૃત્ય બદલ શરમ આવવી જોઈએ અને તેની પ્રભુ પાસે ક્ષમા માંગવી જોઈએ." આ પ્રમાણે ઠપકો આપી શ્રેણિક આગળ ચાલ્યા.

માર્ગ પર થોડુંક અંતર પસાર કરતાં સામે એક નવું દૃશ્ય જોવા મળ્યું. તેમને સમજાતું નથી કે આજે ઉપરાઉપરી નવાં નવાં આશ્ચર્યો કેમ જોવા મળે છે ?

સામે એક યુવાન સાધ્વીજી આવી રહ્યાં હતાં. તેમની આંખમાં અંજન હતું તો હાથપગમાં મહેંદી લગાડેલી હતી. મોઢામાં પાન હતું તો સેંથીમાં સિંદૂર હતું. સગર્ભા હતાં. વળી શરીર પર અનેક ઘરેણાં ધારણ કરેલાં હતાં. શ્રેણિકની કલ્પના બહારનું આ દ્રશ્ય હતું. ગર્ભનો સમય પણ પૂર્ણ થવાની તૈયારીમાં હતો.

આવું દ્રશ્ય કદાચ તમને જોવા મળે તો તમે શું કરો ? હો-હા કરો ? છાપામાં આપો ? તેમનો ઈન્ટરવ્યૂ લઈ, તેને મેગેઝીનમાં છપાવો ? ચોરે-ચૌટે ગરમાગરમ નિંદાબજાર ચાલુ કરો ? સમગ્ર સાધ્વીસંસ્થા ઉપર અસદ્ભાવ પેદા થઈ જાય ? લોકોમાં જિનશાસનની કે તેની સાધ્વીસંસ્થાની હીલના કરવામાં નિમિત્ત બની જવાય ? બહુ ગંભીરતાથી ઉપરના પ્રશ્નો ઉપર વિચારણા કરવી જરુરી છે.

વર્તમાનકાળમાં ક્યાંક બે-પાંચ કિસ્સા વિચિત્ર પ્રકારના સાંભળવાં કે વાંચવા મળતાં અકળાઈ કેમ જવાય છે ? સમગ્ર સાધુ-સાધ્વી સંસ્થા પ્રત્યે અહોભાવ ઓછો કેમ થાય છે ? કોઈ વ્યક્તિ ખરાબ નીકળે તેથી શું આખી સંસ્થાને ખરાબ માની લેવાની

ગંભીર ભૂલ કરવી ડાહ્યા માણસને શોભે ખરી ?

આજે લગભગ ૭,૦૦૦થી વધારે સાધુ-સાધ્વીજી વિચરી રહ્યાં છે. તેમાંથી તમે આજ સુધીમાં તેવા કિસ્સા કેટલા જાણ્યા, વાંચ્યા કે સાંભળ્યા ? શું એક ટકા જેટલા પણ કિસ્સા તમે જણાવી શકો ખરા ? જો ના, તો જેના ૯૯ ટકા કરતાં પણ વધારે સભ્યો આજે ય ઊંચામાં ઊંચું ચારિત્ર પાળી રહ્યાં છે, તે સાધુ-સાધ્વીજીની નિંદા-ટીકા કદી ય ન કરાય. સહેજ પણ અહોભાવ તેમના પ્રતિ ઘટી ન જાય તેની પળે પળે કાળજી રાખવી જોઈએ. વર્તમાનકાળે તરવા માટે જેમનો સત્સંગ આપણને અતિશય જરુરી છે, તે સાધુ-સાધ્વીજી પ્રત્યે જ જો આપણા હૈયામાં આદર નહિ ઊભરાય તો આપણને તારશે કોણ ?

માટે આજે આપણે સૌ કોઈએ નક્કી કરવું જોઈએ કે અમારા હૃદયમાં સાધુ સંસ્થા પ્રત્યે ઉત્તરોત્તર આદર-સત્કાર-સદ્ભાવ-અહોભાવ વધારતા જઈશું. કદાચ કોઈ કારણસર તે શક્ય નહિ બને તો ય તેમના પ્રત્યે અસદ્ભાવ તો નહિ જ કરીએ. કોઈનીય નિંદા કે ટીકા સ્વપ્નમાં પણ નહિ કરીએ, ના, ભાવિમાં ચારિત્ર જ ન મળે તેવા ઘોર અંતરાયકર્મ બાંધવાના આ ગોરખધંધા હવે તો સદા માટે બંધ જ કરી દઈશું."

જૈનશાસનની કે તેની સાધ્વીસંસ્થાની અવહેલના ન થાય એટલા માટે શ્રેણિકે જાતે એક ઘરમાં તે સાધ્વીજીને પ્રસૂતિ કરાવી.બીજા કોઈને કશી ય ગંધ ન આવે તેની પૂર્ણ કાળજી રાખી, કારણ કે તેઓ માનતા હતા કે શાસનહીલના જેવું ભયંકર પાપ કોઈ નથી. એકાદ આત્મા પણ શાસન પ્રત્યે ઘૃણાભાવ પેદા કરી દે તો તેના કેટલા બધા ભવો વધી જાય ! વળી તેનો તેવો ભાવ પેદા કરાવવામાં હું નિમિત્ત બનું તો મારું પણ શું થાય ?

ના.... એવું અકાર્ય મારાથી કદાપિ ન થઈ શકે. હું શાસનપ્રભાવના કરી શકું તો સારી વાત છે. મારા દ્વારા થતો તે મોટામાં મોટો ધર્મ ગણાશે. પણ જો હું શાસનપ્રભાવના ન કરી શકું તો કાંઈ નહિ, પરન્તુ મારા નિમિત્તે શાસનહીલના તો ન થવી જોઈએ. કોઈ જીવના હૈયે "છી....છી.... આવા ખરાબ સાધુ કે આવાં ખરાબ સાધ્વી !" એવો ભાવ તો પેદા ન જ થવો જોઈએ.

કેવી ઉત્તમ ભાવના વહી રહી છે મહારાજા શ્રેણિકના દિલમાં ! શાસનહીલના ન થઈ જાય તેની પૂર્ણ કાળજી લેવાપૂર્વક પ્રસૂતિનું કાર્ય પૂર્ણ કરીને સાધ્વીજીને ઠપકો આપતાં કહે છે, "અરે ઓ સાધ્વીજી ભગવંત ! આપે આ શું કર્યુ ? આપના જેવા ધર્મના જ્ઞાની અને સંયમજીવન પામેલાએ આવું અકાર્ય શાને કર્યું ?"

તક જોઈને તરત જ તે સાધ્વીએ શ્રેણિકને સંભળાવ્યું, "આમાં તમે નવાઈ શેની

પામો છો ? અમારાં સાધ્વીજીઓમાં તો હવે આ સામાન્ય થઈ પડ્યું છે ! શું તમે જાણતા નથી ? હું જ નહિ, લગભગ બધી સાધ્વીજીઓ આવી જ છે !"

અને આ શબ્દો સાંભળતાં જ શ્રેણિકના રોમેરોમ સળગી ઊઠ્યા ! સમગ્ર સાધ્વીસંસ્થા ઉપર થયેલો આ ખોટો બેહૂદો આક્ષેપ તેમનાથી સહન ન થઈ શક્યો. તેમણે રાડ પાડી, "ઓ પાપિણી ! તું શું બોલે છે તેનું તને ભાન છે ? આવું ભયંકર નિંદનીય અકાર્ય કરી પરમાત્માની પવિત્ર સાધ્વીજીઓ ઉપર આળ આપતાં તને શરમ નથી આવતી ? ધિક્કાર છે તને અને તારી દુર્બુદ્ધિને ! પરમાત્માનાં તમામ સાધ્વીજીઓ ખૂબ જ ઊંચું પવિત્ર અને સંયમી જીવન જીવે છે. તારા પાપને છાવરવા હવે પછી કદીય તેમને આવી ગાળો દેવાનું કુકાર્ય નહિ કરતી. હજુ સમય છે. જીવન સુધારવું હોય તો પહોંચી જા પરમાત્મા પાસે અને કરી લે તારાં પાપોની શુદ્ધિ ! નહિ તો ભયંકર પીડા દેનારી દુર્ગતિ તો તૈયાર છે જ !"

શ્રેણિકના પ્રત્યેક શબ્દોમાં સમ્યગ્દર્શન ઝગારા મારતું હતું. તેના સમ્યગ્દર્શનથી પ્રભાવિત થયેલાં દર્દુરાંક દેવે પોતાની માયા સંકેલી લીધી. ક્ષણવારમાં જ પેલા ગર્ભવતી સાધ્વીજી અદ્રશ્ય થઈ ગયાં. અને તે સ્થાને દેદીપ્યમાન, તેજસ્વી, રુપ-સૌંદર્યથી સોહામણો દેવ હાજર થઈ ગયો. તેણે કહ્યું, "મહારાજા શ્રેણિક ! તમને કોટિ કોટિ વંદન. તમને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા ! હું પોતે જ તે દર્દુરાંક દેવ છું, જે થોડી વાર પહેલા સમવસરણમાં આવ્યો હતો.

દેવસભામાં ઇન્દ્ર મહારાજાએ તમારા સમ્યગ્દર્શનની દૃઢતાની ખૂબ પ્રશંસા કરી હતી. મને તેમાં અતિશયોક્તિ જણાઈ. તેથી પરીક્ષા કરવા આ ધરતી ઉપર આવ્યો. તમે પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી છે. માછીમાર સાધુ કે ગર્ભવતી સાધ્વી તરીકેના વેશ પણ મેં જ ભજવેલા. હકીકતમાં તેવું નિંદનીય કાર્ય કરનારા ભગવાનનાં કોઈ સાધુ-સાધ્વી છે જ નહિ.પણ પરીક્ષા કરવા માટે મારે આ બધાં નાટક કરવાં પડ્યાં.

આવી કપરી પરીક્ષાના પ્રસંગોમાં પણ તમારા મનમાં ક્ષણ માટે ય લેશ માત્ર પણ ભગવાનનાં સાધુ-સાધ્વીજી પ્રત્યે દુર્ભાવ ન જાગ્યો. ક્યાંય શંકા ન પડી, તે તમારી મહાનતા છે. તમને જેટલી વંદના કરું તેટલી ઓછી છે. આપના જેવાનાં દર્શન કરીને હું પણ ધન્ય બની ગયો." વગેરે પ્રશંસા કરીને તે દર્દુરાંક દેવે શ્રેણિક મહારાજાને દિવ્ય વસ્ત્ર તથા હાર આપીને વિદાય લીધી.

પણ શ્રેણિકનું મન તો પોતાને થનારી નરક અને તેનાં દુઃખોના વિચારોમાં ગરકાવ હતું. તેમાંથી મુક્તિ મેળવવાની તીવ્ર ઝંખના હતી. પરમાત્માએ બતાવેલા ત્રણેય ટુચકાનો અમલ કરવા તેણે પ્રયત્ન કર્યો પણ ક્યાંય તેને સફળતા ન મળી.

હવે નરકમાં જવાનું નિશ્ચિત જણાતાં શ્રેણિકને ખૂબ જ આઘાત લાગ્યો. અત્યંત ખેદ પામેલા તેણે પરમાત્માને કહ્યું, "હે કરુણાનિધાન ! આપના જેવા વિશ્વના જીવ માત્ર પ્રત્યે અપાર કરુણા વહાવનારા નાથ મને મળવા છતાં નારે નરકમાં જવું પડશે એ મહાખેદની વાત છે." ત્યારે પરમાત્માએ તેને આશ્વાસન આપતાં કહ્યું કે, "હે શ્રેણિક ! ખેદ કરવાનો કોઈ અર્થ નથી કારણ કે ભવિતવ્યતા તેવી જ છે. બળવાન ભાવિને બદલવાની કોઈની તાકાત નથી. પાપની પ્રશંસા કરીને બાંધેલું નિકાચિત કર્મ ભોગવ્યા વિના ચાલવાનું નથી.

પણ તારા માટે એક અત્યંત આનંદની વાત એ છે કે, અત્યંત દઢ અને નિર્મળ સમ્યક્ત્વના પ્રભાવે તું નરકમાંથી નીકળ્યા બાદ મારા જેવો જ ભગવાન બનવાનો છે ! આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર પદ્મનાભસ્વામી બનવાનું સદ્ભાગ્ય તેં સમ્યગ્દર્શનના પ્રભાવે પ્રાપ્ત કર્યું છે. સમ્યગ્દર્શનના પ્રભાવે તેં જે આ મેળવ્યું છે, તેની સામે માત્ર ૮૪૦૦૦ વર્ષનાં પહેલી નરકનાં દુઃખો શું વિસાતમાં ? માટે ખેદ કર્યા વિના આવનાર બળવાન ભાવિને પ્રસન્નતાપૂર્વક સ્વીકારવા તૈયાર થા."

પોતે ભગવાન બનવાના છે, એવી વાત ભગવાન પાસેથી સાંભળતાં જ તેના સાડા ત્રણ કરોડ રુંવાડાં ખડાં થઈ ગયાં. શરીર રોમાંચિત થઈ ગયું. હૈયે હર્ષ ઊભરાયો. પ્રસન્નચિત્ત બનેલા તે મહારાજા શ્રેણિક પોતાના મહેલે પાછા ફર્યા.

એક પણ વ્રત-પચ્ચક્ખાણ ન કરી શકવા છતાંય મહારાજા શ્રેણિક સાક્ષાત્ ભગવાન બનવાની કક્ષા સુધી પહોંચ્યા, તેમાં પ્રભાવ આ સમ્યગ્દર્શનનો છે. આપણે પણ તેમનાં જેવું દઢ અને નિર્મળ સમ્યગ્દર્શન પામવાનું છે. ટકાવવાનું છે.

આ સમ્યગ્દર્શનના સ્વીકાર-પાલન-સંવર્ધન તથા સ્થિરીકરણ માટે જુદા જુદા સડસઠ (૬૭) બોલ શાસ્ત્રોમાં જણાવ્યા છે.

**દાનાદિક કિરિયા નવિ દીએ,**
**સમકિત વિણ શિવશર્મ;**
**તે માટે સમકિત વડું,**
**જાણો પ્રવચન મર્મ.**

**"દાન - શીલ - તપ વગેરે સર્વ ક્રિયાઓ સમકિત વિના મોક્ષસુખ આપતી નથી; માટે સમકિતમુખ્ય છે. તેવા પ્રવચનના રહસ્યને જાણો."**

**- ઉપા. યશોવિજયજી**

# (૪) સમકિતના સડસઠ બોલ :

સમકિતની પ્રાપ્તિ, પાલન, સંવર્ધન તથા સ્થિરીકરણ માટે ચાર પ્રકારની શ્રદ્ધા, ત્રણ લિંગ, દસ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવક, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ યતના, છ આગાર, છ ભાવના અને છ સ્થાન મળીને સમકિતના સડસઠ બોલ શાસ્ત્રોમાં બતાવ્યા છે.

પૂજ્યપાદ ન્યાયવિશારદ, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ સમકિતના આ સડસઠ બોલ ઉપર સુંદર સજ્ઝાયની ગુજરાતી ભાષામાં રચના કરી છે, જે ખૂબ જ મનન - ચિંતન કરવા જેવી છે.

★ **ચાર પ્રકારની શ્રદ્ધા : (૧) પરમાર્થ સંસ્તવ :** આ જગતમાં જો કોઈ પરમાર્થ હોય તો તે જીવ - અજીવ વગેરે તત્ત્વો છે. આ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તત્ત્વોનું વારંવાર ચિંતન-મનન કરવું, તે તે તત્ત્વોના અર્થોને વિચારીને મનમાં દૃઢ કરવા તે પરમાર્થ સંસ્તવ નામની પહેલી શ્રદ્ધા કહેવાય.

જિનશાસનના દરેક તત્ત્વો અદ્ભુત છે. વારંવાર તેની ઉપર ચિંતન - મનન કરીએ તો જ તેનાં રહસ્યોને સ્પર્શી શકાય. જેમ જેમ તેની ઉપર વિચારણા કરીશું તેમ તેમ નવો નવો રસ પેદા થવા લાગશે. ભૌતિક સાધનોનો ઉપભોગ કરવા છતાં ય જે આનંદ ન અનુભવાય તે આનંદની પ્રાપ્તિ આ પરમ તત્ત્વોના ચિંતનથી પેદા થાય છે. પણ જે લોકો સતત સિનેમાના ગીતો જ ગાયા કરતા હોય, ક્રિકેટની કોમેન્ટ્રી સાંભળવામાં કે મેચ જોવામાં જ સમય વેડફતા હોય, માત્ર રાજકારણની વાતોના વડા કરવામાં દિવસો પસાર કરતાં હોય તે લોકોને આવા અલૌકિક આનંદની ગંધ પણ શી રીતે આવે ?

વારંવાર તત્ત્વોનું ચિંતન કરવાથી પરમાત્મા અને પરમાત્માના વચનો પ્રત્યે શ્રદ્ધા પેદા થાય છે. પેદા થયેલી શ્રદ્ધા વધુ મજબૂત થાય છે. સમ્યગ્દર્શન નિર્મળ બને છે. આ શ્રદ્ધાના બળે અભયકુમારે આત્મકલ્યાણ સાધ્યું હતું.

**(૨) ગીતાર્થ સેવા :** સમ્યગ્ દર્શનને નિર્મળ બનાવવા જેમ પરમાર્થ સંસ્તવ જરુરી છે, તેમ આ પરમાર્થના જ્ઞાતા ગુરુભગવંતની સેવા પણ જરુરી છે.

સંયમી અને ગીતાર્થ મુનિઓની ત્રણ પ્રકારે સેવા કરવી જોઈએ. જેઓ સંયમ પાળે તે સંયમી કહેવાય. સંયમ એટલે સર્વવિરતિ (સાધુ) ધર્મ રુપ સત્તર પ્રકારનું ચારિત્ર.

હિંસા, જૂઠ, ચોરી, મૈથૂન અને પરિગ્રહ. આ પાંચ મોટા આશ્રવો છે, એટલે કે

આત્મામાં પાપોને પ્રવેશ કરાવનાર મોટા દરવાજાઓ છે. આ પાંચે આશ્રવ દ્વારોને બંધ કરવા પાંચ મહાવ્રતો રુપ પાંચ પ્રકારનો સંયમ. સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય - આ પાંચ ઈન્દ્રિયોના વિષયો - સ્પર્શ - રસ - ગંધ - રૂપ અને શબ્દ સારાં મળે તો રાગ નહિ, ખરાબ મળે તો દ્વેષ નહિ; તેવી અવસ્થા પેદા કરવી તે બીજા પાંચ પ્રકારનો સંયમ. ક્રોધ, માન, માયા અને લોભ - એ ચાર કષાયો ઉપર વિજય મેળવવો અને મન - વચન - કાયાની અશુભ પ્રવૃત્તિઓ ત્યાગવી તે સાત સંયમ મળીને કુલ સત્તર પ્રકારનો સંયમ જે મુનિભગવંતો પાળતા હોય તે સંયમી મહાત્મા કહેવાય.

શાસ્ત્રો અને તેના અર્થોને જેઓ સારી રીતે જાણતા હોય તે ગીતાર્થ કહેવાય. પૂર્વે કહ્યા તેવા સંયમી અને ગીતાર્થ જે ગુરુભગવંતો હોય તેમની મન-વચન-કાયા વડે સેવા કરવી તે ગીતાર્થ અને સંયમીની સેવા કહેવાય.

આ ગીતાર્થ-સંયમી ગુરુભગવંતોનો વિનય કરવો. ભક્તિ કરવી. હૃદયમાં ભારોભાર બહુમાન કરવું; તે સમકિતને નિર્મળ કરનારી બીજા પ્રકારની શ્રદ્ધા કહેવાય. આ શ્રદ્ધા તત્ત્વજ્ઞાનની પુષ્ટિ અને સમકિતની શુદ્ધિ કરનારી છે.

પરમ ગીતાર્થ અને મહાસંયમી અગ્નિકાપુત્ર આચાર્યની ત્રિવિધ સેવા કરવા દ્વારા પુષ્પચૂલા સાધ્વીજીએ માત્ર સમકિતને જ નિર્મળ કર્યું એમ નહિ પણ કેવળજ્ઞાન અને મોક્ષ પણ પ્રાપ્ત કરી લીધા. માટે આત્મકલ્યાણના અર્થીએ આવા જ્ઞાની - સંયમી ગુરુ ભગવંતોની સેવા કરવામાં કદી ય કચાશ રાખવી ન જોઈએ.

પરમાત્માના મંદિરમાં દર્શન અને પૂજન કર્યા પછી તરત જ ઉપાશ્રયાદિમાં બિરાજમાન ગુરુભગવંત પાસે પહોંચવું જોઈએ. ઉચિત વિનયાદિ કરી, તેમનો સત્સંગ કરવો જોઈએ. રાત્રે પણ અનુકૂળતા મુજબ તેવા જ્ઞાની - સંયમી ભગવંતોની સેવા કરવાપૂર્વક તેમની પાસેથી નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઈએ. પણ પરમાત્માની ભક્તિ ઉત્કૃષ્ટ પ્રકારે કરવા છતાં ય જો સાથે સાથે ગુરુતત્ત્વની ઉપેક્ષા કરતાં હોઈએ તો સમકિત નિર્મળ તો ન થાય, પણ તેમાં અતિચારો લાગવાની પૂર્ણ સંભાવના છે.

શાસ્ત્રોમાં તો જણાવેલ છે કે-

**યસ્ય દેવે પરા ભક્તિઃ, યથા દેવે તથા ગુરૌ ।**

**તસ્યૈતે સકલાર્થાઃ, પ્રકાશન્તે મહાત્મનઃ ॥**

જે વ્યક્તિની પરમાત્મામાં સર્વોત્કૃષ્ટ ભક્તિ છે, જેવી ભક્તિ પરમાત્માની તે કરે છે, તેવી જ ઉત્કૃષ્ટ ભક્તિ જે ગુરુની કરે છે, તે મહાત્માને સર્વ પદાર્થો સ્વાભાવિક રીતે જ સ્ફુરાયમાન થાય છે.

આ શ્લોકમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે 'યથા દેવે તથા ગુરૌ' એટલે કે જેવી

ભક્તિ ભગવાનના વિષયમાં જોઈએ, તેવી જ ભક્તિ ગુરુના વિષયમાં પણ જોઈએ પણ તેનાથી જરા ય ઓછી ન ચાલે.

આ રીતે જેઓ જ્ઞાની-સંયમી ગુરુ ભગવંતની સેવા કરે છે, તેમને વગર ભણે, વગર મહેનત કરે, ગુરુની કૃપાથી સર્વ પદાર્થોનું જ્ઞાન થાય છે. વગર ભણે તે જ્ઞાની બને છે. બધાં શાસ્ત્રો અને તેના સાચા રહસ્યોનો તેને વાસ્તવિક બોધ થાય છે.

**(૩) નિહ્નવસંગ ત્યાગ :** સમ્યગ્દર્શનને ટકાવવા માટે નિહ્નવોના સંગનો ત્યાગ કરવો જરુરી છે. જિનેશ્વર પરમાત્માના એકાદ વચનને પણ જે છૂપાવે, એકાદ વચનનો પણ જે વિરોધ કરે તે નિહ્નવ કહેવાય. આવા નિહ્નવોનો ત્યાગ કરવો જરુરી છે.

આ નિહ્નવો ભગવાનનાં બધાં વચનો યથાવસ્થિત રીતે માનતાં હોય છે. તેમને ભગવાનના બધા વચનોમાં પૂર્ણ પણે શ્રદ્ધા હોય છે. પરંતુ ભગવાનની એક-બે વાતને તેઓ તે રીતે સ્વીકારવા તૈયાર થતાં નથી. તેમાં તેમનો કદાગ્રહ કારણ હોય છે.

પોતાની કલ્પનાથી મનમાં નક્કી થયેલી માન્યતા જો ભગવાનના વચનથી વિરુદ્ધ હોય તો તેઓ પોતાની માન્યતાની ખોટી પક્કડના કારણે ભગવાનના વચનને પણ ખોટું કહેતાં વાર લગાડતાં નથી. આવું કરવાથી તેમનું સમ્યગ્દર્શન ચાલ્યું જાય છે. આવા સમકિતથી ભ્રષ્ટ થયેલાં નિહ્નવોની સોબત કરીએ તો આપણી શ્રદ્ધા પણ ડગમગી જવાની શક્યતા છે. આપણું સમકિત પણ ભ્રષ્ટ થવા લાગે. માટે સમકિતને નિર્મળ કરવાની - ટકાવવાની ઈચ્છાવાળાએ આવા નિહ્નવોનો સંગ કદી પણ ન કરાય.

પરમાત્માના બધાં વચનો ઉપર શ્રદ્ધા હોવા છતાં ય આપણી પાસેથી સમકિતને આંચકી લેનાર જો કોઈ હોય તો તે કદાગ્રહ છે, તે કદી ન ભૂલવું. માટે કોઈ દિવસ કોઈ પણ વાતનો કદાગ્રહ ન રાખવો. બીજાની વાતને એકદમ એકાંતે ખોટી કહેવાની ઉતાવળ કદી ન કરવી. પોતાની વાતનો પણ એકાંતે આગ્રહ ન રાખવો. આ એકાંત પોતે જ ઘણી વાર કદાગ્રહનું સ્વરૂપ પામી જતો હોય છે. માટે આત્મકલ્યાણના અર્થીએ કદાગ્રહને દેશવટો આપીને, અનેકાંતવાદનો આશ્રય લઈને પોતાના આત્મકલ્યાણને સાધવા તત્પર બનવું જોઈએ.

પરમાત્મા મહાવીર દેવના જમાઈ જમાલીએ પરમાત્મા પાસે જ દીક્ષા લીધી. અગિયાર અંગના જ્ઞાતા બન્યા. પણ એક વાર મિથ્યાત્વનો ઉદય થતાં તેઓ કદાગ્રહી બન્યા. "કરાતું હોય તે કરાયું પણ કહેવાય." તેવા પરમાત્માના વચન ઉપર તેમને અશ્રદ્ધા થઈ. પરમાત્મા મહાવીર દેવના શાસનમાં પ્રથમ નિહ્નવ તેઓ થયા. અનેકોને મિથ્યાત્વ પમાડતાં તેમને પોતાનું જીવન નિહ્નવ તરીકે પૂર્ણ કર્યું.

આવા નિહ્નવોનો સહવાસ આપણા સમકિતને મલિન કરનારો હોવાથી

ત્યાગવો જોઈએ.

**(૪) પાખંડી વર્જન :** જેઓ જિનેશ્વર ભગવંતના મતને માનતા નથી. અને સ્વચ્છંદતા પ્રમાણે ગમે તેવા મતો પ્રવર્તાવે છે, તેવા પાખંડીઓનો સંગ પણ કરવો ઉચિત નથી.

કેટલાકો મધ, માખણ, માંસ, મદિરામાં પાપ નથી, તેવું માને છે, અને તેવો ઉપદેશ આપે છે.

કેટલાક નાસ્તિકો ખાઓ-પીઓ ને મજા કરો. આલોક મીઠા તો પરલોક કોણે દીઠા ? બસ, મળેલા માનવજીવનને તપસ્યા વગેરે દ્વારા ખતમ કરવાના બદલે ખાઈ-પી ભોગવીને માણી લેવા જેવું છે, તેવા નાસ્તિક મતનો પ્રચાર કરે છે.

કેટલાક બૌદ્ધ વગેરે મોક્ષ જેવા તત્ત્વને માનતા જ નથી. આત્માનો નાશ થઈ જાય છે, તેવી ખોટી પ્રરુપણા કરે છે.

આત્માને કેટલાક એકાંતે નિત્ય તો કેટલાક એકાંતે અનિત્ય માને છે. આવા વિપરીત માન્યતાઓ ધરાવનારા અન્ય અન્ય મતનો ઉપદેશ દેનારા જે પાખંડીઓ છે તેમનો સંગ પણ કરવો જોઈએ નહિ.

આ પાખંડી વર્જન નામની ચોથી શ્રદ્ધા થઈ.

**સમકિતના ત્રણ લિંગો :** જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય, તેના જીવનમાં ત્રણ ચિહ્નો અવશ્ય આવ્યા વિના ન રહે. તે ત્રણ ચિહ્નો દ્વારા અન્ય વ્યક્તિને પણ સામે રહેલી વ્યક્તિના સમકિતની જાણ થાય.

જેમ આકાશમાં ધૂમાડાના ગોટેગોટાં દેખાય તો ત્યાં અગ્નિ છે, એવું અનુમાન કરી શકાય છે. ધૂમાડો હોય અને અગ્નિ ન હોય તે તો બને જ શી રીતે ? અહીં ધૂમાડો એ અગ્નિને જણાવનારું લિંગ છે.

તે જ રીતે સમકિતને જણાવનારા પણ ત્રણ લિંગો = ચિહ્નો છે. (૧) સુશ્રુષા (૨) ધર્મરાગ અને(૩) દેવ-ગુરુ સેવા.

**(૧) સુશ્રુષા :** પરમાત્માની વાણીને સાંભળવાની તીવ્રતમ ઈચ્છા. સમકિતી તેને કહેવાય કે જે જિનવાણી સાંભળવા તલપતો હોય. જ્યાં જ્યાં જિનવાણી સાંભળવાનો અવસર મળે ત્યાં ત્યાં તે દોડીને પહોંચતો હોય.

દેવલોકનાં ગાંધર્વોના સુમધૂર સંગીત સાંભળવા કરતાં ય જિનવાણી સાંભળવામાં તેને વિશેષ આનંદ આવતો હોય.

પોતાની દિનચર્યા તે એવી રીતે ગોઠવતો હોય કે જેથી જિનવાણીનું શ્રવણ તેનાથી ચૂકી ન જવાય. પ્રભુની પૂજા પણ તે એવી રીતે કરે કે જેથી જિનેશ્વર ભગવાનની વાણી

બરોબર સાંભળી શકાય.

જીવનવિકાસના ત્રણ પગથીયા છે. (૧) સાંભળો (૨) સમજો અને (૩) પામો (જીવનમાં ઉતારો). આ ત્રણ પગથીયાને સર કરવા સૌ પ્રથમ સાંભળવાની ઈચ્છા હોવી અત્યંત જરુરી છે. જે સાંભળવાની ઈચ્છા કરે છે, તે જ ઉપયોગપૂર્વક સાંભળી શકે છે. સાંભળવા દ્વારા સારા-નરસાંનો વિવેક કરે છે. વૈરાગ્ય-ત્યાગ-સંયમ પામીને છેવટે મોક્ષમાં પહોંચી શકે છે.

પેલા સુદર્શન શેઠને સાંભળવાની કેવી તીવ્ર ઝંખના હતી ! અર્જુનમાળી નામનો હત્યારો રોજ છ-છ જણાની હત્યા કરતો હોવાના કારણે લોકો ભયભીત થયેલા. રસ્તો ઉજ્જડ બની ગયેલો. પરમાત્મા મહાવીરનું સમવસરણ મંડાયું. પણ અર્જુનમાળીથી ગભરાયેલા લોકો પરમાત્માને સાંભળવા પણ શે જાય ? જો જાય તો પેલો અર્જુનમાળી રસ્તામાં જ તેમનો ખુરદો બોલાવી દે !

છતાં ય જ્યારે સુદર્શન શેઠને પ્રભુવીરના આગમનના સમાચાર મળ્યા ત્યારે પ્રભુની વાણી સાંભળવા તેઓ થનગનવા લાગ્યા. મોતની ય પરવા કર્યા વિના પ્રભુની દેશના સાંભળવા તેઓ આગળ વધ્યા.

સામેથી ધમધમ કરતો અર્જુનમાળી આવ્યો. સુદર્શન શેઠ ચાર શરણ સ્વીકારીને કાઉસ્સગ્ગમાં લીન થયા. ધર્મના પ્રભાવે અર્જુનમાળીના શરીરમાં પ્રવેશેલો દેવ ભાગી ગયો. અર્જુન નીચે ઢળી પડ્યો. ભાનમાં આવતાં શેઠની સાથે તે ય પ્રભુવીરની દેશના સાંભળવા ગયો. પ્રતિબોધ પામી દીક્ષા લીધી. ઘોર તપ તપી, છ મહિનામાં મોક્ષે ગયા.

સુદર્શન શેઠની, મોત સ્વીકારવાની તૈયારી હતી પણ દેશનાશ્રવણ છોડવાની તૈયારી નહોતી. આવી જિનવાણીશ્રવણની ઈચ્છા સમકિતીને હોય.

**(૨) ધર્મરાગ :** ધર્મ એટલે ચારિત્રધર્મ - સર્વવિરતિ ધર્મ - સાધુ ધર્મ.

સમક્તિી તે કહેવાય, જેના રોમેરોમમાં સાધુ બનવાની તાલાવેલી હોય. સાધુપણું મેળવવા જે રડતો-ઝુરતો હોય. નથી મળી શકતું તેનો ભયંકર ત્રાસ જેને હોય. ક્યારે મળશે ? ક્યારે મળશે ? તેની સતત જેને ચિંતા હોય. "સસનેહિ પ્યારા રે, સંયમ કબ હિ મિલે ?" એ એના અંતરનો પુકાર હોય. "માનવજીવનનો એક જ સાર, સંયમ વિના નહિ ઉદ્ધાર" એ જેનો રણકાર હોય !

દેવલોકમાં રહેલા સમકિતી દેવો ઝુરી રહ્યા છે. તેમની ઝંખના છે ચારિત્ર લેવાની પણ અફસોસ ! દેવનું ખોળીયું તેમને એવું મળેલ છે કે, સર્વવિરતિધર્મ તે ખોળીયે લઈ જ ન શકાય. તેથી તેઓ પોસ પોસ આંસુ સારી રહ્યા છે. સર્વવિરતિજીવન પ્રાપ્ત કરવા તલસી રહ્યા છે. તેમને ચારિત્રધર્મનો આટલો બધો ઉત્કટરાગ છે, કારણ કે તેઓ સમક્તિી છે.

(૩) **દેવ - ગુરુસેવા :** સમકિતીના રોમરોમમાં દેવ અને ગુરુ પ્રત્યે બહુમાનભાવ ઉછળતો હોય. તેથી તે અવસર આવે દેવ-ગુરુની સેવા કર્યા વિના રહી જ ન શકે. પરમાત્માની પૂજા કર્યા વિના તેને ચેન ન પડે. તે રોજ ત્રિકાળ પ્રભુપૂજન કરે. ઊંચામાં ઊંચી સામગ્રી પરમાત્માના ચરણે ધરે. પ્રભુ પાસે પોતાના દોષોની નાબૂદી માટે કાકલૂદી કરે. જે દિવસે કારણવશાત્ કદાચ પૂજા કરવાની રહી જાય તે દિવસ તેને વાંઝિયો લાગે. આખો દિવસ તેને ચેન ન પડે. જમતી વખતે ડચૂરા વળે. રાત્રે સરખી ઊંઘ પણ તેને ન આવે.

જેમ પરમાત્મા પ્રત્યે ભક્તિ ઉભરાય તેમ પંચ મહાવ્રતધારી ગુરુ ભગવંતો પ્રત્યે પણ તેના રોમરોમમાં ભક્તિ ઉછળતી હોય. તેમની વૈયાવચ્ચ કરવાનો અવસર તે કદી ય ન છોડે. વૈયાવચ્ચી નંદીષેણની જેમ તે વૈયાવચ્ચમાં ઉત્સુક હોય.

દેરાસરે દર્શન, પૂજન કર્યા પછી તરત ગુરુ-ભગવંતને વંદન કર્યા વિના તેને ચેન ન પડે. માત્ર તે ગુરુભગવંતની શાતા જ ન પૂછે, તેમની તકલીફ જાણીને તે તકલીફ દૂર કરવા યથાશક્તિ તમામ પ્રયત્નો પણ કરે. કારણ કે તેનામાં રહેલું સમ્યગ્દર્શન તેને સાધુ બનવા માટે પ્રેરતું હોય, પણ તે કર્મોદયે સાધુ બની શકતો ન હોવાના કારણે, જેઓ સાધુ બન્યા છે, તેમના ચરણોમાં વારંવાર ઝૂક્યા વિના અને તેમની તકલીફોને દૂર કર્યા વિના શી રીતે રહી શકે ?

**દસ પ્રકારનો વિનય :** સમકિતી આત્મા દસ પદોનો સતત વિનય કરતો હોય (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) સાધુ (૪) ચારિત્ર ધર્મ (૫) ચૈત્ય (જિનાલય) (૬) શ્રુતજ્ઞાન (૭) જિન પ્રવચન (સંઘ) (૮) આચાર્ય (૯) ઉપાધ્યાય અને (૧૦) સમ્યક્ત્વ, આ દસે પદ પ્રત્યે તેના હૃદયમાં ભક્તિભાવ ઉભરાતો હોય. વારંવાર તેનું તે પૂજન કરતો હોય. અવારનવાર તેના મુખમાંથી આ દસ પદ સંબંધિત પ્રશંસાના ઉદ્ગારો નીકળી જતાં હોય. તથા સ્વપ્નમાં ય આ દસમાંના એક પણ પદની નિંદા-આશાતના કરવા તે ધરાર તૈયાર ન હોય.

**ત્રણ શુદ્ધિ :** સમકિતધારી આત્માએ કદી પણ પોતાની મન-વચન અને કાયાની શુદ્ધિને ખરડવા દેવાય નહિ.

સમકિતીની મનમાં એક વાત નિશ્ચિત રીતે બેસી ગઈ હોય કે મારા જિનેશ્વરદેવ અને તેમણે કહેલી વાતો જ સત્ય છે. તે સિવાયની તમામ વાતો મને સ્વપ્નમાં ય માન્ય નથી.

મને યાદ આવે છે પેલી સુલસા ! જેના હૃદયમાં તારણહાર પ્રભુ મહાવીર સિવાય અન્ય કોઈ દેવ વસી શક્યા નહોતા. અરે ! પ્રભુ મહાવીરની વાત સિવાયની કોઈ વાત સ્વીકારવા ય તે તૈયાર નહોતી.

અંબડ પરિવ્રાજક પરીક્ષા કરવા આવ્યો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં રુપો તેણે ક્રમશઃ લીધાં ! પણ આ સુલસા તેમાં જરા ય ન લોભાઈ. તેના સમકિતને ચલિત કરવા તે અબંડ માયાજાળ દ્વારા સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ તીર્થંકરનું રુપ લઈ હાજર થયો.

પણ આ તો હતી ચુસ્ત સમકિતી સુલસા ! પરમાત્માનાં વચનોની અવિહડ રાગી; ક્યાં ય જેને શંકા નહિ. ૨૫મો તીર્થંકર હોય જ નહિ, તેવા પ્રભુવચનમાં પરિપૂર્ણ શ્રદ્ધાવાળી તે સુલસા તીર્થંકરના દર્શને પણ ન ગઈ. તેના મનમાં શંકા ય પેદા ન થઈ. મનથી પણ પરમાત્માની વાણીથી અન્ય વાત સ્વીકારવાની તેની તૈયારી નહોતી. તેથી તેની મન-વચન કે કાયાની શુદ્ધિ તે ક્ષણે જરા ય ન ખરડાઈ.

મનમાં પ્રભુ કે પ્રભુના વચનથી વિરુદ્ધ ન વિચારવું કે શંકા પણ ન કરવી તે મનશુદ્ધિ છે, તેમ પરમાત્મા કે પરમાત્માના વચન વિરુદ્ધ કાંઈપણ ન બોલવું તે વચનશુદ્ધિ છે.

મારું જે કાર્ય ભગવાનની ભક્તિથી ન થાય તે કાર્ય બીજાથી તો ન જ થાય. મારું કાર્ય જો થવાનું હશે તો ભગવાનની ભક્તિના પ્રભાવે અવશ્ય થશે જ. એ પ્રમાણે બોલાતા શબ્દો એ વચનશુદ્ધિ છે.

સમકિતી આત્મા ભગવાનને છોડીને આમ-તેમ ગમે તે દેવ - દેવી પાસે થોડો ભટકે ? તે તો એમ જ માને, એમ જ બોલે કે મારા ભગવાનની ભક્તિથી ન થાય તે કાર્ય બીજાથી તો શી રીતે થાય ? માટે ભજીશ તો મારા ભગવાનને જ; શરણું સ્વીકારીશ તો મારા નાથનું જ.

ભગવાન સિવાય બીજા કોઈ રાગી-દ્વેષી દેવ-દેવીને નમસ્કાર ન કરવા તે કાયશુદ્ધિ છે. મારું મસ્તક ઝુકશે તો તે ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માને જ, પણ તે સિવાયના અન્ય દેવ-દેવીઓના ચરણોમાં તો નહિ જ; તેવી ખુમારી સમકિતીની કાયશુદ્ધિને જણાવે છે.

**પાંચ દૂષણ ત્યાગ :** આપણા સમ્યગ્દર્શનને મલિન કરવાનું કાર્ય નીચેનાં પાંચ દૂષણો કરે છે. આ પાંચે દૂષણો સમકિતવ્રતના અતિચારો છે. માટે સમકિત વ્રત ગુરુની સાખે લેવાની ઈચ્છાવાળાએ પોતાના જીવનમાં આ પાંચમાંનું એક પણ દૂષણ પ્રવેશી ન જાય તેની કાળજી લેવી જોઈએ.

**(૧) શંકા :** જિનેશ્વર ભગવંતે જે કાંઈ કહ્યું છે, તેમાં ક્યારે ય કોઈ શંકા ન કરવી. કદાચ આપણી બુદ્ધિ-શક્તિ ઓછી હોવાથી કે શાસ્ત્રોનો અભ્યાસ ન હોવાના કારણે ભગવાનની કોઈ વાત ન સમજાય તે બને. પણ તેટલા માત્રથી સો ટચના સોના

જેવાં જિનવચનો પ્રત્યે શંકા તો ન જ કરાય.

પોતાના ગજવામાં રૂપિયા ન હોય તેથી કોઈ દુકાનદારને એમ ન કહેવાય કે, તારી દુકાનમાં કોઈ માલ જ નથી !

વિજ્ઞાનની નવી નવી શોધો તો પરમાત્માનાં વચનોને વધુ ને વધુ સાચાં તરીકે પુરવાર કરી રહી છે, કારણ કે પરમાત્માએ પ્રયોગ નહિ પણ યોગની સાધના કરીને કેવળજ્ઞાનના પ્રકાશ દ્વારા તમામ વાતો કરી છે, જેને ખોટી સાબિત કરવાની તાકાત કોઈની ય નથી.

છતાં ય જો તે વાતોમાં શંકા કરીએ તો આપણું સમકિત દૂષિત થયા વિના ન રહે.

(૨) **કાંક્ષા :** અન્યધર્મની ઈચ્છા.

વૈજ્ઞાનિક, પ્રયોગાત્મક, વ્યવહારુ ધર્મ જો કોઈ હોય તો તે આપણને મળેલો પરમાત્માનો ધર્મ છે. તે ધર્મને બરોબર સમજ્યા ન હોવાથી, અન્ય કોઈ ધર્મની બાહ્ય ઝાકઝમાળ જોવાથી કે આકર્ષક વાતો સાંભળવાથી તેના તરફ ખેંચાવું, તેને સારો માનવો, તે સ્વીકારવાની ઈચ્છા પણ કરવી, તે સમકિતને દૂષિત કરે છે. તે બીજા નંબરનું દૂષણ છે.

(૩) **વિતિગિચ્છા :** મેં કરેલા ધર્મનું ફળ મને મળશે કે નહિ મળે ? તેવી શંકા કદી ન કરવી. ધર્મ કદી નિષ્ફળ જતો નથી. ધર્મનું ફળ અવશ્ય મળે જ છે. પણ ધર્મના ફળનો સંશય કરવાથી આપણી વીતરાગ પરમાત્મામાં સાચી શ્રદ્ધા જામી નથી, તે નક્કી થાય છે. આપણું સમકિત આવા સંશયો કરવાથી દૂષિત થાય છે.

(૪) **મિથ્યાત્વીની પ્રશંસા ન કરવી :** મિથ્યાત્વીની પ્રશંસા કરવાથી તેમના ઉન્માર્ગને પુષ્ટિ મળે છે, તેથી સમકિત દૂષિત બને છે.

(૫) **મિથ્યાત્વી જીવોનો પરિચય ન કરવો :** તેમનો પરિચય કરવાથી આપણામાં પણ તેમના વિચારોની અસર થવાની શક્યતા છે. તેનાથી સમક્તિ દૂષિત થયા વિના પ્રાયઃ રહેતું નથી.

સમકિતવ્રત લેનારે આ પાંચ દૂષણોરૂપી અતિચારોનો ત્યાગ કરવા પ્રયત્નશીલ રહેવું જરુરી છે.

**આઠ પ્રભાવકો :** પ્રાવચની, ધર્મકથી, વાદી, નૈમિતક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ, આ આઠ પ્રકારના પ્રભાવકો પોતાની શક્તિ દ્વારા અન્ય અનેક આત્માઓના હૃદયમાં જિનધર્મ પ્રત્યે અપરંપાર બહુમાન પેદા કરે છે. બીજાને સમકિત પ્રાપ્ત કરાવવાની સાથે પોતાના સમકિતને નિર્મળ બનાવે છે. તેથી જેનામાં આવી શક્તિ હોય તેમણે તે તે રીતે પ્રભાવના કરી સમકિતને દેદીપ્યમાન કરવું જોઈએ.

**પાંચ ભૂષણ :** સમકિત જેના દ્વારા શોભાને પામે, તે ભૂષણ કહેવાય. તે ભૂષણો

પાંચ પ્રકારનાં છે.

**(૧) સ્થિરતા :** જીવનમાં અવારનવાર એવા પ્રસંગો આકાર લેતા હોય છે કે જેનાથી ભલભલાની શ્રદ્ધા ડગમગવા લાગે. પોતે સ્વીકારેલા જિનશાસનના પદાર્થો પ્રત્યે ક્યારેક પોતાને જ શંકા પેદા થવા લાગે છે, જેનાથી પોતાનું સમકિત દૂષિત થાય છે; જે યોગ્ય નથી.

જેઓ પ્રલોભનો કે વિપત્તિઓથી ઘેરાયેલી પરિસ્થિતિમાં ય ચલાયમાન થંતા નથી, પોતાની તે શ્રદ્ધાને અડિખમ જાળવી રાખે છે, તેઓની ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં રહેલી સ્થિરતા તેમના સમકિતનું આભૂષણ બને છે.

આપણે પણ આપણા સમકિતને વિશિષ્ટ બનાવવા સત્ત્વશાળી બનવું જોઈએ. માનસિક સ્થિરતા કેળવવી જોઈએ. ગમે તે પરિસ્થિતિમાં ય પરમાત્મા કે પરમાત્માના વચન પ્રત્યેની શ્રદ્ધા ડગવા દેવી ન જોઈએ.

પેલી સુલસા ! જેના દઢ સમક્તિની પ્રશંસા દેવલોકમાં ઈન્દ્રે કરી. હરિણૈગમેષી દેવ તેની પરીક્ષા કરવા સાધુનું રુપ લઈને વહોરવા આવ્યા. માંદા સાધુ માટે સહસ્રપાક તેલની યાચના કરી.

પોતાની જાતને ધન્ય માનતી સુલસા જયાં સહસ્રપાક તેલનો બાટલો આપે છે, ત્યાં જ તે ફૂટી ગયો !

જરા ય અકળાયા વિના બીજો બાટલો લાવી. પણ ઠેસ વાગતાં તે ય ફૂટી ગયો. સાધુને વહોરાવવાના ભાવ ઊછળતા હતા. ત્રીજો-ચોથો-પાંચમો-છઠ્ઠો-સાતમો બાટલો લાવી. બધા ફૂટી ગયા. હવે એકે ય બાટલો ઘરમાં બાકી રહ્યો નથી. અત્યંત મૂલ્યવાન સાત સાત બાટલાઓ ફૂટી ગયા. બધું તેલ ઢોળાઈ ગયું છતાં ય તે સુલસાને પોતાને થયેલા નુકસાનનો જરા ય ખેદ નથી ! પણ પોતે સાધુભગવંતને જરુરી ચીજ આપી શકી નહિ, તેનો ત્રાસ થયો.

સાધુ ભગવંત પ્રત્યેની ભક્તિના ભાવમાં જરા ય ઓટ ન આવી. તેની શ્રદ્ધા જરા ય ન ડગમગી. જ્ઞાનથી તેના હૃદયમાં રહેલા શ્રદ્ધાની સ્થિરતાના ભાવો જોઈ દેવ પ્રસન્ન થયો.

સુલસાના જેવી ધર્મમાં સ્થિરતા આપણે પણ કેળવવી જોઇએ.

**(૨) પ્રભાવના :** મહાપુણ્યે પ્રાપ્ત થયેલા જિનશાસનની વધુમાં વધુ પ્રભાવના થાય તે રીતે પ્રસંગોની ઉજવણી કરવી.

છ 'રી પાલિત સંઘ, મહોત્સવ, ઉપધાન, ઉજમણા કે અન્ય પ્રસંગો પણ તે રીતે ઉજવવા કે જેને જોઈને અનેક અજૈન આત્માઓના મુખમાંથી જિનશાસનની પ્રશંસાના

શબ્દો સરી પડે. ભાવિમાં જૈનકુળમાં જન્મ મળે તેવી યોગ્યતા તે પામી જાય. આવી પ્રભાવના કરવાથી સમકિત વધુ નિર્મળ બને છે.

(૩) **ક્રિયા-કૌશલ્ય :** સંસારની જુદી જુદી ક્રિયાઓમાં તો કુશળતા અનાદિકાળના કુસંસ્કારોથી સહજ રીતે પેદા થાય છે; પણ તેના બદલે ધર્મની જુદી જુદી ક્રિયાઓમાં કુશળતા એવી પ્રાપ્ત કરવી જોઈએ કે આપણને ધર્મની ક્રિયા કરતાં જોનારને તે ક્રિયા કરવાનું મન થયા વિના ન રહે. તેને પણ જિનશાસનની ક્રિયાઓ તથા ક્રિયા કરનારાઓ પ્રત્યે સદ્ભાવ જાગે.

આપણી ક્રિયાઓ વેઠ ઉતારવા જેવી કે કંટાળાજનક ન બનવી જોઈએ કે જે જોનારના ક્રિયા કરવાના ભાવ ખતમ થઈ જાય.

(૪) **અતરંગ જિનભક્તિ :** સમકિતી આત્માએ પોતાના રોમરોમમાં જિનેશ્વર ભગવંતો પ્રત્યે ઊછળતું બહુમાન ધારણ કરવું જોઈએ. ૨૪ ય કલાક તેના મનમાં માત્ર પરમાત્મા જ વસતા હોય. તેના પ્રત્યેક કાર્યોમાં તે ભગવાનને જ આગળ કરતો હોય. પરમાત્મા પ્રત્યેની આ અંતરંગ પ્રીતિ સમકિતને વિશેષ નિર્મળ કરે છે.

પેલા જીરણ શેઠ ! પ્રભુ મહાવીરના ચોમાસી તપનું પારણું કરાવવાની રોજ ભાવનાઓ ભાવતાં હતા,નવાં નવાં આયોજનો વિચારતા હતા, તેમના રોમરોમમાં તે વખતે પરમાત્મા મહાવીર પ્રત્યેની વિશિષ્ટ ભક્તિ ઊભરાતી હતી. તેમના તે અંતરંગ ભાવો તેમને કેવળજ્ઞાન અપાવવા સમર્થ બનનારા હતા. પણ વચ્ચે અભિનવશેઠના ત્યાં પારણું થતાં, દેવદુંદુભી વાગી. તેમના ભાવોની ધારામાં ખલેલ પહોંચી. તેઓ બારમા દેવલોકમાં ગયા.

(૫) **તીર્થસેવા :** શત્રુંજય - ગિરનાર સમેતશિખર વગેરે તીર્થોની યાત્રા અવશ્ય કરવી જોઈએ. વળી, સાધુ ભગવંતો તો સાક્ષાત્ જંગમ તીર્થ છે. તેમનું દર્શન પણ પવિત્ર છે. તેમના સત્સંગથી જીવનનું પરિવર્તન થયા વિના પ્રાયઃ રહેતું નથી, માટે જેમ તીર્થોની યાત્રા કરીએ છીએ તેમ સાધુ-ભગવંતો રૂપી તીર્થની પણ યાત્રા કરવી જોઈએ, એટલે કે દર વરસે ૫-૭ દિવસ કોઈ સંયમી ગુરુભગવંતની પાસે જઈને રહેવું જોઈએ.

તેમનો વ્યક્તિગત પરિચય કરવો જોઈએ. તેમની વ્યક્તિગત મુલાકાત કરવાથી તેમના વિશિષ્ટ ગુણોનો અનુભવ થશે. આપણા સમર્પણ ભાવથી પ્રભાવિત થઈ તેઓ નવા નવા પદાર્થો આપણને આપે. તેમના અંતરમાં સ્ફૂરતાં શાસ્ત્રીય રહસ્યો જાણવા મળે. વળી આપણા તેઓ ફેમિલી ગુરુ પણ બને. આપણા આ ભવ અને પરભવ, આપણા સુખ-દુઃખ,અને પુણ્ય-પાપ; બધા વિષયોમાં તેમનું માર્ગદર્શન મળે. તેનાથી માત્ર આપણું જ નહિ, આપણા આખા કુટુંબનું કલ્યાણ થયા વિના ન રહે. તેથી આપણે સતત તેમનો સત્સંગ કરવો જોઈએ.

## (૫) સમકિતના લક્ષણો, આગાર, ભાવના અને સ્થાનો :

બાર વ્રતો ઉચ્ચરતાં પહેલાં જે સમકિત ઉચ્ચરવાનું છે, તે સમકિત આપણામાં કે બીજામાં છે કે નહિ ? તેની ખબર શી રીતે પડે ?

શાસ્ત્રોમાં સમકિતનાં પાંચ લક્ષણો જણાવવામાં આવ્યાં છે. આ પાંચ લક્ષણો જેનામાં દેખાય, તેનામાં સમકિત હશે, તેવું અનુમાન કરી શકાય છે. પાંચ લક્ષણો જાણીને, આપણામાં તે લક્ષણો લાવવાનો પ્રયત્ન કરવાનો છે, તથા જેનામાં તે પાંચ લક્ષણો ઓછા-વત્તા અંશમાં પણ જણાય, તેમના પ્રત્યે હૈયામાં અહોભાવ પણ પેદા કરવાનો છે.

(૧) **શમ :** શમ = સમતા, ક્ષમા

કોઈ આપણું ગમે તેટલું બગાડે, સામેવાળી વ્યક્તિ આપણું ગમે તેટલું ખરાબ કરવાનો પ્રયત્ન કરે તો પણ સમતા રાખવી. જરા ય ગુસ્સો ન કરવો. મનમાં પણ સમસમી ન જવું કિન્તુ પ્રસન્નતાપૂર્વક સહન કરવું.

સમતાની એક વિશિષ્ટતા એ છે કે તે ગમે તેવાં ધારદાર શસ્ત્રોને પણ બૂઠા બનાવી શકે છે.

પરમાત્મા મહાવીરદેવને ગોવાળિયાએ ખીલા ઠોક્યા, ચંડકોશીયાએ આંખથી ઝેર વરસાવ્યું, સંગમે કાળચક્રનો પ્રહાર કર્યો, શૂલપાણીએ ઉપસર્ગો કર્યા, કઠપુતનાએ ઠંડુ પાણી છાંટીને ઉપસર્ગ કર્યો..... આવા તો અનેક શસ્ત્રો પ્રભુવીરને ચલિત કરવા વપરાયાં ! પણ જુઓ તો ખરા કમાલ ! પ્રભુવીરે તમામ શસ્ત્રો સામે માત્ર શમ (ક્ષમા) રુપ એક જ શસ્ત્ર ઉગામ્યું અને ખેલ ખલાસ ! તમામનાં શસ્ત્રો મ્યાન થયાં. પરમાત્મા વિજયની વરમાળા વર્યા. કેવળજ્ઞાન - કેવળદર્શન પામીને અંતે મોક્ષ પામ્યા.

(૨) **સંવેગ :** મોક્ષનો તીવ્ર અભિલાષ ! ક્યારે મને મોક્ષ મળે ? તેવી તલપ ! સતત મોક્ષની રટણા. મોક્ષ મેળવવા માટેની ઉત્કંઠ ઇચ્છા, તીવ્ર લગન.

સંસારની અસારતા જેને સમજાઈ ગઈ છે, તમામ સાંસારિક સંબંધોમાંથી નીકળતી સ્વાર્થની બદબૂ જેને અનુભવાઈ છે, દરેક મૈત્રી પાછળ છૂપાયેલી દગાની ભાવના જેની નજરમાં આવી છે, તેને આ સંસાર આકર્ષક મ્યાનમાં રહેલી તીક્ષ્ણ તલવાર જેવો સમજાયા વિના રહેતો નથી. પરિણામે તેના રોમરોમમાં મોક્ષ મેળવવાની તીવ્ર તમન્ના પેદા થાય છે.

પેલી મૈત્રેયી ! તેના પતિ યાજ્ઞવલ્કય ઋષિ જે કાંઈ સાડી - મીઠાઈ વગેરે તેને

લાવીને આપતા, ત્યારે તે પૂછતી, "શું આનાથી મારો મોક્ષ થશે ? જો ના, તો મારે તેનું શું કામ છે ?

"યેનાઽહં નાઽમૃતા સ્યાં, તેનાઽહં કિં કુર્યામ્ ?"

પરમાત્મા મહાવીરદેવના પ્રથમ ગણધર ગૌતમસ્વામી ! મોક્ષની કેવી તીવ્ર લગન ! જેને જેને દીક્ષા આપે તે તમામને કેવળજ્ઞાન થતાં, મને ક્યારે કેવળજ્ઞાન થશે ? મારો મોક્ષ ક્યારે થશે ? તેનો ચિત્કાર નીકળે !

અરે ! દેવો પાસેથી જાણવા મળ્યું કે પોતાની લબ્ધિથી જે અષ્ટાપદજીની યાત્રા કરે તે ચરમશરીરી. તેનો તે જ ભવમાં મોક્ષ નક્કી !

આ શબ્દો સાંભળતાં જ પોતાના મોક્ષની ખાતરી કરવા અષ્ટાપદ તરફ તેમણે પ્રયાણ આદરી દીધું ! કેવી તીવ્ર મોક્ષની લગન !

પેલા અર્ણિકાપુત્ર આચાર્ય ! ગોચરી લાવનારા પુષ્પચૂલા સાધ્વીજીને કેવળજ્ઞાન થયું છે, તેવી જાણ થતાં જ પૂછી લીધું કે, "મારું કેવળજ્ઞાન - મોક્ષ ક્યારે ?"

અને જ્યાં ખબર પડી કે ગંગા નદી પાર કરતાં કેવળજ્ઞાન - મોક્ષ થશે, ત્યાં ગોચરી વાપરવાનું પણ એક બાજુ રાખીને, ગંગા નદીને પાર કરવા ગયા ! અને પામ્યા કેવળજ્ઞાન ને મોક્ષ.

ગોચરી વાપરવા ય ન રોકાયા. તેમની મોક્ષની કેવી તીવ્ર લગન !

માત્ર મોક્ષ, મોક્ષ, મોક્ષ બોલવાથી મોક્ષની લગન છે, તેમ ના કહેવાય. આપણા રોમરોમ મોક્ષ મેળવવા તલપતા હોય, મોક્ષ ન મળવા બદલ ઝૂરતા હોય, તો કાંઈક મોક્ષની લગનની ઝાંખી થઈ ગણાય ! આવી મોક્ષની લગન આપણે પેદા કરવી જોઈએ.

**(૩) નિર્વેદ :** કંટાળો, અણગમો

સમકિતી આત્મા આ સંસારને સતત નગુણો માને. આ સંસારની એકપણ ચીજ તેને આકર્ષે નહિ. તે કશાયમાં મુંઝાય નહિ.

તેને સંસારના વિષયસુખો વિષ (ઝેર) જેવા ભયંકર લાગે. તેને સંસાર દુઃખમય હોવાથી તો અસાર લાગે જ; પણ કદાચ પુણ્યોદયે સુખોની સામગ્રીથી ખડકાયેલો સંસાર મળ્યો હોય તો તેનેય તે દુઃખરુપ માને.

કર્મોદયે સંસારમાં તેને રહેવું પડે તો ય તે સંસારને સારો તો ન જ માને. સંસારમાં રહે તો ય રમે તો નહિ જ. મન તેનું સતત પરમાત્માના ચરણોમાં હોય, પછી કાયા ભલે - મન વિના - સંસારનાં કાર્યો કરતી જણાતી હોય.

ચાર દિવસ પછી જેને ફાંસીની સજા થવાની હોય, તે વ્યક્તિની માનસિક હાલત ફાંસી પૂર્વેના ચાર દિવસ દરમિયાન કેવી હોય ? શું તેને ખાવાનું-પીવાનું - પહેરવાનું

- ઓઢવાનું ગમે ખરું ?

તે ખાય ખરો, પણ તેમાં તેને મજા ન હોય, પીએ પણ વેઠ વાળીને. તે બરોબર જાણે છે કે હું આ બધું કરું તો ય છેવટે તો મારે મરવાનું જ છે. આ બધી ચીજો મને કાંઈ ઉગારનારી નથી. મારા માટે કોઈ જ લાભ કરનારી નથી. મારા માટે સંસારની આ બધી ચીજો નગુણી છે.

બસ, સમકિતીને પણ સંસારની તમામ ચીજો નગુણી લાગે. સંસારી ચીજોનું સેવન કરવું પડે તો ય તેમાં તે મજા ન માણે. વેઠ ઉતારીને ચલાવે.

જંબુસ્વામીના પૂર્વના ભવમાં રહેલો શીવકુમાર તરીકેનો આત્મા ! વૈરાગ્ય જોરદાર ઊભરાયો પણ પિતા દીક્ષા લેવાની રજા આપતા નથી ! છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને શેષ જિંદગી વિતાવી. કેમ કે તેને આ સંસાર નગુણો લાગ્યો હતો. ક્યાંય તેને મજા નહોતી આવતી ! ક્યાંય તે સુખચેનથી રહી શકતો નહોતો. તેનામાં નિર્વેદ પેદા થયો હતો.

**(૪) અનુકંપા :** દયા, કરુણા

સામાન્ય રીતે દરેક જીવને સુખ વહાલું લાગે છે, જ્યારે દુઃખ જરા ય ગમતું નથી. પોતાના દુઃખને દૂર કરવા તે બધા જ પ્રકારના ધમપછાડા કરતો હોય છે, પછી ભલેને તેમ કરતા બીજા જીવો દુઃખો પામે ! તેની તેને જરા ય ફિકર હોતી નથી.

પણ સમકિતી આત્માની વાત તો ન્યારી હોય છે. તે માત્ર પોતાનાં જ દુઃખો દૂર કરવાની ઇચ્છા ધરાવતો નથી, પણ સાથે સાથે જે કોઈ દુઃખી હોય, તે બધાયના દુઃખો દૂર થાય તેવી સતત ભાવના ભાવતો હોય છે.

ભક્તિ કરવાની બાબતમાં પાત્ર-અપાત્રનો વિવેક સાચવવાની વાત મહાપુરુષોએ કરી છે, પણ અનુકંપાની બાબતમાં તેવો વિવેક કરવાની વાત કોઈએ ય કરી નથી. કારણ કે અનુકંપા સર્વ જીવોના વિષયમાં કરવાની છે. અનુકંપા કરવામાં પક્ષપાત કે ભેદભાવ રાખવાની સ્પષ્ટ મનાઈ ફરમાવાઈ છે.

તેમાં ય જે જીવો આપણી ઉપર અપકાર કરતાં હોય તેવા જીવો ઉપર તો આપણી ભાવકરુણા વિશેષ ઉભરાવવી જોઈએ.

પરમાત્મા મહાવીરદેવ ! કેવી અદ્ભુત વહેતી હતી તેમના રોમરોમમાં સર્વ જીવો પ્રત્યે કરુણા !

ચંડકોશીયો આવ્યો ડંખ દેવા તો કરુણાસાગરે તેને આપ્યો આઠમો દેવલોક ! સંગમ આવ્યો ધસમસતો પરમાત્માને કાળચક્ર દ્વારા ખતમ કરવા તો ભગવાને આપ્યું તેને આંસુનું દાન ! (અભવ્ય હોવાથી તેને બીજું કોઈ દાન દઈ શકાય તેમ નહોતું.!)

પેલા ગોશાળાએ પરમાત્માને ખતમ કરવા લપકારા મારતી તેજોલેશ્યા છોડી તો પરમાત્માએ કર્યું તેને સમકિત તથા બારમા દેવલોકનું દાન !

કેવા અદ્ભુત મળ્યા છે આપણને તારક દેવાધિદેવ ! જેમના રોમરોમમાં કરુણાનું સરવરીયું વહી રહ્યું હતું. આપણે તેમના પ્રત્યે જેટલો અહોભાવ પેદા કરીએ, જેટલી તેમની ઉછળતા હૃદયે ભક્તિ કરીએ તેટલી ઓછી છે.

**(૫) આસ્તિક્ય :** પરમાત્માએ જે કાંઈ કહ્યું છે; તે એકદમ સત્ય છે, તેમાં શંકા રાખવાનું કોઈ જ કારણ નથી, તેવું હૃદયથી માનવું તે આસ્તિક્ય.

**"તમેવ સચ્ચં નિઃશંકં, જં જિણેહિં પવેઇયં."**

**સાચા છે વીતરાગ, સાચી છે વાણી**

**આધાર છે આજ્ઞા, બાકી ધૂળધાણી.....** વગેરે વિચારધારા સમકિતીની અંદર રહેલાં આસ્તિક્ય ગુણને વ્યક્ત કરે છે.

આત્મા છે, પુણ્ય છે, પાપ છે, સ્વર્ગ - નરક છે, મોક્ષ છે વગેરે હૃદયથી માનવું તે આસ્તિક્ય (અસ્તિ = છે; આત્મા વગેરે પદાર્થો (અસ્તિ) 'છે' તેવું માનવું તે આસ્તિક્ય)

આજનું વિજ્ઞાન કે ભૂગોળ પરમાત્માના વચન કરતાં કોઈક બાબતમાં ઊલટું કહે તો ય પરમાત્માના વચનમાં જરા ય શંકા ન કરવી, પરમાત્માના વચન પ્રત્યે અવિહડ શ્રદ્ધા ટકાવી રાખવી તે આસ્તિક્ય.

**છ પ્રકારની યતના :** પ્રાપ્ત થયેલા સમકિતને ટકાવી રાખવા છ પ્રકારની યતના કરવી જરુરી છે.

(૧) અરિહંત-સિદ્ધ ભગવંત સિવાયના લૌકિક દેવ-દેવી વગેરેની પ્રતિમાઓને - ભગવાન તરીકે - નમન - વંદન - પૂજન - સત્કારાદિ ન કરવાં.

(૨) અન્ય ધર્મવાળાઓએ આપણા ભગવાનની પ્રતિમા પોતાના મંદિરમાં પધરાવી હોય કે પોતાના અધિકારમાં લીધેલી હોય તેવી અરિહંત કે સિદ્ધ ભગવાનની પ્રતિમાને પણ વંદન-પૂજનાદિ ન કરવાં.

(૩ થી ૬) મિથ્યાત્વી સંન્યાસી વગેરેની સાથે આલાપ-સંલાપ-આમંત્રણ - નિમંત્રણાદિ ન કરવા.

એક વાર કુશળ - ક્ષેમાદિ-પૂછવા વાત કરવી તે આલાપ કહેવાય. વારંવાર તેમ કરવું તે સંલાપ કહેવાય. એકવાર આમંત્રણ આપીને આહારાદિ આપવા તે આમંત્રણ કહેવાય. અને વારંવાર તેમ કરવું તે નિમંત્રણ કહેવાય.

ક્યારેક ઔચિત્ય સાચવવું પડે તે જુદી વાત; અન્યથા આમ કરવાથી આદર-સત્કાર - સ્નેહરાગ પેદા થાય છે. પરિણામે ક્યારેક પ્રાપ્ત થયેલું સમકિત ઝૂંટવાઈ

જવાની શક્યતા પેદા થાય છે. માટે સમકિતની રક્ષા કરવાની ભાવનાવાળાએ આ છ યતના સાચવવી.

**છ આગાર :** લીધેલાં વ્રતોનું અણીશુદ્ધ પાલન અવશ્ય કરવું જોઈએ. પ્રતિજ્ઞા લઈને પછી તે ભાંગે નહિ, તેની પળે પળે સાવધાની રાખવી જોઈએ. તે માટે પ્રતિજ્ઞા લેતાં પૂર્વે જ પૂરેપૂરો વિચાર કરવો જોઈએ. પોતાનું સત્ત્વ કેટલું છે ? કેવું છે ? લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં કેવા કેવા પ્રકારની મુશ્કેલીઓ આવવી સંભવિત છે ? તે મુશ્કેલીઓ પાર ઉતારવાની પોતાનામાં કેટલી શક્તિ છે ? વગેરે વિચારણા કરીને જો કોઈ પણ વ્રત ઉચ્ચર્યું હોય તો તેનો ભંગ થવાની પરિસ્થિતિ ક્યારેય પેદા ન થાય.

શાસ્ત્રકાર પરમર્ષિઓ ફરમાવે છે કે તમે વ્રતો અવશ્ય લેજો, પણ તે વ્રતો લીધાં પછી તેનો ભંગ ન થાય તેની પણ પૂર્ણ તકેદારી પણ અવશ્ય રાખજો.

જો વ્રત લેતી વખતે જ, અમુક અમુક પરિસ્થિતિ પેદા થતાં વ્રતનો ભંગ થવાની પૂર્ણ શક્યતા જણાતી હોય, તેવા સમયે તે વ્રતપાલન કરી શકો તેવું સત્ત્વ તમારામાં ન હોય તો વ્રત લેતાં પૂર્વે જ તેવી કેટલીક છૂટ રાખી લેજો. તે છૂટને આગાર કહેવાય.

આવી છૂટ રાખીએ તેનો અર્થ એવો નથી કે તેવી પરિસ્થિતિ પેદા થતાં સત્ત્વહીન બનીને તે છૂટનો સ્વીકાર કરવો. ના, તેવી પરિસ્થિતિમાં ય છૂટનો ઉપયોગ કર્યા સિવાય, પોતાનું સત્ત્વ જેટલું ફોરવાય તેટલું ફોરવીને, લીધેલી પ્રતિજ્ઞાનું પૂર્ણપણે પાલન કરવું.

પણ કદાચ પરિસ્થિતિ વધુ વિકટ થતાં, સત્ત્વ પોતાનું ઓછું પડતાં, તે છૂટોનો ઉપયોગ કરવો પડે તો તે પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તે માટે આ આગારો (છૂટો) પ્રતિજ્ઞા લેતી વખતે જ રાખવા જોઈએ.

જ્યારે સમકિત વ્રત ઉચ્ચરવાનું છે ત્યારે તેવી કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિમાં લીધેલા તે વ્રતનો ભંગ ન થાય તે માટે છ આગારો શાસ્ત્રમાં બતાડ્યા છે. આ છ આગારો સમકિત સિવાયનાં અન્ય વ્રતો ઉચ્ચરતી વખતે પણ રાખી શકાય છે.

**(૧) રાજાભિયોગ :** રાજાના આદેશ કે દાક્ષિણ્યના કારણે, અનિચ્છાએ પણ મિથ્યાત્વી દેવ-દેવી કે ગુણહીન વ્યક્તિને નમસ્કાર-વંદનાદિ કરવાં પડે તો સમકિત વ્રતનો ભંગ થાય નહિ, કારણ કે રાજાભિયોગ આગાર (છૂટ) રાખેલ છે.

કાર્તિક શેઠ ચુસ્ત સમકિતી હતા. સુદેવ - સુગુરુ - સુધર્મ સિવાયનાને તે માનતા નહિ.

એકવાર એક તાપસને ભોજન પીરસવાનો રાજા તરફથી આદેશ થયો.

રાજાભિયોગ આગારને નજરમાં લાવીને, ના છૂટકે તેમણે કહ્યું કે, "આપનો તેવો આગ્રહ છે તો આપના કહેવાથી તેને જમાડવા આવીશ."

જ્યારે તાપસને પીરસતા હતા, ત્યારે તાપસે નાક પર આંગળી મૂકી - ઘસીને સંકેતથી જણાવ્યું કે, "કેવું નાક કાપ્યું ? તું તો નમતો ન હતો પણ મેં તને કેવો નમાવ્યો ?"

આ જોઈ કાર્તિક શેઠના મનમાં વિચાર આવ્યો કે, "સંસારમાં રહ્યો તો આ અપમાન થયું. જો પરમાત્માની આજ્ઞા માની સાધુજીવન સ્વીકાર્યું હોત તો મારી આ દશા ન થાત !"

અને સંસારની આ અસારતા જાણીને એક હજાર શ્રેષ્ઠીપુત્રો સાથે દીક્ષા લઈને આરાધના-સાધના કરી-કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકના તેઓ ઇન્દ્ર બન્યા.

(૨) **ગણાભિયોગ :** ગણ = જનસમુદાય. તેના આગ્રહ-દબાણના કારણે નાછૂટકે અપવાદનું સેવન કરવું પડે તો આગાર (છૂટ).

સમાજમાં રહેનારા મનુષ્યોને કેટલીકવાર વિકટ પરિસ્થિતિમાં મુકાવું પડે છે.

બળવાન પક્ષ કે સમૂહ, વ્રતધારી આત્માની વ્રતમક્કમતાની ય પરવા કર્યા વિના, તેની પાસે પોતાનું ધાર્યું કામ કરાવવાની ફરજ પાડતો હોય છે, ત્યારે જો વ્રતધારી આત્મા ખૂબ જ સત્ત્વશાળી હોય તો તેવા સંયોગમાં ગણ, જનસમુદાય કે સમાજની ય પરવા કર્યા વિના મક્કમ રહીને પોતાના વ્રતનું પાલન કરે છે. પણ ગણાભિયોગના આગારનો અમલ કરતો નથી.

પણ ક્યારેક સત્ત્વ ઓછું પડવાના કારણે અપવાદનો આશ્રય કરવો પડે તો આ આગારના કારણે લીધેલી સમકિતની પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

(૩) **વૃત્તિકાંતાર આગાર :** દુકાળ વગેરેના કારણે કે જંગલમાં ભૂલા પડી જવાના કારણે જ્યારે આહારાદિ મળી શકે તેમ ન હોય ત્યારે, કોઈક આકસ્મિક પરિસ્થિતિ પેદા થાય કે જીવન-મરણની કટોકટી સર્જાય ત્યારે, અપવાદે મિથ્યાત્ત્વનું સેવન અનિચ્છાએ પણ કરવું પડે તો આ આગારના કારણે લીધેલા વ્રતનો ભંગ થતો નથી. જો કે સત્ત્વશાળી આત્માઓ તો તે સમયે પણ આ આગારનો ઉપયોગ કર્યા વિના, મક્કમતાથી આવેલ પરિસ્થિતિનો સામનો કરે છે.

(૪) **ગુરુનિગ્રહ આગાર :** માતા, પિતા, વિદ્યાગુરુ, કલાચાર્ય વગેરે જૈન ધર્મના દ્વેષી હોય, અને તેમનું અત્યંત દબાણ થવાના કારણે નાછૂટકે અપવાદનું સેવન કરવું પડે તો આ આગારના કારણે લીધેલા વ્રતનો ભંગ થતો નથી.

સત્ત્વશાળી આત્મા તો પોતાના તે વડીલોને પ્રેમથી સમજાવીને સત્ત્વથી પોતે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરે છે, પણ અપવાદનું સેવન કરતો નથી.

કાલસૌરિક કસાઈ મૃત્યુ પામતા, સગાં-સંબંધીઓ, તેના દીકરા સુલસને કુળક્રમથી

ચાલ્યો આવતો તેનો કસાઈનો ધંધો કરવા સમજાવવા લાગ્યા.

પણ વ્રતધારી સુલસ તેમના આગ્રહ સામે જરાય ન ઝૂક્યો. તેણે આ આગારનું સેવન ન કર્યું.

જ્યારે સગાં-સંબંધીઓએ કહ્યું કે "જેમ તારા કમાયેલા ધનમાં અમે ભાગ પડાવીશું તેમ બંધાયેલા કર્મથી આવનારાં દુ:ખોમાં ભાગ પડાવશું પણ તું ધંધો કરવાની હા પાડ." ત્યારે સુલસે પોતાના પગ પર ખોટે ખોટો કુહાડો મારીને જાણે કે ભયંકર પીડા સહતાં સહતાં પોતાના સગાંઓને કહ્યું કે, "અરે છે કોઈ ? જે મારી આ પીડામાં ભાગ પડાવે ? મારી થોડી પીડા તો કોઈ લો ! મારાથી આ પીડા સહન થતી નથી."

કોઈએ પાટો બાંધ્યો, કોઈએ મલમ લગાડ્યો, કોઈકે પંખાનો પવન નાંખ્યો, પણ તેની પીડામાં તો કોઈ ભાગ ન પડાવી શક્યું. બધા એમ જ કહે છે કે, "કોઈની પીડા કાંઈ કોઈથી લઈ શકાય નહિ. તેં કુહાડો માર્યો તો તેનું દુ:ખ તું ભોગવ."

ત્યારે સુલસે કહ્યું કે, "હું પણ એમ જ કહું છું. આ હિંસક ધંધો કરવાથી તેના બંધાયેલાં પાપોના ઉદયે આવનારાં દુ:ખો મારે જ ભોગવવાં પડશે. તમે કોઈ તેમાં ભાગ પડાવી શકો તેમ નથી. માટે જ હું આ હિંસક ધંધો કરવાની ના પાડું છું."

આ રીતે યુક્તિ કરીને, સુલસે પોતાના સ્વજનોને પણ ધર્મના માર્ગે ચડાવ્યા. આ ગુરુનિગ્રહ આગારનો ઉપયોગ કર્યા વિના પોતાના વ્રતનું પૂર્ણ પાલન કર્યું.

**(૫) દેવાભિયોગ :** કોઈ કુલદેવતા વગેરેના દબાણને કારણે કે તેમનાથી પોતાના કુટુંબનું મોટું અહિત થશે, તેવા ભયથી ક્યારેક અપવાદનું સેવન કરવું પડે તો આ આગારના કારણે વ્રતનો ભંગ થતો નથી.

સત્ત્વશાળી આત્મા તો આવો કોઈ ભય કદી ય રાખતા નથી. પરમાત્મામાં તેમને અવિહડ શ્રદ્ધા હોવાના કારણે તેઓ મસ્ત ખુમારીથી પોતાનું જીવન જીવતાં હોય છે, પણ આવા કોઈ આગારનું આલંબન લઈને અપવાદનું સેવન કરતાં નથી.

પોતાની કુળદેવી કંટકેશ્વરીને બલિ આપવાનો રિવાજ કુળપરંપરાથી ચાલ્યો આવતો હોવા છતાંય કુમારપાળ મહારાજા તે બલિ આપવા કોઈ પણ સંયોગમાં તૈયાર નહોતા.

કંટકેશ્વરી હાથમાં ભાલો લઈ સામે આવી. જો બલિ ન દે તો કોઢ કરી દેવાની તેણે ધમકી આપી. દેવીનું આટલું બધું દબાણ હોવા છતાં ય કુમારપાળ મહારાજા આ આગારનો ઉપયોગ કરવા માંગતા નહોતા. તેમણે પૂરા સત્ત્વથી પોતે લીધેલી પ્રતિજ્ઞાનું પૂર્ણ પાલન કર્યું.

**(૬) બલાભિયોગ :** બળવાન માણસોના અત્યાગ્રહના કારણે ઝૂકી જવું પડે,

અપવાદનું સેવન કરવું પડે તો આ આગારના કારણે પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

હકીકતમાં તો નિર્બળ આત્માઓએ પણ પોતાના ધૈર્ય, સત્ત્વ અને બળને વિકસાવવાનું કાર્ય કરવાનું છે. વાત-વાતમાં આ બધા આગારોનો ઉપયોગ કરવાનો નથી. પણ પોતાનું તમામ સત્ત્વ ફોરવવા છતાં ય નાછૂટકે જો અપવાદ સેવવો પડે તો આ આગારો રાખ્યા હોવાના કારણે વ્રતભંગ ન થાય.

**૭ - ભાવનાઓ :-**

પ્રાપ્ત થયેલું સમકિત આપણામાં ટકી રહે તે માટે આપણે આપણા આત્માને સતત છ ભાવનાઓથી ભાવિત કરતાં રહેવું જોઈએ.

**(૧) મૂળ :** મૂળ વિના વૃક્ષની કે તેની ઉપર આવતાં સુંદર મજાનાં ફળની કોઈ જ શક્યતા નથી, તેમ સમક્તિ રુપી મૂળ વિના ધર્મ રુપી વૃક્ષ કે મોક્ષ રુપી ફળ પ્રાપ્ત થવાની કોઈ શક્યતા નથી.

તેથી જો મારે મોક્ષ પામવો હોય, તે માટે જીવનને ધર્મથી વાસિત બનાવવું હોય, તો મારે સતત તેના મૂળની કાળજી લેવી જોઈએ. તે મૂળ સમકિત છે. માટે મારું સમકિત દૂષિત ન થાય તે માટે તમામ પ્રયત્નો મારે કરવા જોઈએ.

એકવાર એક માળીને બહારગામ જવાનું થતાં, પોતાના દીકરાને બધા છોડવાઓને પાણી પાવાનું કામ સોંપીને બહારગામ ગયો.

જ્યારે તે પાછો ફર્યો ત્યારે બધા છોડવાઓ સૂકાઈ ગયા હતા. તેને નવાઈ લાગી. દીકરાને બોલાવીને પૂછ્યું, 'રે બેટા ! શું તેં છોડવાઓને પાણી નથી પાયું ?'

'અરે બાપુજી ! કોણ કહે છે મેં નથી પાયું ? રોજ ૨૫ ડોલ પાણી ભરીને બધા છોડવાઓની ઉપર છાંટું છું ને ?'

'અલ્યા ! મેં તને છોડોની ઉપર પાણી છાંટવાનું થોડું કહ્યું હતું ? છોડવાના મૂળને તારે પાણી પાવાનું હતું ! બેટા ! તેં મૂળને પાણી પાવાના બદલે છોડના ડાળાં-પાંખડાં ઉપર પાણી છાંટ્યું તો જો આ બધા છોડવાઓ ખતમ થઈ ગયા !

જેવી ભૂલ કરી માળીના દીકરાએ, તેવી ભૂલ આપણે કદી ન કરીએ. જીવનમાં જે ધર્મો સેવી રહ્યા છીએ, તેનુ મૂળ સમકિત છે, તે કદી ન ભૂલીએ. જો આ સમકિતને પુષ્ટ કરવાના પ્રયત્નો નહિ કરીએ તો ધર્મ રૂપી છોડવા ટકી શકવાના નથી. પરિણામે મોક્ષ રુપી ફળ શી રીતે પ્રાપ્ત કરી શકાશે ?

**(૨) દ્વાર :** દ્વાર = દરવાજો. સમકિત મોક્ષનગરનો દરવાજો છે. દરવાજા વિના જેમ નગરમાં પ્રવેશ ન થઈ શકે, તેમ સમકિત વિના મોક્ષમાં પ્રવેશ શક્ય નથી. તેથી આમ તેમ આથડવાના બદલે મારે સમકિત રુપી દરવાજાનો જ સદા આશ્રય કરવો

જોઈએ.

**(૩) પ્રતિષ્ઠાન : પીઠ/પાયો :** બધાં વાહનો પૃથ્વીપીઠ ઉપર રહે છે. જેમ ઈમારત પાયા ઉપર ટકે છે, તેમ બધા ધર્મો સમકિત ઉપર ટકે છે. સર્વ ધર્મોના પાયો સમકિત છે.

એકડા વિનાના મીંડાની શી કિંમત ? પાયા વિનાની ઈમારતની શી વેલ્યું ? તેમ સમકિત વિનાના ધર્મની ખાસ કોઈ વેલ્યું નથી. માટે જીવનમાં સમકિતને પ્રથમ સ્થાન આપવું જોઈએ.

**(૪) આધાર :** દુનિયામાં કોઈ પણ વસ્તુ આધાર વિના રહી શકતી નથી, તેમ વિનયાદિ તમામ ગુણો પણ સમકિત રુપ આધાર વિના પોતાનું સ્થાન ટકાવી શકતા નથી. સમકિત આધ્યાત્મિક જીવનનો આધારસ્તંભ છે.

**(૫) ભાજન :** પાત્ર. ભોજન, પાણી વગેરે પદાર્થો પાત્ર = વાસણ વિના ટકી ન શકે તેમ ધર્મ રુપી અમૃત પણ સમકિત રુપી ભાજન વિના ટકી શકે નહિ. તેથી જેમ ભોજનનો ઈચ્છુક પહેલા વાસણની જ તજવીજ કરે તેમ ધર્મના ઈચ્છુક મારે પણ સૌ પ્રથમ જીવનમાં સમકિતને સ્થિર કરવાની મહેનત કરવી જોઈએ.

**(૬) નિધિ :** ભંડાર / ખજાનો. જો ખજાનો મળી જાય તો પુષ્કળ રત્નોની માલિકી સહજમાં થઈ જાય. જેને નિધિ મળ્યો તેને કઈ સંપત્તિ ન મળી ? સમકિત એ નિધિ છે. જુદા જુદા જ્ઞાન; દર્શન; ચારિત્ર વગેરે રત્નો છે. જેની પાસે સમકિત રુપી નિધિ આવ્યો, તેની પાસે જ્ઞાનાદિ ગુણો આવ્યા વિના રહેતા નથી.

આ રીતે વારંવાર સમકિતની છ ભાવનાઓ ભાવતાં રહેવું જોઈએ.

**જૈન તત્ત્વજ્ઞાનના છ પાયા = છ સ્થાનો;**

જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનો પાયો છે તેના છ સ્થાનો. આ છ સ્થાનોને બરોબર સમજ્યા વિના, તેની ઉપર અકાટ્ય શ્રદ્ધા પેદા કર્યા વિના કોઈ પણ આત્મા જીવનવિકાસ સાધી ન શકે.

આપણા બધાની ઈચ્છા આધ્યાત્મિક ઉન્નતિને પ્રાપ્ત કરવાની છે. જીવનનો સાચો વિકાસ કરવાની છે. તો આપણે પણ જિનશાસનના તત્ત્વજ્ઞાનના આ છ પાયાને બરોબર સમજી લેવા જોઈએ.

જે આ છ સ્થાનો પર શ્રદ્ધા ધરાવતો નથી તે જૈન હોય તો ય છૂપો નાસ્તિક છે. તેનો વિકાસ ક્યારે થશે ? તે મોટો વિકરાળ પ્રશ્ન છે.

સમકિતના ૬૭ બોલમાં આ છ સ્થાનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અભવ્ય આત્માઓ પહેલાં ૪ સ્થાનો ઉપર હજુ શ્રદ્ધા પેદા કરી શકે છે, પણ તેના છેલ્લાં બે સ્થાનો ઉપર તો તેમને ય શ્રદ્ધા પેદા થતી નથી. આપણે જો છેલ્લાં બે સ્થાનો ઉપર

પણ હાર્દિક શ્રદ્ધા પેદા કરી દીધી હોય તો આપણો નંબર ભવ્યમાં - સમકિતીમાં લાગ્યા વિના ન રહે. અને જે સમકિતી બન્યો તેનો મોક્ષ થયા વિના ન રહે.

**આ છ સ્થાનો આ પ્રમાણે છે :**

**(૧) આત્મા છે.**

**(૨) આત્મા શરીરથી જુદો હોઈને પરિણામી નિત્ય છે.**

**(૩) આત્મા કર્મોનો કર્તા (બાંધનારો) છે.**

**(૪) આત્મા કર્મોનો ભોક્તા (ભોગવનારો) છે.**

**(૫) આત્માનો તે કર્મોથી મોક્ષ (છૂટકારો) થઈ શકે છે.**

**(૬) આત્માના મોક્ષના ઉપાયો છે.**

આ છએ છ સ્થાનો ઉપર આપણને અવિહડ શ્રદ્ધા હોવી જોઈએ. તે ક્યારેય વિચલિત ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

(૧) આ દુનિયામાં એવા પણ માનવો આપણને જોવા મળશે કે જેઓ આ નામની કોઈ ચીજને માનવા જ તૈયાર નથી. તેઓ તો આ શરીરને, આ લોકને, આ લોકનાં સુખ - દુઃખને સ્વીકારવા તૈયાર છે. બાકી આ શરીર સિવાય તેમાં કોઈ સ્વતંત્ર આત્મા છે, તે આ ભવ પૂર્ણ કરીને બીજા લોકમાં જાય છે, આ લોકનાં પુણ્ય - પાપ પ્રમાણે તેને પરલોકમાં ય સુખ - દુઃખ મળે છે, તે વાત સ્વીકારવાની તેમની તૈયારી નથી. તેઓનું તો સૂત્ર છે : 'આ લોક મીઠાં તો પરલોક કોણે દીઠાં ?' "ખાઓ - પીઓ ને મજા કરો." "આપ મુએ ડૂબ ગઇ દુનિયા" તેથી જયાં સુધી જીવો ત્યાં સુધી લહેર કરી લો.

તેમની આ બધી વાતો સાંભળીને તથા ધર્મમાં શરીરને કષ્ટ આપવું પડતું હોઈને જો આપણને આત્માના વિષયમાં શંકા પડી જાય તો આપણું સમકિત ચાલી ગયા વિના ના રહે.

પેલા ઈન્દ્રભૂતિ ગૌતમ પછીથી ભલે બન્યા પરમાત્મા મહાવીરદેવના પ્રથમ ગણધર ગૌતમ સ્વામી ! પણ પોતાની પૂર્વીય અવસ્થામાં તેમને આ જ શંકા હતી કે, "આત્મા છે કે નહિ ?" વેદના પરસ્પર વિરોધી બે વચનો વિચારતાં તેમને આ શંકા પેદા થઈ હતી. મહા અહંકારના કારણે તેઓ કોઈને પૂછી શકતા નહોતા.

આ તો સારું થયું કે પરમાત્મા મહાવીરદેવ ત્યાં પધાર્યા. પોતાના અહંકારને લીધે સર્વજ્ઞ તરીકેનું બીજાનું બિરુદ સહન ન થઈ શકવાને કારણે ગયા તેમની પાસે વાદ કરવા. અને વાદ કરવાના બદલે જ્યાં પરમાત્મા પાસેથી પોતાની શંકા તથા તેના સત્ય સમાધાનની જાણકારી થઈ ત્યાં જ કાયમ માટે સ્વીકારી લીધું પરમાત્માનું સેવકપણું.

એક વખતના મહા અભિમાની આ ઈન્દ્રભૂતિ ગૌતમ પરમાત્માના મહા સમાપત, અતિશય વિનયી શિષ્ય બન્યા.

પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ અને આકાશ; એ પાંચ ભૂતો કરતાં જુદો જ ચેતનામય આત્મા છે. તે આત્મા પણ સમગ્ર વિશ્વમાં એક જ નથી, પણ દરેક જીવોના શરીરમાં જુદો જુદો છે. આવા આત્માઓ આ સંસારમાં અનંતા છે.

આ આત્માને કોઈએ પેદા નથી કર્યો. તે શાશ્વત છે. તે બળતો નથી, કપાતો નથી છેદાતો - ભેદાતો નથી. તે શુદ્ધ સ્વરુપી છે. અનાદિકાળથી તે આત્મા છે ને અનંતા કાળ સુધી રહેવાનો છે.

આ આત્મા અનુભવથી આપણને સૌને પ્રત્યક્ષ છે. સુખ-દુ:ખનો અનુભવ શરીર નથી કરતું પણ આત્મા કરે છે. હવે તો વશીકરણ, જાતિસ્મરણ, વિશિષ્ટ શક્તિઓ વગેરેથી પણ આત્માની સિદ્ધિ થઈ ચૂકી છે.

ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનની પ્રથમ ત્રિવર્ષીય યોજનાના તારક તત્ત્વજ્ઞાન વિષયમાં ખૂબ જ વિસ્તારથી દાખલા - દલીલો સાથે આત્માની સાબિતી આપણે વિચારી લીધી છે, જે 'તારક તત્ત્વજ્ઞાન' પુસ્તક રુપે પ્રગટ થયેલ છે. તથા 'ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન - પ્રદીપ'ના અંકોમાં 'જૈનં જયતિ શાસનમ્' વિભાગમાં પણ આત્મા અંગે વિસ્તૃત વિચારણા આપણે કરી છે. તેથી અહીં તેનું વિશેષ વિવેચન કરતા નથી. જિજ્ઞાસુઓને ત્યાંથી વાંચી લેવા ભલામણ છે.

(૨) **'આત્મા શરીરથી જુદો હોઈને પરિણામી નિત્ય છે.'** આપણને જે દેખાય છે, તે આપણું શરીર છે. આપણું શરીર પોતે જ કાંઈ આત્મા નથી પણ આપણા શરીર કરતાં જુદો આત્મા શરીરમાં વસે છે.

શરીર તો જડ પુદ્ગલોનું બનેલું છે. મૃત્યુ થતાં શરીર તો આ દુનિયામાં પડ્યુ રહે છે. પડી રહેલા તે શરીરને બાળવામાં કે દાટવામાં આવે છે; જ્યારે તેમાં રહેલો આત્મા બીજા ભવમાં ચાલ્યો જાય છે.

શરીર અને આત્મા, બંને એકબીજા સાથે એટલા બધા એકમેક થયેલા છે કે જેથી આપણે શરીર અને આત્મા વચ્ચેનો ભેદ પારખી શકતા નથી. પરંતુ મડદા અને જીવતા માણસને બાજુબાજુમાં સુવાડીને જો આપણે બંનેનું બારીકાઈથી નિરીક્ષણ કરશું તો આપણને બે વચ્ચે ઘણો મોટો ફરક જણાશે.

બંનેમાં આંખ, કાન, નાક, જીભ, હાથ, પગ વગેરે અવયવો હોવા છતાં એકના તે તમામ અવયવો પોતાનું કાર્ય કરી શકતાં જણાય છે, જ્યારે બીજામાં તે તમામ અવયવો તેવી શક્તિ વિનાના જણાય છે. તેમાં કારણ બીજું કોઈ નથી, પણ જીવંત શરીરમાં

આત્મા છે, જયારે મડદું એ આત્મા વિનાનું શરીર છે. આ શરીરથી જુદો આત્મા પરિણામી નિત્ય છે. નિત્ય એટલે કાયમ ટકનારો, કદી ય નાશ નહિ પામનારો.

જો આત્મા નિત્ય ન હોય પણ ક્ષણિક હોય, નાશ પામી જવાના સ્વભાવવાળો હોય તો ધર્મ કરવાની કોઈ જરુર જ નહિ રહે. અરે ! પાપ, પુણ્ય, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે કોઈ પણ પદાર્થો ઘટી નહિ શકે, કારણ કે જો આત્મા નાશ પામી ગયો તો તેણે કરેલાં સારાં કર્મોનું ફળ કોણ ભોગવે ? જો પોતે કરેલાં સારાં કાર્યોનું ફળ ન મળવાનું હોય તો સારાં કાર્યો કરવાની જરુર શું ?

જો આત્મા નાશ પામી જતો હોય તો પોતે કરેલાં ખરાબ કાર્યોનું દુઃખરુપ ફળ કોણ ભોગવશે ? જો પોતાને ભોગવવાનું ન હોય તો ગમે તેટલાં ખરાબ કામ કરવામાં શું વાંધો ? પરિણામે બધી જ અવ્યવસ્થા ને અંધાધૂંધી સર્જાશે.

પણ ના, આત્મા અનિત્ય નથી. તે કાયમ ટકનારો છે. તેથી તેણે કરેલાં કર્મો ભોગવવાં તેણે પરલોકમાં તેવા સારા - નરસા ભવો કરવા પડશે. માટે આ ભવમાં ગમે તેમ ન જીવાય. વળી, આ આત્મા નિત્ય તો છે, પણ તે એક જ સ્વરુપે કાયમ રહેનારો નથી પણ પરિણામી નિત્ય છે.

પરિણામી એટલે બદલાતાં જતાં રુપોવાળો. કોઈ પણ આત્મા કાયમ માનવ રુપે કે દેવરુપે, કૂતરા રુપે કે વાંદરા રુપે રહેતો નથી. તે ચારે ગતિમાં અવતાર લેવા રુપ બદલાતાં જતાં સ્વરુપોવાળો નિત્ય છે.

સોનું તેનું તે છે, પણ તે આજે કુંડલ રુપે છે. ગઈ કાલે તે હાર રુપે હતું ને આવતી કાલે જો તેમાંથી મુગટ બનાવવામાં આવે તો તે સોનું મુગટ રુપે બને. કુંડલ, હાર કે મુગટ, ત્રણે ય અવસ્થામાં સોનું તો કાયમ રહેનારું છે. માત્ર તેની અવસ્થા બદલાય છે. બસ તે જ રીતે માનવ, કૂતરો કે દેવ, દરેક અવસ્થામાં આત્મા તો તેનો તે જ છે, માત્ર તેના શરીરો, ગતિ વગેરે બદલાય છે.

આમ, જુદા જુદા ભવોને ધારણ કરતો આપણો આત્મા પરિણામી નિત્ય છે.

(૩) **આત્મા કર્મોનો કર્તા (કરનારો) છે.** આપણે આ ભવમાં જે કાંઈ કર્મો ભોગવીએ છીએ તે કર્મો આપણા પોતાના આત્માએ જ કરેલાં છે. આપણો આત્મા નિષ્ક્રિય નથી. તે સતત જે કાંઈ વિચારો, ઉચ્ચારો કે આચારો કરે છે, તે પ્રમાણે તેને શુભ કે અશુભ કર્મો બંધાયાં કરે છે.

આ વિશ્વમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને કાર્મણ વર્ગણા (પુદ્ગલો-કર્મો માટેનો કાચો માલ) ભરેલી છે. જીવ પોતે રાગ કે દ્વેષ વડે તે કાચા માલને ગ્રહણ કરે છે ત્યારે તે દ્રવ્યકર્મ બને છે. અને આ કાચો માલ ગ્રહણ કરવામાં આત્માના રાગ-દ્વેષ વગેરે જે

ભાવો કારણ બને છે, તે ભાવ કર્મ છે.

આ ભાવકર્મ રુપી રાગ-દ્વેષ વગેરેને આપણો આત્મા પોતે જ કરે છે. લાલસા, કામસેવન, ક્રોધ, નિંદા, ઈર્ષ્યા વગેરે દોષોનું સેવન તો આપણે જ કરીએ છીએ ને ? આ ભાવકર્મો આપણે પેદા કરીએ છીએ, માટે દ્રવ્યકર્મો આત્મામાં પેદા થાય છે.

આમ, આપણો આત્મા પોતે જ કર્મોનો કર્તા છે.

**(૪) આત્મા પોતાના કરેલા કર્મોનો પોતે ભોકતા (ભોગવનાર) છે.** દુનિયામાં ભલે એવું દેખાતું હોય કે જમવામાં જગલો ને કુટાવામાં ભગલો, પણ હકીકત તેવી નથી. અહીં તો જે આત્મા જેવાં કર્મો કરે, તેવાં કર્મોને તેણે પોતે જ ભોગવવાં પડે. ભીમ ખાય ને શકુનિએ સંડાશ જવું પડે, તેવું કદી ન બને.

આપણે જે કાંઈ સુખ કે દુઃખ અનુભવીએ છીએ તે આપણે પોતે જ કરેલાં સારાં કે નરસાં કર્મોનું પરિણામ છે. ભલે આપણને એવો અનુભવ થતો હોય કે રમણભાઈએ મારું બગાડ્યું. મહેશભાઈએ મારી દીકરીની સગાઈ થતી અટકાવી, ચંપાબેને મારી વિરુદ્ધ કાનભંભેરણી કરીને મારા દુશ્મનો પેદા કર્યા, છગને મારા દીકરાને માર્યો, મગન મારા દસ લાખ રુપિયા હડપ કરી ગયો, પણ વિચારીએ તો હકીકત તેવી છે જ નહિ. તેવાં દુઃખો પેદા થયા તે હકીકત છે, પણ તે દુઃખો તેમણે તો પેદા નથી જ કર્યા. તેઓ બધા તો માત્ર નિમિત્ત જ છે. જો મેં તેવાં દુઃખો લાવનારાં કર્મો જ ન કર્યા હોત તો તે લોકો મારું કાંઈ પણ ખરાબ કરી શકત જ નહિ.

આપણો આત્મા, પોતે જ કરેલાં કર્મો પોતે જ ભોગવે છે, તે વાત જો આપણા મગજમાં બરોબર ઠસી જશે તો દુનિયાની કોઈ પણ વ્યક્તિ કદી ય આપણને દુશ્મન નહિ લાગે. બધા પ્રત્યે આપણા હૃદયમાં ઉછળતો સ્નેહ પેદા થશે. કદી ય કોઈને આપણે ધિક્કારી નહિ શકીએ.

વળી, આપણાં કર્મો આપણે ભોગવવાનાં છે, તે ખ્યાલ આપણને અશુભ કર્મો કરતાં અટકાવશે. દુઃખો પ્રત્યેનો જે કારમો દ્વેષ છે, તે હવે આપણને દુઃખ લાવનારાં પાપો પ્રત્યે પેદા થશે. જેનાથી આપણો આત્મા પાપોથી લાખો યોજન દૂર રહી શકશે.

વળી, એક આનંદની વાત તો એ છે કે આજે કરેલું કર્મ આજે જ ભોગવવું પડતું નથી. પરસ્ત્રી સામે વિકાર ભરેલી નજરે જોયું કે તરત જ આંખ ફૂટી જતી નથી. અનીતિ કરતાંની સાથે જ હાથ કપાતો નથી. નિંદા કરતાં જ જીભને લકવો નથી થતો. ખોટા માર્ગે જતાં જ પગને ફ્રેકચર નથી થતું.

જૈનશાસનનો કર્મવાદ કહે છે કે, માત્ર નિકાચિત કર્મો જ એવા છે કે જે અવશ્ય ભોગવવાં જ પડે (તેવું નિકાચિત કર્મ તો લાખે એક હોય). બાકીના અનિકાચિત કર્મો

તો ફેરફાર થઈ શકે તેવા હોય છે. કર્મો બંધાયા પછી તે કેટલાક સમય શાન્ત પડી રહે છે, જેને આપણે આપણા માટે ગોલ્ડન પિરીયડ બનાવી શકીએ તેમ છીએ.

આપણે બાંધેલાં કર્મો જ્યારે શાંત પડ્યાં હોય, ભોગવવાનો સમય શરુ થયો ન હોય, તે ગોલ્ડન પિરીયડ દરમ્યાન જો આપણે પશ્ચાત્તાપ, ધર્મારાધના વગેરે કરીએ તો બંધાયેલાં તે કર્મોમાં મોટી ઊથલપાથલ મચી શકે તેમ છે. તેની તીવ્રતા ઘટી શકે છે. તેના સમયમાં ફેરફાર થઈ શકે છે. અરે ! ક્યારેક તો તે આખું કર્મ જ આત્મા પરથી ઊખડી જાય છે !

આમ, જૈન ધર્મનો કર્મવાદ છેવટે તો પુરુષાર્થવાદમાં ટ્રાન્સફર થઈ જાય છે. પોતે બાંધેલાં કર્મોમાં ફેરફાર થઈ શકતો હોવાથી જ તપ, જપ, વ્રત યા સાધુજીવન વગેરેની સાધના કરવાની અત્યંત જરુર છે.

(૫) **આત્માનો કર્મોથી મોક્ષ (છુટકારો) થાય છે.** આપણાં આત્માને કોઈએ પેદા કર્યો નથી. તે જેમ અનાદિકાળથી છે, તેમ તેનો સંસાર પણ અનાદિકાળથી છે. તે આત્મા અનાદિકાળથી રાગ, દ્વેષ વગેરે કુસંસ્કારો વડે યુક્ત છે. તેથી અનાદિકાળથી તે કર્મોથી બંધાયેલો પણ છે.

પરન્તુ આનંદની વાત તો એ છે કે અનાદિકાળથી કર્મોથી બંધાયેલો આ આત્મા ક્યારેક કર્મોથી સંપૂર્ણપણે મુક્ત બની શકે છે. તેના રાગાદિ કુસંસ્કારો ખતમ થાય છે. તે સંસારમાંથી છૂટીને મોક્ષ પામે છે. આત્માનો મોક્ષ થાય છે. સર્વ કર્મોથી છૂટકારો થાય છે.

પિતાના પિતા, તેના પિતા, તેના ય પિતા, તેના ય પિતા - એમ પૂર્વ પૂર્વમાં પિતા-પિતા શોધવા જતાં સૌથી પહેલાં પિતા થોડા મળે ? એવા પહેલાં પિતા તો, તો જ મળે કે જો તેના પિતા ન હોય. પણ તે તો સંભવિત જ નથી. જે પિતા હોય તેના પિતા પણ હોય જ. જે માતા હોય તેની માતા પણ હોય જ. આમ, પિતા કે માતાની પરંપરાની આદિ (શરુઆત) મળતી નથી. તે પરંપરાઓ અનાદિ છે.

પણ આ અનાદિ પરંપરાનો પણ અંત તો આવી જ શકે ને ? કોઈ એક પિતાનો એકનો એક પુત્ર ૮-૧૦ વર્ષની ઉંમરે મરી ગયો, તો તે પિતા હવે તે પરંપરાના છેલ્લા પિતા જ બન્યા ને ? કોઈ માતાની એકની એક ૧૦ વર્ષની દીકરી સાધ્વી બની ગઈ. હવે આ માતા પોતે માતા-દીકરી પરંપરાની છેલ્લી જ માતા બનીને ? આમ, જે રીતે પિતા-માતાની અનાદિ પરંપરાનો અંત આવી શકે છે, તેમ આત્માના અનાદિ સંસારનો પણ અંત આવી શકે છે. એટલે કે આત્માનો મોક્ષ છે. અનાદિકાળથી આત્માને વળગેલા કર્મો આત્માથી દૂર થઈ શકે છે.

(૬) **આત્માના મોક્ષના ઉપાયો પણ છે.** તે અનાદિ સંસારનો અંત લાવવા,

આત્માનો કર્મોથી સંપૂર્ણ છૂટકારો કરવાના એટલે કે મોક્ષને પ્રાપ્ત કરવાના ઉપાયો પણ જૈનશાસનમાં બતાડવામાં આવ્યા છે.

મોક્ષ પ્રાપ્ત કરવા માટેનો ઉપાયો છે : પરમાત્માએ બતાડેલી સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની નિરતિચાર આરાધના. સંયમજીવનનું ઊંચામાં ઊંચું પાલન. કદાચ દેશ-કાલાદિના કારણે આ આરાધનામાં ય દોષો લાગી જાય તો ગીતાર્થ ગુરુ પાસે તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કરી લેવું તે.

વર્તમાનકાળના નબળા સંઘયણ - દેશ - કાલાદિના કારણે એક જ ભવની આરાધનાથી કદાચ મોક્ષ ન થાય તો ય તે આરાધના દ્વારા મોક્ષ તરફનું ગમન તો જરુર ચાલુ થઈ જ જાય.

શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે જઘન્ય કોટીની પણ સાધુજીવનની આરાધના સાતથી આઠ ભવમાં મોક્ષ આપવાને સમર્થ છે જ્યારે વિશિષ્ટ કોટીની સાધુજીવનની આરાધના તો તેથી પણ ઓછા ભવમાં મોક્ષ આપી શકે છે.

અરે ! આજથી નવમા વર્ષે પણ મોક્ષ પામવો હોય તો પામી શકાય છે. ભલે આ ભરતક્ષેત્રમાંથી અત્યારે સીધા મોક્ષે ન જઈ શકાતું હોય પણ મહાવિદેહ ક્ષેત્રમાં થઈને તો મોક્ષે જઈ જ શકાય છે ને ? જો કોઈ આત્મા અહીંથી મહાવિદેહમાં જન્મ લઈ આઠ વર્ષની ઉંમરે દીક્ષા લે, નવમાં વર્ષે કેવળજ્ઞાન પામે અને જો અલ્પાયુષ્ય હોય તો તરત મોક્ષ પામે તેવી પણ શક્યતા છે.

સમકિતી આત્મા નિયમથી વૈમાનિક દેવલોકનું આયુષ્ય બાંધે. તેથી આ ભરતક્ષેત્રનો ઉચ્ચ સંયમી વર્તમાનકાલીન આત્મા કદાચ મોક્ષ કે મહાવિદેહ ન પામે ને વૈમાનિકદેવ બને તો ય શું ? એ તો મોક્ષપુરીમાં જઈ રહેલા આત્માને દેવલોકમાં થોડો વિસામો લેવા જેવી વાત છે. ત્યાં જઈને તે આત્મા દેવી વગેરેના ભૌતિક સુખોમાં લલચાઈને ફસાઈ જશે કે પતન પામશે તેવી કોઈ વાત સંભવિત નથી. કેમ કે જે આત્માએ ઉચ્ચ કક્ષાનું સંયમ પાળ્યું છે, તે આત્મા, તે સંયમના પ્રભાવે જ દેવલોકમાં ય અનાસક્ત યોગીનું જીવન જીવશે. મહાવિદેહના તીર્થંકર પરમાત્માની દેશનાનું શ્રવણ, નંદીશ્વર દ્વીપ વગેરેની યાત્રાઓ, પરમાત્માના કલ્યાણક મહોત્સવોની ઉજવણી વગેરેમાં ઓતપ્રોત રહીને તે આત્મા ત્યાંય ભક્તિ કરવા સાથે અનાસક્તિથી ભોગ ભોગવીને નિકાચિત પુણ્યકર્મનો ક્ષય કરવાની સાધના કરશે. દેવલોકનો તે ભવ પૂર્ણ કરીને, માનવજન્મ લઈ, સાધુજીવનની ઉત્તમ આરાધના કરીને કેવળજ્ઞાન - મોક્ષ પામશે.

આમ, જે મોક્ષ પ્રાપ્ત કરવા જેવો છે, તેના ઉપાયો પણ છે, તે વાત નક્કી થઈ.

સમકિતના ૬૭ બોલનું વર્ણન અહીં પૂર્ણ થાય છે.

# (૬) સમકિતવ્રત - સ્વીકાર

સમ્યગ્દર્શન સ્વીકારવા માટે સૌ પ્રથમ નીચેની પ્રતિજ્ઞા કરવાની હોય છે.

**પ્રતિજ્ઞા : રાગ-દ્વેષ, અજ્ઞાનાદિ તમામ દોષોથી રહિત વીતરાગ પરમાત્માને હું ભગવાન તરીકે સ્વીકારું છું. પાંચ મહાવ્રતને ધારણ કરનારા સુવિહિતસંયમી સાધુઓને હું ગુરુ તરીકે સ્વીકારું છું. સર્વજ્ઞ ભગવંતોએ બતાડેલા તત્ત્વને હું ધર્મ તરીકે સ્વીકારું છું. તે સિવાયના રાગી-દ્વેષી કે અજ્ઞાની દેવ-દેવતા-દેવીઓને હું ભગવાન તરીકે માનીશ નહિ. પાંચ મહાવ્રતોનું પાલન નહિ કરનારા બાવા-સંન્યાસી-ફકીર વગેરેને ગુરુ માનીશ નહિ. ભગવાને કહેલી વાતો સિવાયની અન્ય વાતોને ધર્મ તરીકે માનીશ નહિ.**

**સમયમર્યાદા : આજીવન /................ વર્ષ        દંડ..................**

દરેક વ્યક્તિએ ઉપર પ્રમાણેની પ્રતિજ્ઞા લઈ લેવી જોઈએ. પૂર્વે જણાવેલ રાજાભિયોગ, બલાભિયોગ, ગણાભિયોગ વગેરે છ આગારો - છૂટ - તો છે જ. તે સિવાયની કોઈ છૂટો સત્ત્વશાળી વ્યક્તિએ રાખવાની જરુર નથી.

બને ત્યાં સુધી દોષ સેવવો જ નહિ. છતાં ય ક્યારેક પરિસ્થિતિ જ તેવી નિર્માણ પામે કે દોષ સેવ્યા વિના ચાલે તેમ જ ન હોય તો ઓછામાં ઓછો દોષ સેવવાની જે કાળજી લેવાય તે યતના (જયણા) કહેવાય, જ્યાં યતના નથી, તે ધર્મને ધર્મ કહી શકાય નહિ. જયણા તો ધર્મની જીવાદોરી છે. ધર્મની માતા છે. માતા વિના પુત્ર શી રીતે જન્મી શકે ?

તેથી શક્ય હોય તો સત્ત્વશાળી બનીને ઉલ્લાસભેર, કોઈપણ છૂટછાટ વિનાનું સમકિત ઉચ્ચરવું જોઈએ. પણ જો તેવું સત્ત્વ ન હોવાના કારણે છૂટછાટ રાખવી જ પડે તેમ હોય તો તે જયણાપૂર્વકની જોઈએ. તે છૂટોને એકી સાથે નોંધી રાખવી જોઈએ. પોતાની શક્તિની, પરિસ્થિતિની અને આસપાસના સંયોગની ગંભીરતાથી વિચારણા કરીને, વ્રત ભંગ ન થાય તે માટે ના છૂટકે રાખવી પડતી છૂટોની જયણા રાખવી. અને તે રીતે પણ સમકિત વ્રત તો ઉચ્ચરવું જ, પણ વ્રતભંગના ભયે કે છૂટ ન રાખવાના લોભે વ્રત જ ન લેવું, તે તો કોઈ સંયોગમાં ઉચિત નથી.

સુદેવ, સુગુરુ ને સુધર્મ સિવાય ક્યાંય નમન - વંદનાદિ કરવાની જરુર નથી.

પેલા ધનપાળ કવિ ! મહારાજા ભોજના દરબારમાં જવાનું થાય ત્યારે તેને નમવું તો પડે જ ને ? દેવ - ગુરુ - ધર્મ સિવાય બીજાને શા માટે નમું ? તેણે રસ્તો શોધી કાઢ્યો. પોતાના હાથની આંગળીમાં ભગવાન ઋષભદેવના ચિત્રવાળી વીંટી પહેરે. હવે નમન-વંદનાદિ કરતી વખતે હાથ એ રીતે જ જોડે કે જેથી વીંટીમાં રહેલા ભગવાનને જ નમન-વંદન ભાવપૂર્વક થાય.

સમકિતીને મન પોતાના ભગવાન સર્વસ્વ હોય. તેના તોલે કોઈ [illegible] બધા ભગવાન હેઠ ! બીજાને ભગવાન તરીકે તો ન જ માને, પણ કદાચ સત્ત્વ ઓછું પડવાથી કાંઈક કરવું પડે તોય બે વચ્ચેનો ભેદ તો તેના મનમાં સ્પષ્ટ હોય જ. રાગી અને વિરાગી, બંનેને એક સરખા તો ન જ મનાય ને ? સોનું અને પિત્તળ, બંને પીળા હોવાથી એક થોડા ગણાય ? સોનું એ સોનું છે ને પિત્તળ એ પિત્તળ છે. તેમ રાગી એ રાગી છે ને વીતરાગી એ વીતરાગી છે. બંનેને એક કક્ષાએ પણ જો ન મૂકી શકાય તો વીતરાગી કરતાં ય ચડિયાતી કક્ષામાં તો રાગી દેવને શી રીતે મૂકી શકાય ?

તેથી હવે ભગવાનની આરતીના ઘી કરતાં જો સરાગી દેવ-દેવીની આરતીનું ઘી વધારે બોલાય, ભગવાનની આંગી કરતાં દેવ-દેવીની આંગી ચડિયાતી કરાય, ભગવાનના જાપ કરતાં દેવ-દેવીના જાપ તરફ વધારે લક્ષ અપાય, ભગવાનની ભાવના કે ગુણગાન બાજુએ રાખીને દેવ-દેવી પાછળ જ પાગલ બનાય તો શું સમજવું ? શી રીતે સમ્યગ્દર્શન ટકી શકે ?

સરાગી દેવ-દેવી કરતાં ભગવાનને ચડિયાતું સ્થાન આપીએ પણ ભગવાન કરતાં ય મનમાં ચડિયાતું સ્થાન પતિને, પત્નીને, ધનને, ભોજનને, પરિવારને આપતા હોઈએ તો શું સમજવું ?

દેવ-ગુરુ-ધર્મ સિવાય મારું કોઈ શરણ નથી. अन्यथा सरणं नास्ति એ અજપાજપ ચાલવો જોઈએ. આ ત્રણ તત્ત્વો સિવાય બીજા કોઈની મારે મન કશીય કિંમત નથી. આ ત્રણ મળ્યા એટલે બેડોપાર. આ ત્રણમાં શ્રદ્ધા ખુટી એટલે મારું આધ્યાત્મિક અધઃપતન.

સત્ત્વશાળી વ્યક્તિ તો કુળદેવીને ય ન નમે. તેના ય ગોત્રેજ, નૈવેદ્ય વગેરે ન કરે. પેલા કુમારપાળ મહારાજા ! જેની કુળદેવી હતી કંટકેશ્વરી દેવી ! પૂર્વજોથી ચાલી આવતી પરંપરા હતી કુળદેવીને બલિ દેવાની. પણ સમકિત પામ્યા પછી કુમારપાળની જરાય તૈયારી નથી બલી દેવાની. બધાએ સમજાવ્યા. પાછળથી પ્રાયશ્ચિત કરી દેવાની કો'કે કદાચ સલાહ પણ આપી હશે. કુળદેવીનો કોપ ઉતરશે તો કુટુંબનું ધનોતપનોત નીકળી જશે, તેવો ભય પણ બતાડ્યો હશે. પણ કુમારપાળ મહારાજા હતા મહાસત્ત્વશાળી. તેમને આવી કાયર અને બાયલાઓની રેંગી પેંગી વાત શી રીતે ગમે ?

તેમની તો સ્પષ્ટ વાત એક જ હતી કે, "હું જૈન છું. જીવદયા એ મારી કુળદેવી છે. જીવદયા સિવાય બીજી કોઈ કુળદેવીને હું માનતો નથી. જે દેવી પશુઓના બલિથી જ રીઝતી હોય તેને દેવી શી રીતે કહેવાય ? દેવી તો દયાનો અવતાર જ હોય ને ?

અને....ખરેખર કુમારપાળે કુળદેવીને બલિ ન આપ્યો તે ન જ આપ્યો.

આ તો સત્ત્વશાળી કુમારપાળની વાત થઈ. આપણે પણ તેમના જેવા જ સત્ત્વશાળી બનવું જોઈએ. પણ જો તેવું સત્ત્વ ન હોય, વડિલોની આમન્યા તુટતી હોય,

ઘરમાં સંક્લેશનું વાતાવરણ સર્જાતું હોય, સમાધિ સર્વની જોખમમાં મૂકાતી હોય, અને તેવા કારણે કદાચ કુળદેવી વગેરેનું કાંઈક કરવું પડતું હોય તો ના છૂટકે, દુઃખાતા દીલે કરવું. તે વખતે ય તે દેવ - દેવીને ભગવાન તરીકે તો ન જ માનવા પણ ઘરના વડિલ દાદા-દાદી છે, તે રીતે તેમનું ઔચિત્ય કરવું. પણ તેમાં ધર્મની બુદ્ધિ તો ન જ લાવવી. આને જયણા કહેવાય.

પરિસ્થિતિવશ આવી જયણા રાખવી પડે તો રાખીને પણ વ્રત તો લેવું જ. પણ વ્રત લેવામાં પાછીપાની તો ન જ કરવી. વ્રત લેતાં પૂર્વે પોતાની શક્તિ, સત્ત્વ તથા પરિસ્થિતિની પૂર્ણ સજાગતાથી વિચારણા કરીને જરુરી જયણા રાખીને પણ જલ્દીથી સમકિત વ્રત ઉચ્ચરી લેવું જોઈએ.

આત્મકલ્યાણના પાયા રુપ સમકિતનું મહત્ત્વ હવે જો બરાબર સમજાઈ ગયું હોય તો નીચે છાપેલી અધૂરી વિગતો પૂર્ણ કરીને, જરુરી જયણા, સમયમર્યાદા, દંડ વગેરેની નોંધ કરીને, આજે જ સમકિતવ્રત ઉચ્ચરી લેવા જેવું છે.

**જયણા :** જે જયણા રાખવાની હોય તેની સામે (✓) નિશાની કરવી. નવી કોઈ જયણા રાખવી જરુરી હોય તો તે નીચે લખવી.

(૧) સત્તાધારીવર્ગ, લોક સમુદાય, માતાપિતાદિ વડિલો, જ્ઞાતિજનો વગેરેના અતિશય દબાણથી કાંઈ કરવું પડે તો જયણા. (     )

(૨) સર્પદંશ, ભૂત-પ્રેતાદિ ઉપદ્રવ, આર્થિક કટોકટી, આજીવિકાભય વગેરે કારણે કરવું પડે તો જયણા. (     )

(૩) નોકરી, દાક્ષિણ્ય વગેરેના કારણે જયણા. (     )

(૪) કુળદેવી, ગોત્રેજ, નૈવેદ્ય વગેરે લૌકિક ધર્મો સેવવા પડે તો જયણા. (     )

ઉપરોક્ત કારણે પણ જે કાંઈ કરવું પડશે તે પણ ધર્મની બુદ્ધિથી તો નહિ જ કરું. “ના છૂટકે કરવું જ પડે છે, માટે કરું છું, બાકી કરવા જેવું તો નથી જ.” તેવું માનીને કરીશ.

રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ વગેરે છ આગારો તથા અન્ય પણ જરુરી છૂટછાટ (જયણા) સાથે જે સમકિત વ્રત ઉચ્ચરો છો, તેનું બરોબર પાલન કરવા કેટલાક નાના-મોટા નિયમો લેવા પણ જરુરી છે. તે નિયમો શક્ય હોય તો જિંદગી સુધીના લેવા, કદાચ તે શક્ય ન હોય તો પોતાની અનુકૂળતા મુજબની સમયમર્યાદાના પણ લઈ શકાય છે.

જો તે નિયમો સંપૂર્ણપણે લેવાય તો શ્રેષ્ઠ, પણ કારણવશાત્ સંપૂર્ણપણે લઈ શકાય તેમ ન હોય તો છેવટે તેમાં કેટલીક છૂટછાટ રાખીને પણ તે નિયમો તો લેવા જ જોઈએ.

ઉપરોક્ત બધી જ કાળજી કરવા છતાંય જો પરિસ્થિતિવશ ક્યારેક જે તે નિયમ

પાળી ન શકાય તો તેનો દંડ પણ પહેલેથી જ નક્કી કરી લેવા. જ્યાં નિયમભંગની જરા પણ કોઈ જ શક્યતા પેદા ન થાય. દંડ તરીકે ભાવતી વસ્તુનો ત્યાગ, અમુક રુપીયાનું શુભ ખાતે દાન, અમુક સામાયિક, અમુક ખમાસમણ વગેરે રાખી શકાય.

**નિયમો :** જે નિયમ લઈ શકો તેમ હો, તે નિયમોની સામે તે નિયમ કેટલા સમય માટે છે ? તે લખવું. જો તેમાં કોઈ છૂટ રાખી હોય તો તેની તથા પાલન ન થતાં રાખેલા દંડની પણ તે તે ખાનામાં નોંધ કરવી. નવા નિયમ પણ લખવા.

| નિયમો | સમયમર્યાદા | દંડ |
|---|---|---|
| (૧) ભગવાનના દર્શન કર્યા પછી જ મુખમાં અન્ન કે પાણી નાંખીશ. | | |
| (૨) સવારે ઊઠતાં આઠ, રાત્રે સુતાં સાત નવકાર ગણીશ. | | |
| (૩) ભગવાનની પૂજા કરીશ / આંગી કરીશ. | | |
| (૪) સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરીશ. | | |
| (૫) સવાર-સાંજ પ્રતિક્રમણ કરીશ. | | |
| (૬) ઉકાળેલું પાણી પીશ. | | |
| (૭) પર્વતિથિએ ——— તપ કરીશ. | | |
| (૮) સાંજે દર્શન કરવા જઈશ. | | |
| (૯) આરતીમાં હાજર રહીશ. | | |
| (૧૦) ઓછામાં ઓછું એક સામાયિક કરીશ. | | |
| (૧૧) રાત્રીભોજનનો ત્યાગ કરીશ. | | |
| (૧૨) કંદમૂળનો ત્યાગ કરીશ. | | |
| (૧૩) કોઈ દીક્ષા લે તેમાં અંતરાય નહિ કરું. | | |
| (૧૪) દર વર્ષે ....રુ. શુભકાર્યમાં વાપરીશ. | | |
| (૧૫) દર વર્ષે તીર્થયાત્રા કરીશ. | | |
| (૧૬) દર વર્ષે .....રુ.નો સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં લાભ લઈશ. | | |
| (૧૭) ઉપધાન ન થાય ત્યાં સુધી....ત્યાગ | | |
| (૧૮) દીક્ષા ન લઉં ત્યાં સુધી....ત્યાગ | | |
| (૧૯) દેરાસર ન બંધાવું ત્યાં સુધી....ત્યાગ | | |
| (૨૦) ભગવાન ન ભરાવું ત્યાં સુધી....ત્યાગ | | |
| (૨૧) ઉપધાન ન કરાવું ત્યાં સુધી .....ત્યાગ | | |
| (૨૨) છ'રી પાલિત સંઘ ન કઢાવું ત્યાં સુધી......ત્યાગ. | | |

# (૭) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત

સમ્યગ્દર્શનવ્રત ઉચ્ચર્યા બાદ બાર વ્રતો સ્વીકારવાના હોય છે. આ બાર વ્રતોમાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોનો સમાવેશ થાય છે.

દરેક શ્રાવક-શ્રાવિકાનું લક્ષ જે સાધુજીવન સ્વીકારવાનું છે, તે સાધુજીવન જીવવા માટે પાંચ મહાવ્રતોનું પાલન કરવું આવશ્યક છે. પાંચ મહાવ્રત એટલે પાંચ મોટા વ્રતો, પાળવામાં અતિશય અઘરા વ્રતો. અત્યંત સૂક્ષ્મતાથી પાળવાનાં વ્રતો.

આ પાંચ મહાવ્રતો પાળવાની જેમની શક્તિ નથી તેવા આત્માઓ તે જ વ્રતોને સ્થૂલથી - છૂટછાટ લેવાપૂર્વક - સ્વીકારે છે, ત્યારે તે જ પાંચ વ્રતો અણુવ્રતો તરીકે ઓળખાય છે.

અણુ = સ્થૂલ, નાના વ્રતો, તે પાંચ છે. (૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત. (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત. (૪) સ્વદારા સંતોષ - પરસ્ત્રીગમન વિરમણ વ્રત અને (૫) પરિગ્રહ પરિમાણ વ્રત.

જીવનમાં ગુણોની ખિલવણી કરવા અને નિષ્પ્રયોજન જે પાપો સેવાય છે, તેમાંથી મુક્ત થવા જે વ્રતો સ્વીકારવાના છે, તે ગુણવ્રતો તરીકે ઓળખાય છે. તે ગુણવ્રતો ત્રણ છે.

(૧) દિશા પરિમાણ વ્રત

(૨) ભોગોપભોગ પરિમાણ વ્રત.

(૩) અનર્થદંડ વિરમણ વ્રત.

સાધુજીવનની આરાધનાની તાલીમ મળે, સ્થૂલ અંશે તેનું આસેવન પણ જેનાથી થાય તે શિક્ષાવ્રત કહેવાય છે. તે ચાર છે.

(૧) સામાયિક વ્રત (૨) દેશાવગાસિક વ્રત (૩) પૌષધોપવાસ વ્રત અને (૪) અતિથિ સંવિભાગ વ્રત.

આ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળીને બાર વ્રતો ઉચ્ચરીને શ્રાવકજીવનનો સ્વીકાર કરવાનો હોય છે.

**(૧) પ્રથમ અણુવ્રત : સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત**

કોઈપણ આત્મા છેદાતો નથી, ભેદાતો નથી, કપાતો નથી કે મરતો પણ નથી.

જો આત્મા મરતો જ ન હોય તો તેને મારનાર શી રીતે હોય ? તેને મારવાનું પાપ પણ શી રીતે લાગે ?

શુદ્ધ આત્મા ભલે મરતો નથી, પણ આત્મા જ્યારે કર્મથી યુક્ત હોય છે, ત્યારે તે જીવ કહેવાય છે. આવો જીવ જ્યારે ઈન્દ્રિયો, શરીર, શ્વાસોશ્વાસ, આયુષ્ય વગેરે દ્રવ્ય પ્રાણોથી યુક્ત બને છે, ત્યારે તેનો જન્મ થયો ગણાય છે. પછી જ્યારે તે દ્રવ્ય પ્રાણોથી છૂટો પડે છે, ત્યારે તેનું મૃત્યું થયું તેવો વ્યવહાર કરાય છે.

જીવોને તેના પ્રાણોથી વિયોગ કરાવવો તેનું જ નામ પ્રાણાતિપાત. આવા પ્રાણાતિપાતથી અટકવું (વિરમણ = અટકવું) તે પ્રાણાતિપાત વિરમણ.

જે બીજાના પ્રાણોનો આત્માથી વિયોગ કરાવે છે તેના પોતાના પ્રાણોનો આત્માથી વિયોગ થયા વિના શી રીતે રહે ? જે આપો તે મળે, તે આ જગતનો સનાતન નિયમ છે. તેથી જો પોતાના પ્રાણોથી આત્માનો વિયોગ ન થાય તેમ ઇચ્છતા હોઈએ તો આપણે જીવોનો પ્રાણાતિપાત કાયમ માટે બંધ કરી દેવો જોઈએ.

તે તો સાધુજીવન સ્વીકારીએ તો જ શક્ય બને. સાધુજીવન જ એક એવું જીવન છે કે જેમાં કોઈ જીવની હિંસા કરવાની હોતી નથી, જેનાથી બીજાનું જીવન ટકાવવા દ્વારા પોતાનું જીવન પામી શકાય છે. જીવોનો પ્રાણાતિપાત અટકાવીને, મોક્ષમાં જવા દ્વારા કાયમ માટેનો પોતાનો પ્રાણાતિપાત અટકાવી શકાય છે. બીજાને મોતમાંથી મુક્તિ આપવા દ્વારા કાયમ માટે પોતાનું મોત દૂર ઠેલી શકાય છે. જો મોતના દુઃખનો ડર હોય, મોત ન મેળવવાની ઇચ્છા હોય તો પ્રાણાતિપાત કરવાનું કાયમ માટે બંધ કરી દેવું જોઈએ. તે માટે સાધુ જ બનવું જોઈએ.

વ્યક્તિગત રીતે જો તે જીવન જીવવું શક્ય ન જણાતું હોય તો, પોતાનાથી શક્ય બને તેટલો પ્રાણાતિપાત ઓછો કરવો જોઈએ. બીજા જીવોને મારવાનું બંધ કરવું જોઈએ. તે માટે આ પ્રથમ અણુવ્રત - સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત - નો સ્વીકાર કરવો જોઈએ.

જીવો બે પ્રકારના છે. પોતાની ઇચ્છા પ્રમાણે હલનચલન કરી શકનારા ત્રસજીવો અને ગમે તેવી તકલીફ પડે તો ય પોતાની ઇચ્છા મુજબ હલનચલન નહીં કરી શકનારા સ્થાવર જીવો. બેમાંથી એકે ય પ્રકારના જીવોની હિંસા કરવી ન જોઈએ. પણ સંસારી જીવો હજુ ત્રસજીવોની રક્ષા કદાચ કરી શકે પણ સ્થાવર જીવોની હિંસાથી અટકવું તેમના માટે ઘણું મુશ્કેલ છે.

સ્થાવર જીવોમાં આવે માટી-મીઠું-ખડી, ખારો વગેરે પૃથ્વીકાયના જીવો, પાણીના જીવો, લાઈટ, દીવા-આગ વગેરે રુપ અગ્નિકાયના જીવો, પવન વગેરે વાયુકાયના જીવો તથા વનસ્પતિના જીવો. શું આ બધા જ જીવોને સંસારમાં રહીને અભયદાન આપવું શક્ય છે ?

સાધુઓ જરુર પડે તો બલવણ (પાકાં મીઠા)નો ઉપયોગ કરે છે પણ કાચા

મીઠાને અડતાં ય નથી. ઉકાળેલું પાણી વાપરે પણ કાચાં પાણીનો ઉપયોગ ન કરે. ચંદ્ર કે સૂર્યના અચિત્ત પ્રકાશનો ઉપયોગ કરે પણ લાઈટના પ્રકાશનો કે સગડી વગેરેના અગ્નિનો ઉપયોગ ન કરે. પંખા-ફ્રિઝ કે એરકંડીશન્ડનો ઉપયોગ ન કરે. જાતે વનસ્પતિની ઉપર ચાલે નહિ કે પાંદડા વગેરે તોડે નહિ. આમ, પાંચે ય સ્થાવર જીવોના પ્રાણાતિપાતથી સાધુ ભગવંતો અટકી શકે છે, પણ ગૃહસ્થોનું તો જીવન જ એવા પ્રકારનું છે કે ડગલે ને પગલે તેમને પાણી અને અગ્નિ વિના ચાલે જ નહિ. તેની વિરાધના તેમના દ્વારા સતત ચાલુ જ રહેતી હોય છે.

તેમણે હવેથી આ જીવોની વિરાધનાથી પણ જેટલું બને તેટલું અટકવાનો પ્રયત્ન કરવાનો છે. સાથે ત્રસજીવોની હિંસાથી પણ બચવાનું છે.

પણ ત્રસ જીવોમાં અપરાધી અને નિરપરાધી એમ બે પ્રકારના જીવો વિચારીએ તો જેણે પોતાનો કાંઈક અપરાધ કર્યો છે, તેવા અપરાધી જીવોની હિંસાથી બચવું ગૃહસ્થો માટે મુશ્કેલ છે. મારું તેણે બગાડ્યું છે ને ! તો હું ય હવે તેને જોઈ લઈશ ! તે સમજે છે શું તેના મનમાં ? હું પણ કાંઈ તેનાથી કમ નથી હોં ! આવા વિચારો આવ્યા વિના રહેતાં નથી.

અપરાધી જીવોની પણ હિંસા ન થઈ જાય તેની કાળજી રાખવા સાથે, જેણે પોતાના વિષયમાં કોઈ જ અપરાધ નથી કર્યો તેવા નિરપરાધી જીવોની હિંસા તો નહિ જ કરવાનો સંકલ્પ કરવો જોઈએ.

નિરપરાધી જીવોની રક્ષા કરવાનો ભલેને ગમે તેવો સંકલ્પ કરે, પણ સંસારી જીવથી અજાણતાં તો તેમની હિંસા થઈ જ જવાની. તેથી જાણી જોઈને મારે નિરપરાધી ત્રસ જીવોની હિંસા કરવી નહિ, તેવો સંકલ્પ તો કરવો જ જોઈએ. તથા અજાણતાં ય જીવહિંસા ન થઈ જાય તેની કાળજી રાખવી જોઈએ.

પરન્તુ સંસારની આ તો વિષમતા છે કે અહંકાર, સ્વાર્થ, મમત્વ, રાગ, દ્વેષ-લાલસા વગેરે દોષો જાણી જોઈને પણ નિરપરાધી જીવોની હિંસા કરાવી દે છે. રસ્તામાં જતાં જતાં કારણ વિના જ ગાયનું પૂછડું આમળવાનું મન થાય છે. કૂતરાને એકાદ પથ્થર મરાઈ જાય છે. પત્ની પરનો ગુસ્સો નિરપરાધી દીકરા ઉપર ઊતરી જાય છે અને તેને એકાદ બે લાફા મરાઈ જાય છે. આ પણ હિંસા છે. ના, આ તો શી રીતે ચાલે ?

જીવોની હિંસા બે રીતે થાય. સાપેક્ષ અને નિરપેક્ષ. જીવ મરી ન જાય, તેને વધુ પીડા ન થાય તેવી કાળજીપૂર્વક કરાતી હિંસા તે સાપેક્ષ હિંસા કહેવાય. નિર્દયતા કે નિષ્ઠુરતાપૂર્વક કરાતી હિંસા તે નિરપેક્ષ હિંસા કહેવાય. સંસારી જીવે પોતાના દીકરાને કંઈક સમજણ આપવા જાણી જોઈને મારવું પડે તો ય નિરપેક્ષ રીતે તો નહિ જ મારવું,

તેટલું તો કમસે કમ નક્કી કરવું જોઈએ ને ? સાપેક્ષ હિંસાથી ન અટકી શકે તો ય નિરપેક્ષ હિંસાથી તો અટકવું જોઈએ ને ?

આમ સંસારી જીવ ભલે તમામ હિંસામાંથી અટકી શકતો નથી, પણ જો ધારે તો બીજા જીવોની રક્ષા કરવાની ભાવના સાથે, જાણી જોઈને નિરપરાધી ત્રસ જીવોની નિરપેક્ષપણે કરાતી હિંસાથી તો અટકી શકે છે. તે માટે તેણે આ પ્રથમ અણુવ્રત ધારણ કરવાનું છે. આ પ્રથમ અણુવ્રત સ્વીકારનારે આ જ પ્રતિજ્ઞા કરવાની છે કે, **"હું જાણી જોઈને, નિરપરાધી ત્રસજીવોની નિરપેક્ષપણે હિંસા કરીશ નહિ કે બીજા પાસે કરાવીશ નહિ."**

શ્રાવકની આ દયાને સવા વસાની દયા કહેવાય છે. સર્વ જીવોની જે દયા પાળવી તે વીસ વસાની દયા કહેવાય. તે તો સાધુ-સાધ્વીજી પાળી શકે.

તેમાંના સ્થાવર જીવોની દયા પાળવી સંસારીઓ માટે અશક્ય હોવાથી દસ વસા ઓછા થઈ જ ગયા.

બાકી રહેલાં દસ વસા રુપ ત્રસજીવોમાંથી સંસારીઓ અપરાધી જીવોની દયા પાળી શકતા ન હોવાથી પાંચ વસા ઓછા થયા.

પાંચ વસા રુપે નિરપરાધી જીવોની ભલે જાણી જોઈને હિંસા કદાચ ન કરે પણ અજાણતાં તો હિંસા થઈ જ જવાની. તેથી અજાણતાં કરેલી હિંસાના અઢી વસા ઓછા થયા.

હવે જે અઢી વસા રુપ દયાના પાલનની શક્યતા ઊભી થઈ, તેમાં ય કારણે હિંસા કરવી પડે છે. તે હિંસા નિરપેક્ષ રીતે ન કરે તો સવા વસાની દયા પાળી ગણાય.

આમ, સંસારમાં રહેલો શ્રાવક દયાનું પાલન કરવા ઇચ્છે તો ય સવા વસાથી અધિક દયા પાળવી તેના માટે શક્ય બનતી નથી. આ સવા વસાની દયા પાળવા માટે પ્રથમ અણુવ્રત સ્વીકારવાનું છે. અને તે વખતે વીસે વીસ વસાની દયા પાળવાનું જેનાથી શક્ય બની શકે છે, તે સાધુજીવન સ્વીકારવાની ભાવના પણ ભાવવાની છે.

જયપુર નગરમાં શત્રુંજય રાજા રાજય કરતાં હતા. તેમને બે પુત્રો થયા. સૂર્ય અને ચન્દ્ર તેમના નામ રાખ્યા.

યૌવનવયને આંગણે આવતાં પિતાએ સૂર્યને યુવરાજ પદ આપ્યું પણ ચન્દ્રને કાંઈ પદ ન આપ્યું. સ્વમાની ચન્દ્રને અપમાન લાગ્યું. કોઈને ય કહ્યા વિના, રિસાયેલો તે રાજકુમાર જંગલની કાંટાળી કેડીએ નીકળી પડ્યો.

ઝરણાના પાણી ને વૃક્ષોનાં ફળો આરોગતો તે રાજપુર નગરની બહારના ઉદ્યાનમાં આવી પહોંચ્યો.

જેમના મુખ પર ફાટફાટ પ્રસન્નતા ઊભરાઈ રહી છે. લલાટ અત્યંત તેજસ્વી છે, મુખમાંથી ગંગાના ખળખળ વહેતાં નીર જેવી મધુરી દેશના વહી રહી છે, તેવા મુનિવરને જોતાં જ તે સહજ રીતે આકર્ષાયો. દેશના સાંભળવા બેસી ગયો.

"સર્વદાનમાં શ્રેષ્ઠ દાન અભયદાન છે. કોઈપણ જીવને આપણા તરફથી ભય પેદા ન થવો જોઈએ. તે માટે આપણે કોઈ પણ જીવની હિંસા ન કરવી જોઈએ. આપણા હૃદયમાં સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવ ઊછળવો જોઈએ.

અપરાધ કરે તેવા જીવો પ્રત્યે પણ જ્યારે દયા ચિંતવવાની છે ત્યારે જેમણે કાંઈ પણ અપરાધ કર્યો ન હોય તેમને તો પીડા અપાય જ કેમ ? તેવા જીવની કદી પણ હિંસા ન કરવાનો બધાએ નિયમ કરવો જોઈએ.

અહિંસાધર્મનું પાલન કરવાથી જીવને આ ભવમાં ય આરોગ્ય અને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. પરલોકમાં સ્વર્ગ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે."

મુનિભગવંતના ઉપદેશની ચન્દ્ર ઉપર ધારી અસર થઈ. તેને મુનિવરની વાતો ગમી ગઈ. વંદના કરીને કહ્યું કે "ગુરુદેવ ! આપો મને નિયમ. હું યુદ્ધ સિવાય કોઈ જીવોને ક્યારે ય મારીશ નહિ. અરે ! મારી વીરતા બતાડવા પણ ક્યારે ય બીજા જીવોની હિંસા કરીશ નહિ.'

ગુરુભગવંતે તેને નિયમ આપ્યો. ભાવભરી વંદના કરીને તે નગરમાં પહોંચ્યો. તેના રુપ, ગુણ, વ્યક્તિત્વ વગેરેથી ત્યાંનો રાજા પ્રભાવિત થયો. તેણે પોતાની વાણી-વર્તન દ્વારા પ્રજાનું પણ દિલ જીતી લીધું.

એક વાર તે રાજાએ ચન્દ્રને કહ્યું, "ચન્દ્ર ! તારી શક્તિ માટે મને ઘણું માન છે. મને આજે તારું કામ પડ્યું છે. કુંભ નામનો એક ભરાડી ડાકુ અહીં છે. જે અવારનવાર ગાયો ઉપાડી જાય છે, આક્રમણ કરે છે. પ્રજાને ત્રાહીમામ પોકારવે છે.

તેનો કિલ્લો ખૂબ સુરક્ષિત છે. તારે ગમે તે રીતે તે કિલ્લામાં ઘૂસી જઈને સૂતેલા તેની પર ઘા કરીને તેને ખતમ કરી દેવાનો છે.

પણ આ શબ્દો સાંભળીને ચન્દ્ર ચમક્યો. રોમરોમમાં વસેલો અહિંસાધર્મ શી રીતે ચુકાય ? તેને વિનયપૂર્વક રાજાને જાણ કરી દીધી કે "રાજન્ ! તકલીફ બદલ ક્ષમા કરશોજી. પરંતુ મારે પ્રતિજ્ઞા છે કે યુદ્ધ સિવાય કદી ય અપરાધી જીવની હિંસા કરવી નહિ. તેથી હું આપની વાત સ્વીકારી શકું તેમ નથી."

રાજા પોતે પણ ધર્મી હતો. તેને આ વાત સાંભળતાં ચન્દ્ર પ્રત્યે વિશેષ માન થયું. આવા દૃઢપ્રતિજ્ઞાવાળા યુવાનને પામીને તે પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. તેણે ચન્દ્રને પોતાના અંગરક્ષકોની ટુકડીનો લીડર બનાવ્યો તથા મંત્રીમંડળમાં પણ તેને વિશેષ

સ્થાન આપ્યું.

ચન્દ્રે પોતાના ગુપ્તચરોને કુંભની માહિતી માટે ગોઠવી દીધેલા. એક દિવસ અચાનક ગુપ્તચરો દ્વારા સમાચાર મળ્યા કે કુંભ રાજ્યની પૂર્વદિશાની સરહદમાં પોતાના સાથીઓ સાથે પ્રવેશ કરી રહ્યો છે.

તરત જ ચન્દ્રે પોતાના સશસ્ત્ર સૈનિકોને કુંભની ચારે દિશામાં ગોઠવી દીધા. અને અધવચ્ચે કુંભનો રસ્તો રોકી દીધો.

કુંભે ચારે બાજુથી છટકવાના પ્રયત્નો કર્યા, પણ જ્યારે તેને ખ્યાલ આવી ગયો કે હવે હું ચારે બાજુથી ઘેરાઈ ગયો છું, છટકવાના કોઈ જ ચાન્સ નથી ત્યારે વિચારમાં પડી ગયો.

તે જ વખતે ખુલ્લી તલવાર સાથે આવીને ચન્દ્રે ત્રાડ પાડી. 'શસ્ત્રો નીચે મૂકીને શરણે આવી જા. જરા ય છટકવાની કે ઉસ્તાદી કરવાની કોશિશ કરીશ તો મોતને ભેટીશ.

કુંભ તરત જ ઘોડા પરથી ઊતરીને, શસ્ત્રો નીચે મૂકી ચન્દ્રના શરણે આવ્યો. તરત જ ચન્દ્ર પણ તલવાર સૈનિકને આપીને ઘોડા પરથી નીચે ઊતરીને કુંભને ભેટી પડ્યો. અને લાગણીભર્યા સ્વરે બોલ્યો, "કુંભ ! હું ચન્દ્ર નામનો સેનાપતિ છું. ચિંતા ન કરીશ. જો તું આજથી લૂંટફાટ, બળાત્કાર, અપહરણ વગેરે હલકા કાર્યો છોડી દે તો હું રાજાને સમજાવીને તને કાયમ માટે મુક્ત કરાવીશ."

ચન્દ્રની અહિંસા, ઉદારતા અને વિશાળતા જોઈને કુંભ તો છક્કડ ખાઈ ગયો. શત્રુ પ્રત્યે પણ કેવી ઉમદાવૃત્તિ ! "ધન્ય ચન્દ્ર, ધન્ય ચન્દ્ર" તેમ તેનું હૃદય પોકારવા લાગ્યું. તરત જ તેણે કહ્યું, "હે અહિંસાના પૂજારી ! તારી તમામ આજ્ઞા મને શિરોમાન્ય છે. આજથી હું કાંઈ પણ પાપ નહિ કરું."

રાજાને સમજાવીને ચન્દ્રે તે કુંભને પોતાનો વિશ્વસનીય સહાયક સેનાપતિ બનાવ્યો.

પેલી બાજુ યુવરાજ સૂર્ય રાજ્ય મેળવવા ઇચ્છી રહ્યો છે, પણ પિતા હજુ તેનો રાજ્યાભિષેક કરતા નથી, રાજ્યની તીવ્ર આસક્તિથી સૂર્ય વિચારે છે, "મારો બૂઢ્ઢો બાપ જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી મને રાજ્ય ક્યાંથી મળે ? આ બૂઢ્ઢો રાજ્ય છોડતો જ નથી ને મરતો ય નથી. હવે તો મારે જ તેને યમસદનમાં મોકલીને રાજ્ય પડાવી લેવું પડશે."

સંસારનાં સુખોમાં આસક્ત બનેલો આત્મા કયું પાપ ન કરે ? તેને વળી સગું કોણ? જેનાથી સ્વાર્થ સધાય તે સગાં, બાકીના બધા પરાયાં. આ છે સંસારના સગાની વ્યાખ્યા.

અને એક રાત્રીએ, હાથમાં છરો લઈને પહોંચ્યો તે રાજાના શયનખંડમાં. ખુન્નસથી પિતા ઉપર છરાનો પ્રહાર કર્યો.

રાણી જાગી ગઈ. તેણે ચીસાચીસ કરી મૂકી. સૈનિકોએ સૂર્યને ઝડપી લીધો. રાણીએ રાજાના ઘા પર સાડીનો છેડો બાંધી દીધો.

પોતે જેને પોતાનો માન્યો, યુવરાજપદ સામે ચાલીને જેને આપ્યું, તે પુત્ર પોતે જ પોતાનો હત્યારો બન્યો, તે જાણીને રાજાના આવેશનો પાર નથી. ''સૈનિકો ! લઈ જાઓ એ દુષ્ટ નરાધમને મારી આંખ સામેથી, તેનું મોં પણ જોવા માંગતો નથી. તેને દેશનિકાલની સજા ફરમાવું છું.

અને મંત્રીઓ ! મારા આયુષ્યનો હવે ભરોસો નથી. તમે ચન્દ્રકુમારને શોધી લાવો, હું મારા હાથે તેનો રાજ્યાભિષેક કરવા ઈચ્છું છું.''

ચારે બાજુ તપાસ કરીને, પિતાનો સંદેશ પહોંચાડી, મંત્રીશ્વર ચન્દ્રકુમારને લઈ આવ્યા. તેણે પિતાના ચરણોમાં નમસ્કાર કર્યા.

પિતાએ ગદ્ગદ્ થઈને માફી માંગી. ''બેટા ! હું તારા ગુણોને ન ઓળખી શક્યો. સૂર્ય ઉપરના આંધળા મોહને વશ થઈને તને નગર છોડવામાં નિમિત્ત બન્યો.''

''પિતાજી ! આપ આવું ન બોલો. જે કર્મમાં હોય તે જ થાય. આપણે સૌ તો કર્મરાજાની કઠપૂતળીઓ છીએ. તે જેમ નચાવે તેમ આપણે નાચવું પડે. ખેર, જે બન્યું તે ખરું, હું પણ રિસાઈ ગયો તે બદલ આપની પાસે ક્ષમા માંગું છું.''

પિતાએ તેનો રાજ્યાભિષેક કર્યો. પણ હૃદય ખિન્ન છે. સૂર્યનો વિચાર આવતાં આંખમાં ખુન્નસ ઊભરાય છે. દાંત કચકચાવે છે. દ્વેષનો દાવાનલ પ્રજ્વલિત થાય છે. જેને મેં હેતથી રાખ્યો, તે જ મને મારવા તૈયાર થયો ! જેની ઉપર મેં પ્રેમ વરસાવ્યો તે જ મારી હત્યા કરવા આવ્યો.

કોઈએ તેને સંસારની અસારતા ન સમજાવી. સંસારના સ્વાર્થી સંબંધો ન ઓળખાવ્યા. પરમાત્માના શાસન તરફ નજર ન પહોંચાડી, અન્યથા તેના હૃદયમાં ક્ષમાનાં નીર ઉભરાત, સંસારની અસારતા સમજાત, વૈરાગ્યના પૂર પેદા થાત. સાધુજીવન મેળવવાની ઝંખના થાત. પાપો પ્રત્યે ધિક્કાર છૂટત. સૂર્યની સાથે પણ હાર્દિક ક્ષમાપના કરત.

દ્વેષ, તિરસ્કાર અને વૈરની આગમાં મૃત્યુ પામીને રાજા એક પર્વત પર વાઘ બન્યો.

દેશનિકાલની સજા પામેલો પેલો સૂર્ય પણ જંગલમાં ભટકતો તે જ પર્વત પર પહોંચ્યો. સૂર્યને જોતાં જ વાઘના પૂર્વજન્મના વેરના સંસ્કાર જાગ્રત થયા. ભયંકર

ગર્જના કરવાપૂર્વક છલાંગ મારીને વાઘે સૂર્યને યમસદનમાં પહોંચાડી દીધો.

મરીને આદિવાસી પુત્ર બનેલો તે સૂર્ય મોટો થતાં, પાછો તે જ પર્વત પર પહોંચ્યો. જોતાની સાથે વાઘે તેને ચીરી કાઢ્યો. ગુસ્સે થયેલા આદિવાસીઓએ તે વાઘને પણ ખતમ કર્યો.

વાઘ ને આદિવાસીપુત્ર, બંને મરીને તે જ પર્વત પર વરાહ બન્યા. લગાતાર ત્રણ વરસ સુધી બંને જણ એકબીજા સાથે લડતા રહ્યા. એક વાર કોઈ શિકારીએ બંનેને તીરથી વીંધી દીધા.

વૈર બહુ ખરાબ ચીજ છે. કોઈ દિવસ કોઈની સાથે વૈર બાંધવું નહિ. બધા સાથે મૈત્રીભાવ કેળવવો. જો વૈરની ગાંઠ બંધાઈ ગઈ તો ભવોભવ બરબાદ થયા વિના નહિ રહે.

મરીને તે બંને હરણ બન્યા. મોટા થઈને પરસ્પર લડવા લાગ્યા. છેવટે શિકારીના હાથે એક સાથે મર્યા.

મરીને બંને જણ હાથી બન્યા. મોટા થતાં પરસ્પર એકબીજા સાથે લડવાનું શરુ કર્યું. વૈરની આગ સળગી રહી છે. દરેક ભવમાં લડવા દ્વારા તેમાં પેટ્રોલ નાંખવાનું ચાલુ છે. એકમાત્ર માનવભવ એવો છે કે જેમાં અંદર રહેલા કુસંસ્કારોને ખતમ કરવા પાણી નાંખવાની સાધના થઈ શકે છે. બાકી અન્યભવોમાં તો પેટ્રોલ પૂરવાનું થતું હોય છે.

સૂર્ય અને રાજા બંનેને માનવજન્મ મળેલ પણ તેમણે ન દીક્ષા લીધી, ન બાર વ્રત લઈને શ્રાવક બન્યા. બલ્કે વૈરની આગ સળગાવવાનું ખરાબ કાર્ય કર્યું. પરિણામે પછીના ભવો તેમને એવા જ મળી રહ્યા છે કે જેમાં પાણીથી આગ ઓલવવાનું તો શક્ય બનતું નથી પણ પેટ્રોલ પૂરી પૂરીને તે આગને વધુ ભયંકર બનાવવાના ધંધા ચાલે છે !

લડતાં લડતાં તે હાથીઓ પોતાના ટોળાથી છૂટા પડીને દૂર દૂર નીકળી ગયા. કોઈ શિકારીએ પકડી લીધા. જયપુરના રાજા ચન્દ્રના ચરણોમાં ભેટ ધર્યા. પણ હસ્તિશાળામાં રહેલા તે બે હાથીઓ પણ પરસ્પરને જોઈને ઘૂરકવાનું ને લડવાનું છોડતા નથી !

એક વાર કેવળજ્ઞાની ગુરુભગવંત તે નગરમાં પધાર્યા. સમગ્ર નગરના લોકો સાથે દેશના સાંભળવા રાજા ચન્દ્ર પણ પહોંચ્યા. દેશના પછી ચન્દ્રે ગુરુભગવંતને પૂછ્યું કે બે હાથીઓ કેમ રોજ ઝઘડ્યા કરે છે ? રાજન ! એ બે હાથીઓ જે ઝઘડે છે તેમાં કષાય કારણ છે. એક હાથી તારા પિતાનો જીવ છે, તો બીજો હાથી તારા મોટા ભાઈ સૂર્યનો જીવ છે !

પૂર્વભવની વૈરની પરંપરા આગળ વધારવાનું મૂર્ખામીભર્યું કાર્ય તેમનું અહીં પણ ચાલી રહ્યું છે !

પોતાના પિતા અને ભાઈની આ હાલત વિચારતાં તેને સંસાર અસાર લાગ્યો. વૈરાગ્યની છોળો ઊછળી. રાજપુત્રનો રાજ્યાભિષેક કરીને દીક્ષાજીવન સ્વીકાર્યું. કઠોર આરાધના - સાધના કરીને સ્વર્ગે ગયા. ફરી મનુષ્યભવ પામીને, દીક્ષા લઈને, કેવળજ્ઞાન પામી મોક્ષને પામશે. પેલા બે હાથી ઝઘડી - ઝઘડીને છેવટે મરીને પહેલી નરકમાં ચાલ્યા ગયા.

સૂર્ય અને તેના પિતા, મળેલું માનવજીવન ગુમાવીને, અનેક પશુના અવતારો મેળવી છેલ્લે નરકમાં રવાના થયા; તેમાં કારણ છે હિંસા. પહેલા વ્રતનો જો સ્વીકાર કર્યો હોત તો તેમની આ કરુણ સ્થિતિ ન સર્જાત.

જ્યારે ચન્દ્ર પરદેશમાં ય જે માન-સન્માન પામ્યો, પોતાનું રાજ્ય પણ પાછું મેળવી શક્યો અને પરંપરાએ મોક્ષના સાચા સુખને પ્રાપ્ત કરી શક્યો તેમાં જો કોઈ કારણ હોય તો તે છે તેણે સ્વીકારેલા પ્રથમ અણુવ્રતનું પાલન!

આ પ્રસંગ દ્વારા બોધપાઠ લઈને પોતાના જીવનમાં પ્રથમ અણુવ્રત સ્વીકારવાનો નિર્ણય કરવો જોઈએ. તે અણુવ્રતનું બરોબર પાલન થઈ શકે તે માટે કેટલાક નિયમો પણ ધારણ કરવા જોઈએ. તેમાં કોઈ છૂટછાટ રાખવી હોય તો તે પણ રાખી શકાય. ભૂલ થાય તેનો દંડ પણ નક્કી કરી શકાય.

| નિયમો | સમયમર્યાદા | દંડ |
|---|---|---|
| અળગણ પાણી વાપરવું નહિ. | | |
| રસોડામાં પૂંજણીનો ઉપયોગ કરવો. | | |
| ડી.ડી.ટી વગેરે જંતુનાશક દવાઓ છંટાવવી નહિ. | | |
| મચ્છર-જૂ-ઉંદર વગેરે મારવાની દવાનો ઉપયોગ કરવો નહિ. | | |
| ઠંડું-ગરમ પાણી ભેગું ન કરવું. | | |
| લીલ-શેવાળ ઘસીને દૂર ન કરવી. | | |
| ફટાકડા વગેરે દારુખાનું ફોડવું નહિ. | | |
| લીખ-જૂ-મારવી નહિ. | | |
| ઘાસ પર ચાલવું નહીં. | | |
| ઝાડના ડાળી-પાંખડા-પાંદડાં તોડવા નહિ. | | |
| પશુ-પંખીનાં ચિત્રો ફાડવા નહિ. | | |
| પશુ-પંખીનાં ચિત્રોવાળા વસ્ત્રો પહેરવાં નહિ. | | |
| પશુ-પંખીનાં આકારવાળી વસ્તુઓ ખાવી નહિ. | | |

| નિયમો | સમયમર્યાદા | દંડ |
|---|---|---|
| શિકાર કરવો નહિ. | | |
| પંખીઓને પાંજરામાં પૂરવાં નહિ. | | |
| પશુઓને બાંધવાં નહિ. | | |
| રાત્રીભોજન કરવું નહિ. | | |
| કંદમૂળ ખાવું નહિ. | | |
| ગર્ભપાત કરવો-કરાવવો-અનુમોદવો નહિ. | | |

આ પ્રથમ વ્રત સ્વીકાર્યા પછી જેમ તેનો ભંગ થવા દેવાનો નથી; તેમ તેના અતિચારો પણ ન લાગે તેની કાળજી લેવાની છે. તે માટે પ્રથમ વ્રતના પાંચ અતિચારોને સમજવા પણ જરુરી છે.

**(૧) વધ :** રાગ-દ્વેષ, લોભ, સ્વાર્થ, પ્રમાદ વગેરે કારણથી કોઈ પણ નોકર, દાસ-દાસી વગેરે માણસોને; કૂતરો, ગાય વગેરે પશુઓને કે પોપટ વગેરે પંખીઓને નિર્દયતાથી માર મારવો, ત્રાસ આપવો તે પ્રથમ અતિચાર છે.

**(૨) બંધ :** રાગ-દ્વેષાદિને વશ થઈને, નોકર-દાસ-દાસી વગેરે માનવોને કે ગાય-ભેંસ-પોપટ વગેરે પશુ-પંખીઓને તેમના પ્રાણો જોખમમાં મુકાય તે રીતે ગાઢપણે બાંધવા.

**(૩) છવિચ્છેદ :** શરીરને નુકસાન થાય તે રીતે માનવ કે પશુ-પંખીના હાથ-પગ-કાન-આંખ-નાક વગેરે અવયવો કાપવા. ખસી કરાવવી.

**(૪) અતિભાર આરોપણ :** નોકર-ચાકર પાસે તેની શક્તિ કરતાં વધારે કામ કરાવવું. વધારે વજન ઊંચકાવવું. અતિ બોજો વહન કરાવવો. તે જ રીતે ઘોડા-ઊંટ-બળદ-ગધેડા વગેરે પશુઓ પાસે વધારે વજન ઊંચકાવવું. ગાડા-ઊંટગાડી-ઘોડાગાડીમાં વધારે માલ વહન કરાવવો વગેરે આ અતિચાર રુપ છે.

**(૫) ભત્ત-પાન-વુચ્છેદ :** આપણા ત્યાં કામ કરતાં દાસ-દાસી વગેરે નોકર - ચાકરોને તથા પશુ-પંખીઓને ખાવાપીવાનું ન આપવું, ઓછું આપવું કે સમયસર ખાવા-પીવા ન દેવું તે પ્રથમ વ્રતનો અતિચાર છે.

કામ કરતાં બળદિયા વારંવાર મોઢું માંડતા હતા તેને ખાતાં અટકાવવા પરમાત્મા ઋષભદેવના આત્માએ પૂર્વે કોઈ ભવમાં તેમના મોઢાં પર સીકું બંધાવરાવ્યું હતું. ખાવામાં અંતરાય થતાં તે બળદિયાઓએ ૪૦૦ નિસાસા નાંખ્યા. પછી તેમણે તે છોડાવી દીધું. પણ ભાત-પાણીમાં અંતરાય કરવાથી એવું કર્મ બાંધ્યું કે જેથી ઋષભદેવ ભગવાન તરીકેના ભવમાં દીક્ષા લીધી ત્યારથી લગાતાર ૪૦૦ દિવસ સુધી તેમને કોઈએ ગોચરી-

પાણી ન વહોરાવતાં ૪૦૦ દિવસના ચોવિહારા ઉપવાસ કરવા પડ્યા, જે વરસીતપ તરીકે ઓળખાય છે.

પ્રથમ વ્રત લેનારે ખાસ સાવધાની એ રાખવાની કે પરિણામ કોમળ બનાવવા માટે આ વ્રત છે. તેથી ભલે પાણી-અગ્નિ વાયુ વગેરે સ્થાવરજીવોની હિંસા બંધ કરવાનો નિયમ નથી, છતાંય તે હિંસા કરવાનો અવસર આવે ત્યારે પણ તે બધી વસ્તુઓનો ઓછામાં ઓછો ઉપયોગ શી રીતે થાય ? તેની કાળજી રાખવી. નિષ્કારણ-બિનજરુરી વપરાશ અટકાવવો. ના છૂટકે પણ ઉપયોગ કરવો પડે ત્યારે આત્માના પરિણામ કઠોર ન બને તેનો ઉપયોગ રાખવો. અત્યંત નિષ્ઠુર, નિર્દય કદી ન બનવું પણ દયાનો પરિણામ જાગ્રત રાખવો.

કુમારપાળ મહારાજાના અઢાર લાખ ઘોડાઓને પણ ગાળીને પાણી પાવામાં આવતું હતું. યુદ્ધના મેદાનમાં રહેલાં ઘોડાની પલાણે પણ પૂંજણી બાંધવામાં આવતી હતી. ઘોડા ઉપર બેસતાં પહેલાં તે પૂંજણીથી પલાણ પૂંજવામાં આવતી હતી. તેમના રાજ્યમાં "મારી" એવો હિંસક શબ્દ કોઈ બોલી શકતું નહોતું. એક વાર એક શેઠ બોલ્યો, તો દંડ રુપે તેનું તમામ ધન મેળવીને તેમાંથી "યૂકાવિહાર" નામના જિનાલયનું સર્જન કરવામાં આવ્યું હતું. પૌષધમાં એક મંકોડો સાથળ પર ચોંટી ગયો. દૂર કરવાથી તે મરી જાય તો ? તેથી તેને દૂર કરવાને બદલે મંકોડા સહિત સાથળની તે ચામડી છરીથી કાપીને દૂર કરી હતી. કેવી જોરદાર કુમારપાળ મહારાજાની જીવદયા ! આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને, નાનામાં નાના જીવની રક્ષા કરવાના સતત પ્રયત્નો કરવા જોઈએ.

જીવહિંસા કરવાથી આ ભવમાં પાંગળાપણું, ઠૂંઠાપણું, કોઢિયાપણું વગેરે રોગી અવસ્થાઓ, સ્વજનાદિનો વિયોગ, શોક, અકાળે મરણ, દુઃખ, દૌર્ભાગ્ય, ઘરમાં કલેશ, કજિયા અને કંકાશ વગેરે પેદા થાય છે. તથા આવતા ભવમાં નરક-તિર્યંચગતિના અવતારો તથા તેમાં ભયંકર દુઃખો ભોગવવાના સંયોગો ઊભા થાય છે. માટે જીવહિંસાથી શક્યતઃ પાછા હટવાના પ્રયત્નો કરવા જોઈએ.

જીવદયા એ જિનશાસનની કુળદેવી છે. તેની આરાધના કરવાથી આ ભવમાં સુંદર આરોગ્ય, આપણી કડવી વાત પણ બીજા પ્રેમે સ્વીકારે તેવી આદેયતા, અનુપમ રુપ, નિષ્કલંક યશ, ન્યાયોપાર્જિત ધન,નિર્વિકારી યૌવન, દીર્ઘાયુ, પ્રેમાળ પરિવાર તથા પિતૃભક્ત પુત્રો વગેરેની પ્રાપ્તિ થાય છે. તથા પરભવે પણ સદ્ગતિ અને પરંપરાએ મોક્ષગતિની પ્રાપ્તિ થાય છે. માટે મળેલા આ માનવજીવનને સફળ બનાવવા જીવદયા - ભરપૂર જીવન જીવવા પ્રયત્ન કરવો જોઈએ.

# (૮) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત

મૃષા એટલે અસત્ય, જૂઠ. વાદ એટલે બોલવું. સ્થૂલ એટલે મોટું મોટું. વિરમણ એટલે અટકવું. મોટા મોટા જુઠાણાં બોલવાથી અટકવાનું વ્રત તે સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત.

હકીકતમાં તો નાનું કે મોટું; કોઈ પણ પ્રકારનું જૂઠ કદી ય બોલી શકાય નહિ. પરંતુ માંડેલા ગૃહસ્થજીવનને નભાવવા માટે એવી પરિસ્થિતિઓ પેદા થતી હોય છે કે જેમાં ગૃહસ્થ ઇચ્છે તો ય સૂક્ષ્મ જૂઠાણાનો ત્યાગ કરવા સમર્થ બનતો નથી. તે માટે તો તેણે સંસારનો પરિત્યાગ કરીને સાધુજીવન જ સ્વીકારવું જોઈએ. ત્યાં નાનું પણ જૂઠ બોલવાની જરુર પડતી નથી.

જ્યારે સાધુજીવન સ્વીકારવા જેવું છે; તેવું માનવા છતાં ય વિષમ પરિસ્થિતિને વશ થઈને સાધુજીવન સ્વીકારી શકાયું નથી ત્યારે સંસારમાં રહીને ય, જેનાથી બીજાને ઘણું મોટું નુકસાન થાય તેમ છે, બીજાના આ ભવ કે ભવોભવ બરબાદ થાય તેમ છે તેવા મોટા જૂઠાણાઓનો તો અવશ્ય ત્યાગ કરવો જ જોઈએ.

અસત્ય વ્યવહાર એ મોટામાં મોટું પાપ છે. તેના કારણે આપણે પરમાત્મા સાથે આત્મીય સંબંધ બાંધી શકતાં નથી. અસત્ય બોલવાથી બીજાને અપ્રિય બનાય છે. બીજા તરફથી ધિક્કાર-તિરસ્કાર પ્રાપ્ત થાય છે. આપણું વચન આદેય બની શકતું નથી. બીજાને આપણી સાચી વાતમાં ય વિશ્વાસ બેસતો નથી. બીજા આપણું અપમાન કરે છે. અહિતકર વચનો તેમની પાસેથી સાંભળવાં પડે છે.

વળી મૃષા બોલવાના કારણે પરલોકમાં ય શરીર દુર્ગંધી મળે. અપ્રિય વાણી મળે. કઠોર ભાષા મળે. બુદ્ધિ વિનાના મૂર્ખ, તોતડા, મૂંગા, બોબડા બનવું પડે.

જ્યારે સત્ય બોલવાથી અમોઘવાણી પ્રાપ્ત થાય છે. મુખમાંથી નીકળેલું વચન ફળ્યા વિના રહેતું નથી. પ્રિયવચની બનાય છે. બધાને આપણી ઉપર વિશ્વાસ પેદા થાય છે. સર્વત્ર યશ મળે છે. બધા માન-સન્માન આપે છે. આદરની નજરે જુએ છે. આપણી સલાહ લેવા લોકો સામેથી આવે છે. સર્વ પ્રકારના મંત્રો, તંત્રો, યંત્રો, યોગો વગેરે સત્યવાદીને જલ્દીથી સિદ્ધ થાય છે.

દુષ્ટ આશયથી બોલાયેલું સત્ય પણ અસત્ય છે, જૂઠ છે. જ્યારે જીવદયા, શીલપાલન, સંસ્કૃતિના મૂલ્યોનું રક્ષણ, ધર્મરક્ષા વગેરે શુભાશયથી ક્યારેક ના છૂટકે જૂઠ બોલવું પડે તો ય લીધેલાં વ્રતનો ભંગ થતો નથી.

**બીજા વ્રતની પ્રતિજ્ઞા :**

દુષ્ટ મનોવૃત્તિથી કે તીવ્ર સંકલેશથી નીચે જણાવેલાં પાંચ પ્રકારના મોટા જૂઠ બોલીશ નહિ-બીજા પાસે બોલાવરાવીશ નહિ.

**(૧) કન્યા સંબંધી :** કન્યાના સગપણ, વિવાહ, લગ્ન સંબંધી ઈરાદાપૂર્વક તેના રુપ, ગુણ, જાતિ, શીલ વગેરે સંબંધી જૂઠ નહિ બોલું. (જેની પરણાવવાની જવાબદારી પોતાના શિરે છે, તેના સંબંધમાં જયણા)

**(૨) ગાય વગેરે સંબંધી :** ગાય, ભેંસ, ઘોડો, કૂતરો, પોપટ વગેરે પશુ-પંખીઓ, દાસ-દાસી તથા વર્તમાનકાળની અપેક્ષાએ મારુતિ વગેરે ગાડીઓ, સ્કૂટર, સાઈકલ વગેરે વાહનોના ખરીદ-વેચાણ સંબંધી જૂઠ નહિ બોલું.

**(૩) ભૂમિ-જમીન સંબંધી :** ખેતર, બંગલો, દુકાન, ફ્લેટ, જમીન વગેરે લેવા-વેચવાની બાબતમાં જૂઠ નહિ બોલું.

**(૪) થાપણ સંબંધી :** વિશ્વાસથી કોઈ વડે પોતાના ત્યાં મુકાયેલી થાપણ, જમીન કે મકાન વગેરેના દસ્તાવેજો, આભૂષણો, રોકડ રકમ વગેરેને પડાવવાની બુદ્ધિ નહિ કરું. તે સંબંધી જૂઠ નહિ બોલું.

**(૫) ખોટી સાક્ષી :** કોઈ પણ પ્રસંગે ખોટી સાક્ષી આપીશ નહિ. તથા ક્યાં ય દેવ-ગુરુ-ધર્મના સોગંદ કદી ય ખાઈશ નહિ.

આ પાંચેય વાતોને ટૂંકમાં એક વાક્યમાં આ પ્રમાણે જણાવાય, **"બીજાને આઘાત લાગે તેવું મોટું જૂઠાણું બોલીશ નહિ. બોલાવીશ નહિ."**

ઉપર બતાડેલી પાંચ પ્રતિજ્ઞા લેતાં પહેલાં, ના છૂટકે જે છૂટ રાખવાની જરુર જણાતી હોય, તે છૂટની જયણાવિભાગમાં નોંધ કરવી. ધર્મ નિમિત્તે, બીજાના પ્રાણો બચાવવા માટે, તીર્થાદિની રક્ષા નિમિત્તે ના છૂટકે જૂઠ બોલવું પડે તો જયણા રાખવી.

હંસરાજાએ આ વ્રતનું સુંદર રીતે પાલન કર્યું તો તેમને રાજ્ય પાછું મળ્યું, યશ મળ્યો અને પુણ્યનો સંચય થયો. પરલોકમાં સદ્ગતિ મળી.

હંસ રાજપુરી નગરીના રાજા હતા. ધર્મપ્રિય, પ્રજાવત્સલ, સત્યવાદી તે હંસરાજા દર વર્ષે ચૈત્ર માસમાં પોતાના પૂર્વજોએ રત્નશૃંગ પર્વત પર બંધાવેલા ઋષભદેવ ભગવાનના જિનાલયમાં મહોત્સવ કરવા જતા હતા.

એક વાર ચૈત્ર માસમાં રત્નશૃંગ પર્વત તરફ જ્યારે તે રાજા આગળ વધી રહ્યા હતા ત્યારે મારતે ઘોડે આવેલા રાજપુરુષે સમાચાર આપ્યા કે, " તેના નીકળ્યા પછી, શત્રુરાજા અર્જુને હુમલો કરીને રાજ્ય ઉપર સત્તા જમાવી દીધી છે. પોતાના સૈનિકોનો પહેરો ગોઠવી દીધો છે. નગરમાં જ ગુપ્તવાસમાં છુપાયેલા વિશ્વાસુ મંત્રીએ આ સમાચાર આપવા તેને મોકલ્યો છે."

આ સમાચાર સાંભળતાં જ સાથે રહેલા શૂરવીર સુભટો ક્રોધથી લાલપીળા થઈ જઈને કહેવા લાગ્યા, "હે રાજન્ ! બાયલો તે અર્જુન આપની ગેરહાજરીમાં ભલે ને ચોરની જેમ ઘૂસી ગયો, હવે આપણે પાછા ફરીને ક્ષણવારમાં તેને તગેડી મૂકીએ."

પણ આશ્ચર્ય ! હંસરાજાના મુખના ભાવોમાં કાંઈ જ ફરક જણાતો નથી. તેઓ તો અત્યંત સ્વસ્થ, શાંત, પ્રશાન્ત જણાય છે. તેણે કહ્યું, "ઓ મારા વ્હાલા સૈનિકો ! અકળાઈ જવાની જરા ય જરુર નથી. પૂર્વના પુણ્ય કે પાપના ઉદયે જીવનમાં સુખ કે દુઃખ આવ્યા કરે. પણ ડાહ્યા માણસો સુખ આવે તો તેમાં આનંદિત બનતા નથી કે આવી પડેલાં દુઃખમાં જરા ય દીન બનતા નથી. બંને પરિસ્થિતિમાં તેઓ સમભાવમાં જ રહે છે.

માટે, મહાપુણ્યોદયે આપણને જે તીર્થયાત્રા કરવાનો આ અવસર સાંપડ્યો છે, તે છોડીને રાજ્ય માટે પાછા વળવું મને જરાય ઉચિત જણાતું નથી. હું તો તીર્થયાત્રા પૂર્ણ કર્યા વિના પાછો નહિ ફરું. ઉત્તમ પુરુષો જે કોઈ શ્રેષ્ઠ કાર્યનો આરંભ કરે છે તે વિચારીને કરે છે. એક વાર આરંભ કર્યા પછી તેઓ વિઘ્નોથી ડરી જતા નથી પણ ગમે તેવી આપત્તિઓમાંથી પણ માર્ગ કાઢીને પોતે નિશ્ચિત કરેલા ધ્યેયને સિદ્ધ કરીને જ જંપે છે.

રાજાની વાત ભલે ગમે તેટલી સાચી હોય, પણ સાથે રહેલા સુભટોના ગળે તે શી રીતે ઊતરે ? તેમને તો તેમના પોતાના પરિવારની ચિંતા કોરી ખાતી હતી. તેથી તેઓ ત્યાં જ નીચી નજરે ઊભા રહી ગયા.

રાજાએ પોતાનો ઘોડો રત્નશૃંગ પર્વતની દિશા તરફ મારી મૂક્યો. એકમાત્ર છત્રધર રાજાની સાથે રહ્યો. બાકીના બધાં પોતપોતાના પરિવારની ચિંતાએ રાજ્ય તરફ પાછા ફર્યા.

આગળ વધતાં રાજા માર્ગ ભૂલી ગયો. પોતાનાં સુંદર વસ્ત્રો-અલંકારો, જોઈને કોઈ ડાકુઓ ઘેરી ન વળે તે માટે તેણે છત્રધરનું ઉપરનું વસ્ત્ર લઈને શાલની જેમ ઓઢી લીધું. ત્યાં તો એક હરણ ભયભીત થઈને પૂરજોશથી દોડતું દોડતું રાજાની સામેથી પસાર થઈને બાજુની ઝાડીમાં ઘૂસી ગયું.

થાક્યા હોવાથી રાજા વગેરે ત્યાં રોકાયા. એટલામાં તો ધનુષ્ય ઉપર બાણ ચઢાવેલો કોઈ શિકારી પેલા હરણને શોધતો ત્યાં આવી ચડ્યો.

આગળ હરણનાં પગલાં ન દેખાતાં તેણે રાજાને પૂછ્યું, "હે સજ્જન ! તમે કોઈ હરણને જોયું ? તે કઈ બાજું ગયું ? તે મને જણાવો.

"જો સાચું બોલીશ તો હરણ મરશે. જો ખોટું બોલીશ તો પાપ લાગશે, મૌન રહીશ તો મને મારી નાંખશે." એમ વિચારીને રાજાએ બુદ્ધિપૂર્વક રસ્તો કાઢ્યો.

રાજા : "અરે ભાઈ ! તું મારી હકીકત જાણવા ઈચ્છે છે ? તો સાંભળ. હું ભૂલો પડેલો મુસાફર છું."

આવો અટપટો જવાબ સાંભળીને શિકારીને ગુસ્સો ચઢ્યો, "અરે મૂર્ખ ! હું તને પૂછું છું કે મારો શિકાર પેલું હરણ ક્યાં ગયું ?

રાજા : હે ભાગ્યશાળી ! મારું નામ હંસ છે.

શિકારી : (ગુસ્સામાં) અરે ! હરણ કયા રસ્તે ગયું ?

રાજા : 'મિત્ર ! હું રાજપુરી નગરીનો છું.'

શિકારીએ રાડ પાડી, "રે મૂર્ખ ! હું તને પૂછું છું શું ? ને તું જવાબ શું આપે છે ? શું તું બહેરો તો નથી ને ?

રાજા : "હું તો ક્ષત્રિય છું."

ચિડાયેલો શિકારી : 'અલ્યા તું તો સાચે જ બહેરો છે ! બીજું શું કહું ?

રાજા : "તું મને રસ્તો બતાડ. જેથી હું મારા નગરે જઈ શકું."

કંટાળીને પાછો જતો શિકારી બોલ્યો, "રે બહેરા ! આખી જિંદગી સુધી બહેરો જ રહેજે."

શિકારીને પાછો જતો જોઈને રાજાને હાશ વળી. હરણ બચી ગયાનો હૈયે આનંદ મા'તો નહોતો.

રાજા થોડો આગળ વધ્યો તો ત્યાં તો સામેથી કોઈ મુનિને પોતાની તરફ આવતા જોયા. ઘોડા પરથી નીચે ઊતરીને રાજાએ ભાવવિભોર બનીને મુનિને પ્રણામ કર્યા. મુનિ આગળ વધ્યા બાદ તે પણ પોતાની દિશામાં આગળ વધ્યો.

થોડે દૂર ગયા બાદ સાક્ષાત જાણે કે યમરાજના દૂત ન હોય તેવા ક્રૂર, હબસી જેવા કાળા બે લૂંટારાઓ ખુલ્લી તલવાર સાથે સામે મળ્યા.

"અલ્યા હે મુસાફર ! તેં હમણાં કોઈ મુંડીયા સાધુને જતો જોયો ? અમારો શૂર નામનો પલ્લીપતિ ઘણા દિવસે આજે ચોરી કરવા નીકળ્યો ત્યારે તેણે અપશુકન કર્યા. સરદાર તો પાછો વળી ગયો પણ ક્રોધથી ધમધમતાં તેમણે તે મુંડીયા સાધુને મારી નાંખવા અમને મોકલ્યા છે."

રાજા વિચારમાં પડી ગયો. જો હું સાચી વાત કહું કે મૌન રહું, આ મારાઓ તો સીધા રસ્તે જ આગળ વધશે. મુનિ તેમને દેખાશે અને મારી નાંખશે. અટપટી વાત કરવાથી પણ તે તો મને બહેરો કે ગાંડો સમજીને પણ સીધા રસ્તે જ આગળ વધશે. ના...તે એકેય રીત બરોબર નથી. મારે ગમે તે રીતે મુનિને તો બચાવી જ લેવા જોઈએ. તે માટે આ બંનેને ઊંધા રસ્તે ચઢાવી દેવા જોઈએ. તે માટે બોલવું પડતું અસત્ય વચન પણ સત્ય કરતાં વધુ હિતકારી છે.

રાજાએ ખોટા રસ્તા તરફ આંગળી ચીંધીને લુંટારાઓને કહ્યું કે, "આ રસ્તે તે સાધુ ગયો છે." લૂંટારાઓ ખોટા રસ્તે આગળ વધ્યા ને રાજા પોતાના રસ્તે આગળ

વધ્યો.

અસત્ય નહિ બોલવાના લીધેલા નિયમનું બરોબર પાલન કરતાં રાજા હંસ આગળ વધી રહ્યા હતા. ચાલતાં ચાલતાં રાત પડી ગઈ.

ઘોડાને વૃક્ષ સાથે બાંધીને રાજાએ નીચે આરામ કરવા લંબાવ્યું. ઊંઘ આવે તે પહેલાં તો તેના કાને વાર્તાલાપ સંભળાવા લાગ્યો.

"હમણાં સાંભળવા મળ્યું છે કે આ રસ્તેથી ત્રણ દિવસ બાદ એક સંઘ પસાર થવાનો છે. તે સંઘમાં અલંકારો અને સંપત્તિથી યુક્ત હજારો યાત્રિકો છે. પગે ચાલતા જ આગળ વધે છે. માટે મિત્રો ! આજથી જ સાબદા બનીએ. આપણે તે સંઘને લૂંટી લેવાની તૈયારી કરીએ."

બીજા માણસનો અવાજ, "સૌ પ્રથમ આપણે આપણાં શસ્ત્રો તીક્ષ્ણ કરવાં પડશે. કારણ કે સંઘના રક્ષકો ય જોરદાર હશે. આપણે તે રક્ષકોને પહેલાં મોતને ઘાટ ઉતારવા પડશે ને !"

ત્રીજો અવાજ, "રક્ષકોને યમસદનમાં પહોંચાડ્યા પછી બધું ધન લૂંટી લેવાનું. દાગીના પણ ઉતારીને લઈ લેવાના. પછી આપણે બધા સરખા ભાગે વહેંચી દઈશું. આપણી ગરીબી કાયમ માટે દૂર થઈ જશે."

ડાકુઓની ઉપરોક્ત વાતો સાંભળીને રાજા હંસ વિચારમાં પડી ગયો. શી રીતે સંઘને લૂંટાતો અટકાવવો ? સંઘ ત્રણ દિવસ પછી આવવાનો છે. કઈ દિશામાંથી આવવાનો છે ? તે ખબર હોત તો ત્યાં જઈને સમાચાર આપી શકાત. શું કરું ? સમજાતું નથી. રાજાને ઊંઘ આવતી નથી. જાગતો પડ્યો છે.

ત્યાં તો થોડી વારમાં બીજી બાજુ અચાનક મશાલોનો પ્રકાશ દેખાયો. કેટલાક સૈનિકો રાજા તરફ જ આવતા હતા. સૂતેલા રાજાને જોઈને તેઓ ચમક્યા. શું કોઈ ડાકુ તો સૂતો નથી ને ? વિચારીને પાસે આવ્યા.

મશાલના પ્રકાશમાં રાજાનું તેજસ્વી મુખ જોતાં જ તેમને ખ્યાલ આવી ગયો કે આ ડાકુ નથી પણ કોઈ સજ્જન માણસ છે. તેમણે પૂછ્યું.

"એ મુસાફર ! મુસાફરી દરમ્યાન આટલામાં તેં કોઈ ચોરોને જોયા ? તેમની કોઈ વાતચીત સાંભળી ? અમારી પાસે સમાચાર આવ્યા છે કે પદયાત્રી સંઘને માટે કેટલાક ડાકુઓ આ જંગલમાં ક્યાંક છુપાયા છે.

"ભાઈ ! તમે કોણ છો ? તે તો કહો."

નગરના ગાંધીરાજાના અમે સૈનિકો છીએ. જૈનધર્મી તે રાજાએ સંઘને લૂંટવા તૈયાર થયેલાં તે ડાકુઓને પકડવા માટે અમને મોકલ્યા છે. ચાલ ! હવે મોડું ન કર. તું જાણતો હોય તો જલ્દી કહે. જેથી અમે તેમને પકડી લઈએ."

આ સાંભળીને રાજા વિચારમાં પડી ગયો. જો હું કહું કે "ડાકુઓ સામેની ઝાડીમાં છુપાયા છે, તો આ લોકો તેમને પકડીને કદાચ મારી નાંખશે. ના, તેમની હિંસામાં મારે નિમિત્ત નથી બનવું. જો હું નહિ કહું તો આ ડાકુઓ સંઘ ઉપર હુમલો કરશે. ધન લૂંટશે. કેટલાકને મારી પણ નાંખશે. આ તો બે ય બાજુ ધર્મસંકટ છે. શું કરું સમજાતું નથી." છતાં પળવારમાં વિચારીને તેણે કહ્યું.

"હે રાજપુરુષો ! સંઘની રક્ષા કરવા નીકળેલા તમને ધન્યવાદ છે. પણ તે ડાકુઓને પકડવા અહીં તમે રોકાઓ, તે મને જરા ય ઉચિત જણાતું નથી. જયાં સંઘનો પડાવ છે ત્યાં તમે પહોંચો. તે સંઘની સાથે રહો. ગમે ત્યારે સંઘ ઉપર ડાકુઓ હુમલો કરે તો તમે સાથે હશો તો સંઘની રક્ષા કરી શકશો. તમને યશ મળશે, સંઘની રક્ષાનું પુણ્ય મળશે. ડાકુઓને શોધવાના બદલે ડાકુઓ સંઘ પર હુમલો કરવા પહોંચે તે પહેલાં તમે જ ત્યાં પહોંચી જાઓને !"

"મુસાફર ! તેં અમને ઘણી સાચી સલાહ આપી. અમે તરત સંઘ પાસે જઈએ છીએ." "હવે સંઘની રક્ષા થશે ને ડાકુઓની હિંસા પણ નહિ થાય." એવા વિચારે રાજાને આનંદ થયો.

રાજસૈનિકો તથા રાજાની વાતો ઝાડીમાં છુપાયેલા ડાકુઓ સાંભળતા હતા. એ રાજા એ બધું જાણતા હોવા છતાં ય ન કહીને પોતાને બચાવ્યા જાણીને તેમને રાજા ઉપર ખૂબ અહોભાવ થયો. રાજા પાસે આવીને પ્રણામ કરીને બોલવા લાગ્યા.

"હે મહાપુરુષ ! તમે જાણતા હોવા છતાં અમારી જાણ ન કરીને અમને જીવતદાન આપ્યું છે. વળી તમે સંઘને પણ બચાવ્યો છે. ખરેખર તમે અમારા ખૂબ જ ઉપકારી છો. અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે આજથી અમે ક્યારે ય લૂંટફાટ કે ચોરી નહિ કરીએ."

રાજાના આશિષ લઈને ચોરો ચાલ્યા ગયા. રાજા રાત્રી આરામ કરીને સવારે ઘોડા ઉપર આગળ વધ્યો.

રસ્તામાં કેટલાક ઘોડેસવાર સૈનિકોએ તેને ઊભો રાખ્યો. હે યાત્રી ! તેં રાજપુરીના રાજા હંસને ક્યાં ય જોયા છે ?

રાજા : "કેમ ? તમારે તેમનું શું કામ પડ્યું છે ?"

સરદાર : "અમારા મહારાજા અર્જુનનો તે શત્રુ છે. અમારે તેમને જીવતો કે મરેલો પકડીને અમારા રાજાની પાસે લઈ જવાનો છે."

રાજા વિચારમાં પડી ગયો. જૂઠું બોલીને છટકી તો શકાય તેમ છે; પણ શા માટે જૂઠું બોલવું ? દરેકે જીવનમાં એક વાર મરવાનું હોય જ છે. કોઈએ બે વાર તો મરવાનું હોતું જ નથી. તો વ્રતભંગ કરીને કૂતરાના મોતે શા માટે મરવું ? તેના બદલે સત્યવ્રતના પાલનપૂર્વક પંડિત મૃત્યુ કેમ ન પામવું ?

કમરમાં છુપાયેલી તીક્ષ્ણ કટાર બહાર કાઢીને રાજાએ કહ્યું, "હે સૈનિકો ! એ હંસ હું પોતે જ છું. તરત જ નવકારમંત્રનું સ્મરણ રાજાએ શરુ કર્યું.

સૈનિકો તેને પકડવા આગળ વધે ત્યાં જ આકાશમાં વાજિંત્રોના નાદ થવા લાગ્યા. ફૂલોનો વરસાદ વરસવા લાગ્યો. આકાશમાંથી દિવ્ય અવાજ આવવા લાગ્યો :

"હે સત્ત્વશીલ રાજવી ! હે સત્યવાદી રાજા ! તારી સત્યવાદિતાથી હું તારી ઉપર અત્યંત પ્રસન્ન થયો છું. હું આ વનનો અધિષ્ઠાયક યક્ષરાજ છું. તારે જરા ય ચિંતા કરવાની જરુર નથી. તું મારા આ વિમાનમાં બેસી જા. તારે જે તીર્થના યાત્રા કરવી છે, તે હું તને કરાવી દઉં. ત્યાં સુધી આ દુષ્ટ સૈનિકોને અહીં જ બાંધી દઉં છું."

રાજા હંસના આનંદનો પાર નથી. સત્ય બોલવાથી જીવન મળ્યું. યક્ષરાજની કૃપા મળી. ધર્મ કદીયે ફેઈલ જતો નથી, તેનો પ્રત્યક્ષ અનુભવ થયો.

યક્ષરાજે હંસરાજાને વિમાનમાં પોતાના આસન ઉપર પોતાની પાસે જ બેસાડ્યો. ટૂંક સમયમાં વિમાન રત્નશૃંગ પર્વત પર ઊતર્યું. ઋષભદેવ ભગવાનની ભવ્ય પ્રતિમા સમક્ષ યક્ષરાજે દિવ્યનૃત્ય કર્યું. નાટકો કર્યાં.

રાજા હંસે પણ પોતાની માનવીય તમામ શક્તિથી ભાવવિભોર બનીને ભગવાનની ભક્તિ કરી. પછી યક્ષરાજની સાથે તેઓ તે જ જગ્યાએ પાછા ફર્યાં. કરુણાસાગર રાજાએ યક્ષરાજને વિનંતી કરીને તે તમામ શત્રુ સૈનિકોને બંધનમુક્ત કરાવ્યા.

યક્ષરાજે પોતાના ચાર આજ્ઞાંકિત યક્ષોને કાયમ માટે આ સત્યવાદી રાજાની સેવામાં રહેવાની આજ્ઞા કરી. વળી શત્રુરાજા અર્જુનને ભગાડીને તેનું રાજ્ય તેને પાછું આપવાનું સૂચન કર્યું.

યક્ષરાજની સૂચના સ્વીકારીને, ચારે યક્ષોએ સૌ પ્રથમ અર્જુનરાજાને ભગાડી દીધો. પળવારમાં હંસરાજાને તેના નગરમાં પહોંચાડી દીધો. પોતાના રાજાને હેમખેમ પાછા પધારેલા જાણીને પ્રજાના આનંદનો પાર નથી. સૌએ આનંદ વ્યક્ત કરવા તોરણિયા બાંધ્યાં. માંડવા સજાવ્યા. મહોત્સવોનું આયોજન કર્યું.

હંસરાજાએ પોતાના સત્યવ્રતને જાળવી રાખીને આનંદપૂર્વક પ્રજાનું પાલન કર્યું. આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાં દેવ બન્યા.

હંસરાજાની જેમ સદા સત્યવ્રતના પાલનમાં ઉદ્યમી બનવું જોઈએ.

'મોટું જૂઠું બોલવું નહિ' તેવા આ બીજા અણુવ્રતનું પાલન થઈ શકે તે માટે કેટલાક નિયમો પણ ધારણ કરવા જોઈએ. તેમાં કોઈ છૂટછાટ રાખવી હોય તો તે પણ રાખી શકાય. ભૂલ થઈ જાય તો તેનો દંડ પણ નક્કી કરી શકાય.

| નિયમો | સમયમર્યાદા | દંડ |
|---|---|---|
| રોજ —— કલાક મૌન રાખવું. | | |
| બીજાનું અહિત થાય તેવું ન બોલવું. | | |
| બીજાને અપ્રિય થાય તેવું ન બોલવું. | | |
| ઠઠ્ઠા-મશ્કરી ન કરવી. | | |
| ખાલી-ખાલી ન કહેવું. | | |
| બીજાને આઘાત લાગે તેવું ન કહેવું. | | |
| આક્ષેપ કોઈ ઉપર કરવા નહિ. | | |
| ટોંટમાં કાંઈ ન કહેવું. | | |
| અપાત્ર વ્યક્તિને ઉપદેશ ન આપવો. | | |
| કન્યા વગેરે સંબંધી જૂઠું ન બોલવું. | | |
| કોઈની થાપણ ઓળવવી નહિ. | | |
| જૂઠી સાક્ષી ભરવી નહિ. | | |
| સોગંદ ખાવા નહિ. | | |
| ગાળો ન બોલવી. | | |
| કોઈની અંગત વાત તેની રજા વિના બીજાને કહેવી નહિ. | | |
| ખોટી સલાહ ન આપવી. | | |
| કલહ કરવો નહિ. | | |
| ચાડી - ચુગલી કરવી નહિ. | | |
| બીજાને છેતરવા નહિ. | | |
| ગુસ્સામાં બોલવું નહિ. | | |
| વિચાર્યા વિના ન બોલવું. | | |

આ બીજું વ્રત સ્વીકાર્યા પછી જેમ તેનો ભંગ થવા દેવાનો નથી, તેમ તેના અતિચારો પણ ન લાગે તેની કાળજી લેવાની છે. તે માટે બીજા વ્રતના પાંચ અતિચારો સમજવા જરુરી છે, જે આ પ્રમાણે છે. (૧) સહસા કથન, (૨) મિથ્યોપદેશ (૩) ગુહ્ય ભાષણ (૪) કુટલેખ - સાક્ષી (૫) ગુપ્તમંત્ર - ભેદ.

**(૧) સહસાકથન :** વિચાર્યા વિના જ એકાએક આક્ષેપાત્મક કે આળ આપવા રુપ જે વચન બોલાઈ જાય તે સહસાકથન કહેવાય. સામેવાળી વ્યક્તિ હકીકતમાં ચોર છે કે નહિ, તે વિચાર્યા વિના જ તું ચોર છે, એમ કહેવું તે સહસાકથન અતિચાર છે.

ઘણીવાર કોઈક વસ્તુ જોઈતી હોય, કોઈને તે વસ્તુ આપવા જણાવીએ પણ

સામે પડેલી તે વસ્તુ તેને ન મળે તો વિચાર્યા વિના બોલાઈ જાય છે કે, "અરે આંધળા! આ સામે પડેલી વસ્તુ ય નથી દેખાતી ?" અહીં સામેવાળો આંધળો છે કે નહિ ? તે વિચાર્યા વિના જ એકાએક તેના માટે આંધળા શબ્દનો પ્રયોગ થઈ ગયો છે. આ રીતે કોઈના માટે ગધેડા, લુચ્ચા, હરામખોર વગેરે શબ્દોનો એકાએક પ્રયોગ થઈ જાય તો તે સહસાકથન નામનો અતિચાર ગણાય. તેનાથી ભલે વ્રતનો ભંગ નથી થતો, છતાં ય તે અતિચાર રુપ હોવાથી તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જરુરી છે.

(૨) **મિથ્યોપદેશ :** બીજાનું ખરાબ થાય તેવો ઉપદેશ આપવો તે મિથ્યોપદેશ. પરપીડાકારી વચન કદી ન બોલવું. "દુશ્મનોને મારી નાંખો" "એને તો ખલાસ જ કરી નાંખવો જોઈએ" વગેરે વચનો મિથ્યોપદેશ રુપ છે.

તે જ રીતે બીજાને ખોટું બોલવાની, ખોટું કામ કરવાની સલાહ આપવી તે પણ આ અતિચાર રુપ છે.

"ક્યારેક સીધી રીતે ખોટી સલાહ ન આપતાં આવા પ્રસંગે, ''કોઈકે આમ કહેલું" એમ કહીને આડકતરી રીતે ખોટી સલાહ આપીએ તો તે પણ આ મિથ્યોપદેશ અતિચાર રુપ ગણાય.

(૩) **ગુહ્ય ભાષણ :** પોતાનો અધિકાર ન હોવા છતાં ય કોઈની ગુપ્ત વાત બીજી વ્યક્તિને કરી દેવી. કોઈના હાવભાવ, વર્તન, ચેષ્ટા, વ્યવહાર કે વચનો દ્વારા કોઈક ખાનગી વાત પોતે અનુમાન કરીને જાણી લે, પછી તે વાત બીજા કોઈની સામે રજૂ કરે તો તે ગુહ્યવચન રુપ અતિચાર ગણાય.

સામેના માણસને જ્યારે ખબર પડે કે મારી ખાનગી વાત આ વ્યક્તિએ આને કહી છે, તો તેને આઘાત લાગે. ક્યારેક તે આપઘાત પણ કરી બેસે. માટે કોઈની પણ અંગત વાત બીજાને કરવી નહિ.

ગુહ્યભાષણનો અર્થ 'ચાડી ખાવી' પણ થાય. પરસ્પર મૈત્રીભાવ ધરાવનાર બે મિત્રોની મૈત્રી તોડાવવા અન્ય માણસ એક-બીજાની વાત એક-બીજાને એવી રીતે કરે કે જેથી બંનેની મૈત્રી તૂટી જાય. આ પણ ગુહ્યભાષણ રુપ અતિચાર ગણાય.

આવો અતિચાર સેવાઈ ન જાય તેની બરોબર કાળજી રાખવી જોઈએ.

(૪) **કુટલેખ-સાક્ષી :** ખોટા લખાણ કરવા કે ખોટી સાક્ષી આપવી. બીજાના બદલે પોતે તેના નામથી સહી કરી દેવી. એક લખાણ બદલીને તેવા જ અક્ષરે બીજું લખાણ ગોઠવી દેવું. જે વાત ન થઈ હોય તેવી વાત તેના નામે લખવી. ખોટી સાક્ષી આપવી. આ બધું બીજા વ્રતના અતિચાર રુપ છે, તેનો ત્યાગ કરવો.

(૫) **ગુપ્તમંત્રભેદ :** આપણી ઉપર વિશ્વાસ મૂકીને કોઈકે પોતાની અંગત વાત આપણને કરી. આપણે જો વિશ્વાસઘાત કરીને તેની તે વાત-તે સ્વરુપે પણ - બીજાને

કહીએ તો ગુપ્તમંત્રભેદ અતિચાર લાગે.

પતિએ પત્નીને, એક મિત્રે બીજા મિત્રને, એક ભાગીદારે બીજા ભાગીદારને, શેઠે નોકરને, પિતાએ પુત્રને, વિશ્વાસ મૂકીને માત્ર તેના માટે જે વાત કરી હોય તે વાત તેનાથી બીજાને શી રીતે કહી શકાય ? તેવી વાત કરનાર દેખીતી રીતે તો સત્ય વચન બોલે છે, પોતાના ઘરનું કાંઈ કહેતો નથી, જે વાત જે રીતે સાંભળી છે તે રીતે જ કરે છે, છતાં વિશ્વાસઘાત કરતો હોવાથી મૃષાવાદનો અતિચાર તેને લાગે છે. જ્યારે મૂળ વ્યક્તિને ખબર પડે ત્યારે તેને આઘાત લાગવાની - તે કારણે આપઘાત કરવા સુધીની - શક્યતા છે. બીજાનું અહિત થાય તેવું સત્ય વચન પણ શું અસત્ય ન ગણાય ? તેથી આ અતિચાર પણ ન લાગે તેની કાળજી રાખવી જોઈએ.

ત્રીજા ગુહ્યભાષણ રુપ અતિચારમાં બીજાની વાત તેના હાવભાવ વગેરે દ્વારા અનુમાનથી જાણી લઈને અન્યને કહેવાઈ છે, તેમાં વિશ્વાસઘાત નથી કરાયો પરંતુ ચાડી કરાઈ છે, જ્યારે પાંચમા ગુપ્તમંત્રભેદ અતિચારમાં તો સામેવાળાએ જે વાત વિશ્વાસ મૂકીને કહી છે, તે વાત વિશ્વાસઘાત કરીને બીજાને કહેવાય છે, આમ ત્રીજો અતિચાર ચાડીરુપ છે. જ્યારે પાંચમો અતિચાર વિશ્વાસઘાત રુપ છે, માટે બે જુદા છે.

પૂર્વે જણાવેલાં પાંચ અતિચારોમાંથી એક પણ અતિચાર લાગી ન જાય તેની પળે પળે સાવધાની રાખવી જોઈએ, છતાં ય ક્યારેક કોઈ અતિચાર લાગી જાય તો ગુરુભગવંત પાસે તેનું પ્રાયશ્ચિત્ત લઈ લેવું જોઈએ.

સત્યવાદી ગણાતો રાજા યુધિષ્ઠિર ! એક વાર અર્ધસત્ય-અશ્વત્થામા હણાયો-નરો વા કુંજરો વા'-બોલ્યો, પરિણામે કહેવાય છે કે સદા જમીનથી અદ્ધર રહેતો તેનો રથ જમીનને અડી ગયો.

પેલો વસુરાજા ! સ્ફટીકની શીલા ઉપર રહેલા સિંહાસન ઉપર બેસીને બધાનો ન્યાય તોલનારો અને તે રીતે સત્યના પ્રભાવે અદ્ધર રહેતાં સિંહાસન પર બેસનારા તરીકે પ્રસિદ્ધિને પામેલો.

પરંતુ પોતાની ગુરુણીના આગ્રહથી મિત્ર પર્વતની તરફેણમાં અસત્ય બોલ્યો કે તરત જ ત્યાંના દેવતાએ અસત્યનો એવો પરચો બતાડયો કે જેથી તેને મેળવેલી પ્રસિદ્ધિ ખલાસ થઈ ગઈ.

આની સામે યાદ આવે છે તે સત્યવાદી હરીશ્ચન્દ્ર ! કેટકેટલી તકલીફો આવવા છતાં ય તેણે અસત્ય બોલવાની જરા ય તૈયારી ન બતાડી. મોતને વધાવવાની તૈયારી હતી પણ જૂઠ બોલવાની નહિ.

આવા બધા પ્રસંગોને નજરમાં લાવીને અસત્ય ન બોલવાનો સંકલ્પ કરવો જોઈએ. આ બીજું વ્રત ગ્રહણ કરીને, તેને અણિશુદ્ધ પાળવાનું સત્ત્વ કેળવવું જોઈએ.

# (૯) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત

દત્ત : આપેલું. અદત્ત : નહિ આપેલું.

આદાન : ગ્રહણ કરવું. વિરમણ : ત્યાગ કરવો.

જે વસ્તુ તેના માલિકે આપણને આપેલી ન હોય તે વસ્તુ અદત્ત કહેવાય. માલિકે નહિ આપેલી અદત્ત વસ્તુ ચાર પ્રકારની છે.

(૧) સ્વામી-અદત્ત (૨) જીવ-અદત્ત (૩) તીર્થંકર-અદત્ત અને (૪) ગુરુ-અદત્ત.

**(૧) સ્વામી-અદત્ત :** વસ્તુને ઉત્પન્ન કરવા વડે, ખરીદ કરવા વડે, વારસામાં મેળવવા વડે કે અન્ય રીતે આ દુનિયાના વ્યવહારની દૃષ્ટિએ જે વ્યક્તિ તે વસ્તુના માલિક તરીકે ઓળખાતો હોય તે વ્યક્તિ તે વસ્તુનો સ્વામી કહેવાય.

વસ્તુના સ્વામીએ, પોતાની તે વસ્તુ જ્યાં સુધી રાજી-ખુશીથી આપેલ નથી, ત્યાં સુધી તે વસ્તુ સ્વામી-અદત્ત કહેવાય.

આવી સ્વામી-અદત્ત વસ્તુને આદાન=ગ્રહણ કરવામાં આવે તો તે સ્વામી અદત્તાદાન નામનું પાપ થયું ગણાય. તેનો ત્યાગ કરવો તે સ્વામી-અદત્તાદાન વિરમણ વ્રત કહેવાય.

**(૨) જીવ-અદત્ત :** ફળ, ફૂલ વગેરે જે સચિત્ત (જીવવાળા) પદાર્થો છે, તેનો માલિક-સ્વામી વ્યવહારથી ભલે માળી કે ફૂલ-ફળવાળો ગણાતો હોય પણ હકીકતમાં તો તે ફૂલ-ફળ વગેરે તો તેમની અંદર રહેલાં જીવના શરીરો છે, અને તેથી તે શરીર રુપ ફળ-ફૂલના માલિક તો તેમના જીવ જ ગણાય.

માળી પાસેથી પૈસા આપીને જો ફૂલ ખરીદીએ તો ભલે પહેલા નંબરનું સ્વામી અદત્તાદાન રુપ પાપ ન લાગે, પણ તે ફૂલનો સાચો માલિક જે તેનો જીવ છે, તેની ક્યાં રજા લીધી છે ? તેણે કાંઈ સંમતિ આપી છે કે, "મારું શરીર હું તમને આપી દઉં છું. હવે તમે તમારી ઈચ્છા પ્રમાણે મારા શરીરનો ઉપયોગ કરી શકો છો." ના, તેવી સંમતિ તો નથી મળી. જીવે નહિ આપેલું તેનું શરીર (ફૂલ-ફળ વગેરે) ગ્રહણ કરીએ તો આ જીવ અદત્તાદાન રુપ પાપ લાગે.

તેથી, નક્કી થયું કે પૈસાથી ખરીદીને પણ ફળ - ફૂલ વગેરે કોઈપણ સચિત્ત વસ્તુનો ભોગવટો કરી શકાય નહિ. તેમ કરવામાં કદાચ પ્રથમ નંબરના સ્વામી-અદત્તાદાનનો દોષ લાગતો ન હોવા છતાં ય જીવ-અદત્તાદાનનો દોષ તો લાગે છે.

આથી જ કેરી, સફરજન, ચીકુ વગેરેને ખરીદીને તેના માલિક બનેલાં ગૃહસ્થ

પાસેથી તે તે ફળો પૂજનીય સાધુ - સાધ્વીજી ભગવંતો આખાં વહોરતા નથી. કારણ કે તેના સાચા માલિક તેની અંદર રહેલાં જીવોએ તે તે શરીરો આપ્યા નથી. જો તેવા સચિત્ત ફળ વહોરે તો ભલે સ્વામી - અદત્તાદાન ન લાગે, પણ જીવ-અદત્તાદાનનું પાપ તો લાગે જ.

પરંતુ ગૃહસ્થોએ જ્યારે પોતાના માટે તેનો રસ કાઢ્યો હોય કે તેના ટુકડા કર્યા હોય, અને ત્યારબાદ પણ ૪૮ મિનિટ પસાર થઈ ગઈ હોય, ત્યારે તે રસ કે ટૂકડા અચિત્ત થવાથી તેમાં જીવ હોતો નથી. હવે તેનો સ્વામી જ તેનો માલિક ગણાય. તેવા અચિત્ત ફળાદિ જો તેનો માલિક, ભાવથી વહોરાવે તો ગુરુભગવંતો તે વખતે વહોરે છે. કારણ કે જીવે પોતાનું શરીર છોડી દીધું હોવાથી, તે હવે માલિક નથી, માટે તેની સંમતિ લેવી જરુરી નથી, જ્યારે માલિક એવો ગૃહસ્થ પોતે તો આપી જ રહ્યો છે. તેથી અહીં સ્વામી અદત્તાદાન કે જીવ અદત્તાદાન, કોઈ દોષ નથી. આ જીવ-અદત્તાદાનથી અટકવું તે જીવ-અદત્તાદાન વિરમણ વ્રત કહેવાય.

(૩) **તીર્થંકર અદત્ત :** જેની રજા ભગવાને ન આપી હોય તે કરીએ, ખાઈએ, પીએ તો તીર્થંકર અદત્તાદાન નામનું પાપ લાગે.

સાધુ ભગવંતોને નિષ્કારણ આધાકર્મી (સાધુના માટે સ્પેશ્યલ બનાવાયેલી) વસ્તુ લેવાનો ભગવાને નિષેધ ફરમાવ્યો છે. માંદગી વગેરે કારણે લેવાની અપવાદે છૂટ આપેલ છે. પણ તેવું કારણ ન હોય તો તે આધાકર્મી વસ્તુઓ તીર્થંકર-અદત્ત કહેવાય. જો સાધુ-સાધ્વીજી નિષ્કારણ તેવી વસ્તુઓ વહોરે તો તેમને તીર્થંકર-અદત્તાદાનનું પાપ લાગે.

તે જ રીતે શ્રાવકોને પણ રાત્રિભોજનાદિ ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય વગેરેનો ભગવંતે નિષેધ કરેલ છે. આ બધું તીર્થંકર-અદત્ત ગણાય. જો શ્રાવકો રાત્રિભોજન વગેરે અભક્ષ્યોનું કે કંદમૂળ વગેરે અનંતકાયનું સેવન કરે તો તેમને તીર્થંકર-અદત્તાદાનનું પાપ લાગે.

આ તીર્થંકર - અદત્તાદાનના પાપથી અટકવું તે તીર્થંકર અદત્તાદાન વિરમણ વ્રત કહેવાય.

(૪) **ગુરુ અદત્ત :** ગુરુભગવંતની સંમતિ વિના જે ચીજ ગ્રહણ કરવામાં આવે તે ગુરુ - અદત્તાદાન કહેવાય.

ગૃહસ્થે ઉલ્લાસભેર વહોરાવેલી રોટલી-દાળ-ભાત-શાક વગેરે વસ્તુઓ ગ્રહણ કરી હોવાથી તેમાં સ્વામી અદત્તાદાનનો દોષ ન લાગ્યો. ૪૮ મિનિટ પસાર થયા બાદ ઉલ્લાસભેર વહોરાવાયેલા કેરીનો રસ વગેરે ગ્રહણ કર્યા હોવાથી તેમાં સ્વામી અદત્તાદાન કે જીવ-અદત્તાદાનનો દોષ ન લાગ્યો. વળી ઉપરોક્ત વસ્તુઓ પરમાત્મા વડે નિષિદ્ધ

આધાકર્મી વગેરે દોષવાળી ન હોવાથી તીર્થંકર-અદત્તાદાનનો દોષ પણ ન લાગ્યો. છતાં પણ જો વહોરીને લાવ્યા બાદ આ વસ્તુઓ પોતે જેની નિશ્રામાં હોય તે ગુર્વાદિને નિમન્ત્ર્યા વિના, બતાવ્યા વિના કે તેઓની સંમતિ વિના વાપરે તો ગુરુ અદત્તાદાનનો દોષ લાગે. તે ગુરુ-અદત્તાદાનથી અટકવું તે ગુરુ-અદત્તાદાન વિરમણ વ્રત.

ચારે પ્રકારના અદત્તમાંથી કોઈપણ અદત્ત સાધુથી ગ્રહણ કરી શકાય નહિ. તેથી તેમના અદત્તાદાન વિરમણને વ્રત ન કહેતાં મહાવ્રત કહેવામાં આવે છે. વળી ઘાસ, માટી, કાંકરા, તણખલા જેવી તુચ્છ વસ્તુ પણ તેના માલિકની રજા લીધા વિના ગ્રહણ કરવી સાધુને કલ્પે નહિ. જો ગ્રહણ કરે તો દોષ લાગે. આમ નાની કે મોટી તમામ પ્રકારની અદત્ત વસ્તુને ગ્રહણ કરવાનો તેમને ત્યાગ હોવાથી સાધુનું આ વ્રત સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત તરીકે ઓળખાય છે.

ગૃહસ્થજીવન જીવી રહેલાં ગૃહસ્થો માટે આ મહાવ્રત સ્વીકારવું શક્ય હોય તો તેમણે છલાંગ લગાવીને સાધુ બની જવું જોઈએ. પરંતુ જો તે શક્ય ન જણાતું હોય તો જલ્દીથી સાધુજીવન સ્વીકારવાની તમન્ના સાથે અદત્તાદાન સંબંધિત મહાવ્રતના બદલે આ ત્રીજું અણુવ્રત તો સ્વીકારવું જ જોઈએ.

શ્રાવકોએ સ્વીકારવાના આ ત્રીજા અણુવ્રતમાં ઉપર જણાવેલ ચાર અદત્તાદાનમાંથી માત્ર પ્રથમ નંબરના સ્વામી - અદત્તાદાનનું વિરમણ કરવાનું છે. તેમાં ય જે વસ્તુ કહ્યા વિના લેવાથી ચોરીનું કલંક લાગે તેમ છે, એવું સમજવા છતાં ય માલિકની રજા વિના તે વસ્તુને લેવી તે સ્થૂલ અદત્તાદાન કહેવાય. તે - સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ કરવાનો છે.

ચોરી કરવાની બુદ્ધિ વિના ઘાસ, માટી, તણખલાં જેવી તુચ્છ વસ્તુઓ લેવી તે સૂક્ષ્મ અદત્તાદાન કહેવાય. શ્રાવક સૂક્ષ્મ અદત્તાદાનનો ત્યાગ કરી શકતો નથી. કારણ કે તેના માટે તે ત્યાગ કરવો શક્ય નથી. તેથી તેણે તેની જયણા રાખવી પડે છે.

આમ, જીવ-અદત્તાદાન, તીર્થંકર અદત્તાદાન, ગુરુ અદત્તાદાન અને સૂક્ષ્મ સ્વામી અદત્તાદાનનો ત્યાગ કરવો ગૃહસ્થ માટે શક્ય ન હોવાથી સ્થૂલ-સ્વામી અદત્તાદાનના ત્યાગરુપ સ્થૂલ-અદત્તાદાન વિરમણ વ્રત નામનું આ ત્રીજું અણુવ્રત તેમને ઉચ્ચરાવવામાં આવે છે.

ચોરી કરનાર વ્યક્તિને આ ભવમાં ઘણી વિડંબનાઓ સહન કરવી પડે છે 'ચોર' તરીકે તેની નામોશી થાય છે. આબરુ ખતમ થાય છે. જેલમાં જવું પડે છે ક્યારેક તો ફાંસી સુધીની સજા થાય છે. મોત થવા માત્રથી છૂટકારો નથી થતો. ત્યારબાદ પણ પરલોકમાં નરક વગેરેના ભયંકર દુઃખો સહન કરવા પડે છે. નરકમાંથી નીકળ્યા

પછી પણ માછીમાર, ચંડાળ, ઠુંઠા, બહેરા વગેરે બનવું પડે છે. જો આ બધા દુઃખો સહન કરવાની તાકાત ન હોય તો આજથી જ ચોરીનો સદંતર ત્યાગ કરી દેવાનો નિર્ણય કરી દેવો જોઈએ.

મોટી ચોરીનો ત્યાગ કરવા રૂપ આ ત્રીજું અણુવ્રત ગ્રહણ કરવાથી અને તેનું બરોબર પાલન કરવાથી બધા મનુષ્યોનો વિશ્વાસ પ્રાપ્ત થાય છે. લોકો તરફથી પ્રશંસા થાય છે. ધન વગેરેની વૃદ્ધિ થાય છે. જેણે ચોરી કરી હોતી નથી તે નિર્ભય હોય છે. મસ્ત ખુમારીભેર જીવન જીવી શકે છે. ચોરી વિના નીતિથી મેળવેલું ધન નાશ પામતું નથી. ચોરાઈ જતું નથી. આ વ્રતનું પાલન કરવાથી પરલોકમાં પણ સદ્ગતિ મળે છે. રાજાદિના ઉચ્ચ અધિકારો પણ તેને પ્રાપ્ત થાય છે. માટે આ ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત દરેક વ્યક્તિએ સ્વીકારી લેવું જોઈએ.

આ ત્રીજું અણુવ્રત સ્વીકારવું કોઈના પણ માટે જરાય અઘરું નથી. કારણ કે જે જે પાળી શકાય નહિ, તેની છૂટછાટ રાખીને પણ આ વ્રત સ્વીકારી શકાય છે.

ખાતર પાડવું, તાળા તોડવા, ધાડ પાડવી વગેરે રુપ ચોરી તો કોઈ સજ્જન માણસ કરવા તૈયાર ન થાય. છેવટે તેવી ચોરીનો ત્યાગ કરવા રુપ વ્રત તો દરેક વ્યક્તિએ અવશ્ય સ્વીકારવું જ જોઈએ.

**પ્રતિજ્ઞા : દુનિયામાં ચોરી તરીકે જેનો વ્યવહાર થાય છે, તેવી ખાતર પાડવું, તાળા તોડવા, ધાડ પાડવી વગેરે રુપ ચોરી હું કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ.**

જે કદી ય મનથી પણ હિંસા ન કરે તેનામાં એવી જબરદસ્ત તાકાત પેદા થાય છે, એવો પ્રેમભાવ પેદા થાય છે કે જેના પ્રભાવે તેના સાન્નિધ્યમાં આવનાર વ્યક્તિના વૈરનો પરિણામ નાશ પામી જાય છે. જે કદી ય મનથી પણ અસત્ય બોલવાને ઈચ્છતો નથી, તેનામાં અમોઘ વચનની શક્તિ પેદા થાય છે, તેના મુખમાંથી નીકળેલું વચન કદી ય અસત્ય પડતું નથી. તેમ જે વ્યક્તિ મનથી પણ ચોરી કરવાને ઈચ્છતી નથી તે વ્યક્તિને કદી ય કોઈ પાસે હાથ લંબાવવાનો અવસર આવતો નથી. તે ઈચ્છે તે તેને સામેથી આવીને મળવા લાગે છે.

લક્ષ્મીપૂંજ શેઠ તેનું સાક્ષાત્ દષ્ટાંત છે. તેઓ જ્યારે માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી જ તેના પિતા શેઠને ત્યાં પુષ્કળ લક્ષ્મી આવવા લાગી. નિધાનો પ્રગટ થયા. ધરતીમાંથી ચરુ નીકળવા લાગ્યા. તે જન્મ્યા ત્યારે તો પિતાની સમૃદ્ધિ ઘણી બધી વધી ગઈ હતી. આઠ સ્ત્રીઓ સાથે પરણેલો લક્ષ્મીપૂંજ સ્વર્ગના ઈન્દ્ર જેવું વિશિષ્ટ સુખ અનુભવવા લાગ્યો.

એક દિવસ એને વિચાર આવ્યો કે, "હું જે ઈચ્છું છું તે સુખ મને શી રીતે મળે છે ?

જે સુખની મને કલ્પના પણ નથી હોતી તે સુખ એકાએક મારી પાસે શી રીતે આવી જાય છે ? હજુ આગળ કાંઈ વિચારે તે પહેલાં તો એક દિવ્ય આકૃતિ તેની સામે પ્રગટ થઈ.

તેજસ્વી અલંકારો અને દેદિપ્યમાન વસ્ત્રોથી સુશોભિત દિવ્ય શરીરધારી તે વ્યક્તિએ બે હાથ જોડીને, મસ્તક નમાવીને લક્ષ્મીપૂંજ શેઠને કહ્યું, "મારી વાત સાંભળશો તો તમારા મનનું સરસ સમાધાન થઈ જશે."

મણિપુર નગરનો ગુણધર નામનો વેપારી જંગલના રસ્તે પસાર થતો હતો ત્યારે તેણે રસ્તામાં એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ મુનિવરને જોયા. વંદના કરીને તે ત્યાં બેઠો. ધ્યાન પૂર્ણ થતાં, ધર્મલાભ શબ્દ સાંભળીને તેણે પૂછ્યું, "હે ભગવંત ! સુખશાંતિ પામવાનો કોઈ સરળ માર્ગ મને બતાડવાની કૃપા કરો."

તે વખતે કેટલાક વિદ્યાધરો પણ ત્યાં આવીને વંદના કરીને બેસી ગયા હતા. 'વિશદ' નામના તે મુનિવરે તે વખતે કહ્યું. "ચોરી ભયંકર વ્યસન છે. બીજાનું ધન પડાવી લેવું તે મોત કરતાં પણ વધુ દુઃખદાયી છે. કોઈએ નહિ આપેલી ચીજ ક્યારે પણ ગ્રહણ કરવી જોઈએ નહિ. જે ચોરીનો ત્યાગ કરે છે તેને ભાવિમાં ઇચ્છિત વસ્તુઓ સામેથી મળે છે." મુનિવરે ત્રીજું અદત્તાદાન વિરમણવ્રત વિગતથી સમજાવ્યું. તે સાંભળીને ગુણધરે તે ત્રીજું વ્રત ગ્રહણ કર્યું.

ત્યાર પછી એક વાર ગુણધર તે જ જંગલમાંથી વેપાર કરવા આગળ વધ્યો. શસ્ત્રસજ્જ થઈ, ઘોડા ઉપર બેસીને, આગળ વધતાં તેણે રસ્તામાં લાખ સોનામહોરથી પણ વધારે કિંમતની મૂલ્યવાન મોતીની માળા પડેલી જોઈ. પણ 'મેં અદત્તાદાન વિરમણ વ્રત ગ્રહણ કરેલું છે, માળાના માલિકની રજા વિના મારાથી આ ન લેવાય' તેમ વિચારીને એક જ ઝાટકે તેણે પોતાની નજર તે માળા તરફથી ખેંચી લઈને પોતાનો ઘોડો આગળ ચલાવ્યો.

એકાદ ગાઉ આગળ ગયા પછી અચાનક ઘોડાને ઠોકર વાગી. પથ્થર ઉખડી જતાં સરસ મજાનો તાંબાનો ચરુ દેખાયો. તેમાં લાખો સોનામહોરો ઝળહળતી હતી, કોને તે લેવાનું મન ન થાય ? પરંતુ પોતે ગ્રહણ કરેલાં આ ત્રીજાવ્રતને નજરમાં લાવીને, 'મારાથી અણહક્કનું ન લેવાય,' એમ વિચારીને તેણે ઘોડાને આગળ હંકાર્યો.

થોડે આગળ જતાં ઘોડો ધબાક કરતો નીચે પડ્યો. ગુણધર પણ ચાર ગુલાંટ ખાઈ ગયો. માંડ માંડ ઊભો થઈને ઘોડા પાસે આવ્યો ત્યારે તેને ઘોડો મરી ગયેલો લાગ્યો. "અરરર ! હું કેટલો બધો નિર્દય ! મેં ઘોડાને ઘણો દોડાવ્યો તેથી તે મરી ગયો લાગે છે. હજુ બચી જાય તો સારું. જો કોઈ મારા આ ઘોડાને જીવતો કરી દે તો હું તેને મારી પાસે હાલ રહેલું બધું ધન આપી દઉં." આમ વિચારીને તે પગે ચાલતો આગળ વધ્યો.

હવે તે થાકી ગયો હતો. પસીનાથી રેબઝેબ થયો હતો. તરસ પણ સખત લાગી હતી. પાણી મેળવવા આમ તેમ નજર કરી પણ કોઈ તળાવ દેખાતું નહોતું. ક્યાંક પાણી મળી જશે તેવી આશાએ તે આગળ વધ્યો.

સામે એક ઝાડની ડાળી ઉપર બાંધેલી પાણીની મશક દેખાઈ. "જો આ મશકનો માલિક મને પાણી આપે તો મારી ઈચ્છા આ પાણી પીવાની છે. કોણ છે આ મશકનો માલિક ?" તે બોલ્યો.

તે સાંભળીને ડાળી પર લટકતાં પાંજરામાં રહેલો પોપટ માણસની ભાષામાં બોલ્યો, "હે મુસાફર ! પ્રભુ નામના વૈદરાજની આ પાણીની મશક છે. તેઓ ઔષધી શોધવા જંગલમાં ગયા છે. હું કાંઈ આ પાણીની મશકનો માલિક નથી કે તને પાણી પીવાની રજા આપું ?"

તે વખતે ગુણધરે કહ્યું, "હે પોપટ ! તું જરા ય ચિંતા ન કર. હું માલિકની રજા વિના કોઈપણ વસ્તુ ગ્રહણ કરતો નથી. અદત્તાદાન વિરમણ વ્રત મેં સ્વીકારેલ છે. તેથી મોત આવે તો ભલે આવે પણ આ પાણી અદત્ત હોવાથી હું નહિ જ પીઉં. અદત્ત વસ્તુ ગ્રહણ કરવી તે ભયંકર પાપ છે."

ગુણધરને એટલી જોરદાર તરસ લાગી હતી કે જેના કારણે તેને ચક્કર આવવા લાગ્યા. તે જમીન ઉપર બેસી ગયો. તેના પ્રાણ જાણે કે નીકળું નીકળું થઈ રહ્યા હતા.

પણ આશ્ચર્ય ! એકાએક પોપટ અને પાંજરું અદ્રશ્ય થઈ ગયાં. એક દિવ્યપુરુષ વૃક્ષ ઉપરથી નીચે આવ્યો. પ્રેમથી તેણે ગુણધરને પીવા માટે પાણી આપ્યું. પાણી પીને ગુણધર સ્વસ્થ થયો. તે વખતે તે દિવ્યપુરુષે ગુણધરને કહ્યું, "હે ગુણધર ! આમાં આશ્ચર્ય પામવાની જરા ય જરુર નથી. હું વિપુલા નામની નગરીનો સૂર્ય નામનો વિદ્યાધર છું. આ જંગલમાં વિશદ નામના મારા પિતામુનિવરની દેશના સાંભળવા આવ્યો હતો, ત્યારે તેં તેમની પાસે અદત્તાદાન વિરમણ વ્રત લીધું હતું, બરોબર ને ?

ગુણધરે કહ્યું, "હા, તે વાત તો બરોબર છે, પણ હાલ તે કેમ યાદ કરવું પડ્યું ?"

"સાંભળો, મારી પાસે પુષ્કળ ધન-સંપત્તિ હોવા છતાં ય મને ચોરીનું વ્યસન વળગ્યું છે. બીજાનું ધન હું લૂંટી લઉં છું. મારા પિતા-મુનિએ મને જોવાના કારણે, મને સુધારવા ચોરી ન કરવાનો ઉપદેશ આપ્યો હતો. પરંતુ મને નિયમ લેવાનું મન થયું જ નહિ. તે વખતે તને નિયમ લેતો જોઈને મને નવાઈ લાગી હતી.

આ ગુણધર વેપારી શી રીતે આ નિયમ પાળી શકશે ? શું તેને પારકું ધન મફતમાં મળતું જોઈને લેવાની ઈચ્છા નહિ થાય ? શું તે ક્યાંય નહિ લલચાય ? મારે અવસરે તેની પરીક્ષા કરવી પડશે.

અને તેથી જ્યારે આજે આ માર્ગે પસાર થતાં મેં તને જોયો ત્યારે સૌ પ્રથમ મોતીની માળા બતાવી. સોનામહોરો ભરેલો ચરું દેખાડ્યો. પણ હે ગુણધર ! તું જરા ય લલચાયો નહિ. તારા ઘોડાને મરેલો બતાવ્યો, તને પાણીની મશક દેખાડી. પણ તો ય તારા વ્રતપાલનમાં તું અત્યંત મક્કમ રહ્યો. તારા જેવા પુરુષરત્નને પામીને હું તો ધન્ય બની ગયો. પ્રાણોનું જોખમ વહોરીને પણ નિયમપાલનમાં તેં જે અડગતા બતાવી છે, તે જોઈને હું તારી ઉપર પ્રસન્ન થયો છું.

વિદ્યાધરે ઈશારો કરતાં જ સેંકડો વિદ્યાધરો ત્યાં આવ્યા. તેણે કહ્યું, "જાઓ, માર્ગમાં પડેલી માળા, ચરુ, ઘોડો અને બીજું પુષ્કળ ધન આ મહાપુરુષના ચરણોમાં લાવીને મૂકો.

તરત જ બધી વસ્તુઓ આવી ગઈ, ગુણધરે પૂછ્યું, "આ બધું ધન કોનું છે ?"

હે સજ્જન શિરોમણિ ! આમાંથી કેટલુંક ધન ચોરી કરીને લાવેલું છે તો કેટલુંક ધન મારી પોતાની માલિકીનું પણ છે. મારા પિતા મુનિનો ઉપદેશ સાંભળીને પણ હું જે નિયમ લેવા તૈયાર નહોતો થયો તે ચોરીનો ત્યાગ કરવાનો નિયમ - આજે તારા દઢતાપૂર્વકના વ્રતપાલનને જોઈને-લેવા તૈયાર થયો છું. તું જ મારો સાચો ગુરુ છે. તેથી ગુરુદક્ષિણા રુપે આ ધન મેં સમર્પિત કર્યું છે."

ગુણધર : જેની જેની પાસેથી જે જે ધન ચોરીને લવાયું છે, તે તે ધન તેના માલિકને પાછું આપી દો. તરત જ વિદ્યાધર સૂર્યે માણસોને આજ્ઞા કરી. ચોરેલું ધન તેના માલિકો પાસે પહોંચી ગયું.

બાકી રહેલું પોતાનું ધન ગ્રહણ કરવાની સૂર્યે ગુણધરને આગ્રહભરી વિનંતી કરી.

ગુણધર : મારા ઘોડાને જે જીવતો કરે તેને મારું ધન આપવાનું મેં નક્કી કરેલ છે, તેથી આ બધું ધન હવે તમે જ સ્વીકારી લો.

આ સાંભળતાં જ સૂર્યની આંખોમાં આંસુ ધસી આવ્યાં. ગુણધરની મહાનતાનાં દર્શન કરીને તે આશ્ચર્યમાં પડી ગયો. હાથ જોડીને બોલ્યો, "હે મહાનુભાવ ! તમે મારી ઉપર જે ઉપકાર કર્યો છે, તેનો બદલો આ ભવમાં હું શી રીતે વાળી શકીશ ? તમારું ધન તો મારાથી લેવાય જ શી રીતે ? વળી મારું ધન તમે ગ્રહણ કરતા નથી તો આ તમારા અને મારા ધનનું કરશું શું ?

ગુણધરે કહ્યું : "હે વિદ્યાધર ! ચિંતા કરવાની જરુર નથી. બધી ઋદ્ધિ-સમૃદ્ધિનું મૂળ જો કોઈ હોય તો તે ધર્મ જ છે. આ બધા ધનને આપણે ધર્મકાર્યમાં વાપરીએ.

તે બધી સંપત્તિ તેમણે ધર્મમાર્ગમાં વાપરી. તે ગુણધરકુમાર પોતાના ત્રીજા વ્રતને

સુંદર રીતે પાળીને, મૃત્યુ પામીને લક્ષ્મીપૂંજ તરીકે તું પોતે જ પેદા થયો છે. ત્રીજા વ્રતના પાલનના પ્રભાવે તું ઇચ્છે તે તને આ ભવમાં મળ્યા કરે છે. અરે ! ઇચ્છા પણ તારે કરવી પડતી નથી. અકલ્પ્ય સંપત્તિઓ તારા ચરણોમાં આવીને આળોટે છે. આ બધો પ્રભાવ ત્રીજા વ્રતના પાલનનો છે.

દિવ્ય પુરુષના મુખેથી આ વાત સાંભળીને લક્ષ્મીપૂંજ વિચારમાં પડી ગયો. તેનાથી પુછાઈ ગયું, "પણ પછી પેલાં સૂર્યવિદ્યાધરનું શું થયું ?

"હે પુણ્યશાળી ! પછી તે સૂર્ય નામના વિદ્યાધરે પણ ચોરી ન કરવાનો નિયમ બરોબર પાળ્યો. તે મૃત્યુ પામીને વ્યંતરેન્દ્ર બન્યો છે. અને તે વ્યંતરેન્દ્ર બીજું કોઈ નહિ, પણ હું પોતે જ છું. તું જયારથી તારી માતાના પેટમાં આવ્યો ત્યારથી તારા પ્રત્યેના પ્રેમાળભાવથી ખેંચાયેલો હું, તારા ત્રીજા અણુવ્રતના પાલનના પ્રભાવે સતત તને સહાય કરું છું. તારી પાસે સંપત્તિઓના ઢગલા કરું છું." કહીને વ્યંતરેન્દ્ર અદૃશ્ય થઈ ગયો.

આ સાંભળતાં લક્ષ્મીપૂંજ શેઠ બેભાન થઈને ઢળી પડ્યા. થોડીક વારમાં ભાનમાં આવ્યા. તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. વ્યંતરેન્દ્રે કહેલો પોતાનો પૂર્વભવ તે જ પ્રમાણે જાણીને તેમણે આ ભવમાં પણ જીવનને ધર્મમય બનાવી દીધું. ઉચ્ચકક્ષાના બારવ્રતધારી શ્રાવક બન્યા. છેલ્લે સમાધિમય મરણ પામીને બારમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી મનુષ્ય થઈ મુનિ બનીને મોક્ષ પ્રાપ્ત કરશે.

ત્રીજા વ્રતનું પાલન જે મક્કમતાથી આ ગુણધરે કર્યું, તેટલી જ મક્કમતા અને ધીરતાથી કરવાનો દરેકે પ્રયત્ન કરવો જોઈએ. જો આ વ્રત લેવામાં ન આવે તો મૃષાવાદ અને અદત્તાદાન, બંને દોષો ગમે તે ક્ષણે સેવાયા વિના રહેવાના નથી. આ સંસારમાં ડગલે ને પગલે નિમિત્તો તો આવ્યા જ કરવાનાં. અનેક લલચામણી ઓફરો આવવાની, તે સમયે આ વ્રતો લીધેલાં હશે તો બચાશે, નહિ તો આ લોક અને પરલોક સંબંધી અનેક પ્રકારના નુકશાનો સહેવાનો વખત આવીને ઊભો રહેશે.

સાંભળી છે ને પેલા ચુનીલાલ અને ભાઈચંદની સત્યઘટના ! મુંબઈના ઝવેરીબજારના આ બે વેપારી હતા. એકવાર ચુનીભાઈએ ભાઈચંદ પાસેથી હીરા ખરીદ્યા. ઘરે ગયા પછી જયારે ચુનીભાઈએ ખરીદેલા તે હીરાની ડબી જોઈ ત્યારે ખ્યાલ આવ્યો કે ખરીદેલા હીરાની નીચે રહેલી કાગળની પટ્ટી નીચે બીજા મૂલ્યવાન ચાર હીરા પડેલાં છે.

હીરા જોઈને ચુનીભાઈની દાનત બગડી. તેણે વિચાર્યું, "ભાઈચંદને ખ્યાલ રહ્યો નથી ને ભૂલમાં આ મૂલ્યવાન હીરાવાળી ડબી મને અપાઈ ગઈ છે. સારું થયું, મને તો મફતમાં આ હીરા મળી ગયા. હવે તેને કાઢીને સંતાડી દઉં. જાણે કે ડબીમાં

હતા જ નહિ."

હકીકતમાં આ ચાર મૂલ્યવાન હીરા મુસ્લિમ વેપારીએ ભાઈચંદભાઈને રાખવા આપ્યા હતા. પણ ભાઈચંદભાઈ ભૂલી ગયા હતા. એક મહિના પછી તેઓ પોતાના હીરા પાછા લેવા આવ્યા. તે વખતે ભાઈચંદભાઈને ખ્યાલ આવ્યો કે, તે હીરા જે ડબીમાં મૂક્યા હતા તે ડબી તો ભૂલમાં ચુનીભાઈને અપાઈ ગઈ છે. તેથી તેઓ ચુનીભાઈ પાસે ગયા.

"ચુનીભાઈ ! તમને પેલા હીરાના નંગ જે ડબીમાં આપ્યા હતા તે ડબીમાં નીચે બીજા ચાર નંગ ભૂલમાં રહી ગયા હતા. તો તે પાછા આપો ને ?

"હેં ! શું વાત કરો છો ! મેં તો જોયા જ નથી. છતાં તે ડબી લાવું, હોય તો તેમાં હશે જ."

ચુનીભાઈ ડબી લઈ આવ્યા. ભાઈચંદભાઈએ પેલી પટ્ટી ઊંચી કરી પણ ત્યાં તો પેલા ચાર નંગ હતા જ નહિ.

"ભલે અત્યારે દેખાતાં નથી, પણ મને તો બરોબર યાદ છે કે તે ચાર નંગ આ ડબીમાં જ મૂકેલા હતા."

એટલે શું મેં ચોરી લીધા છે ? મારા ગળે પડો છો ? ડબીમાં તમારા કોઈ હીરા હતા જ નહિ."

ભાઈચંદ તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. તેમને ખ્યાલ તો આવી જ ગયો કે ચુનીભાઈએ ચાર હીરા દબાવી દીધા છે. પણ હવે થાય પણ શું ?

તેઓ ઘરે પાછા ફર્યા. પેલા વેપારીને કહ્યું, "ભાઈ ! તમે મને ચાર મૂલ્યવાન હીરાઓ રાખવા આપ્યા હતા, તે વાત તદ્દન સાચી છે. પણ ભૂલથી મારા વડે તે હીરા કોઈને અપાઈ ગયા છે. હવે પાછા આવવાની શક્યતા જણાતી નથી. તો તેની જે કિંમત થતી હોય તે કહો, હું તમને ચૂકવી આપવા તૈયાર છું."

'ચુનીભાઈ ભલે જૂઠુ બોલતા હોય, ભલે હીરા ચોરી લેતા હોય, પણ મારે તો તેમ નથી જ કરવું. મારે તેમને ખુલ્લા પણ નથી પાડવા. મારે તો દૂધે ધોઈને પૈસા પાછા આપવા છે,' તેવું ભાઈચંદભાઈ મનમાં વિચારતાં હતાં.

પણ પેલા મુસ્લિમ વેપારી કહે, "ભાઈચંદકાકા ! તમારી વાત સાચી. પણ મેં તે મૂલ્યવાન હીરા વેચવા માટે નથી આપ્યા. હું તેને શુકનવંતા માનું છું. જ્યારથી તે હીરા મારી પાસે આવ્યા છે, ત્યારથી ખૂબ જ સુખી બન્યો છું. માટે મારે હીરાના પૈસા નહિ, પણ હીરા જ જોઈએ છે. તમે જેને આપ્યા હોય તેની પાસેથી પાછા લઈને પણ મને તે જ હીરા પાછા આપો. પણ પૈસા નહિ.

હવે શું કરવું ? પરિસ્થિતિ જ એવી ઊભી થઈ છે કે સાચી વાત રજૂ કર્યા વિના ચાલે તેમ નથી. તેથી ભાઈચંદભાઈએ બનેલી ઘટના જણાવી દીધી.

તે સાંભળીને તે વેપારીએ કહ્યું, "કાકા ! તમારી ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. તમે તો તે હીરા દબાવ્યા નથી જ. પણ ભૂલમાં જો ચુનીભાઈ પાસે જતા રહ્યા હોય તો તમે તેમને ફરી સમજાવી જુઓ. મારે તો તે જ હીરા જોઈએ છે."

વેપારીની વાત સ્વીકારીને ભાઈચંદ ચુનીભાઈ પાસે આવ્યા. ફરીથી બધી વાત કરીને હીરાની માંગણી કરી, પણ આ તો ચુનીભાઈ ! જૂઠું નહિ બોલવાની કે ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા તેમણે થોડી જ લીધી હતી ? અને આવા મૂલ્યવાન હીરા કાંઈ હાથમાં આવ્યા પછી થોડા જવા દેવાય ? ગમે તેવા શબ્દો બોલીને તેણે તો ભાઈચંદનું અપમાન કરી દીધું.

હવે અન્ય રસ્તો ન હોવાથી ભાઈચંદ પેલા મુસ્લિમ વેપારીના ઘરે ગયા. "ભાઈ ! ચુનીભાઈ માનતા જ નથી. તે હીરા મળે તેવી કોઈ જ શક્યતા નથી માટે તમે જે ભાવ નક્કી કરો તે વ્યાજ સાથે આપવા તૈયાર છું. મને આ દેવામાંથી મુક્ત કરો. બીજું તો હું શું કરું ?

"ભાઈચંદકાકા ! મારે ક્યાં વેચવા છે ? આજે તો હીરાના ભાવ આસમાને પહોંચ્યા છે. વેચીએ તો ચિક્કાર કમાણી થાય તેમ છે. પણ શુકનની વસ્તુ થોડી વેચાય ?

આ રીતે ભાઈચંદ તથા વેપારીભાઈ વચ્ચે વાર્તાલાપ થતો હતો તેનો અવાજ પાછલી રુમમાં બેઠેલા પિતા અલીહુસેનના કાને પહોંચ્યો. તેઓ તસબી (માળા) ફેરવતાં ફેરવતાં બહાર આવ્યા.

"અરે ભાઈચંદ શેઠ ! ક્યા બાત હૈ ! ભાઈચંદશેઠ અને અલીહુસેન, બંને ઝવેરીમિત્રો હતા. એકબીજાનો માલની લેવડદેવડનો વ્યવહાર હતો. બંને એકબીજાની ઈમાનદારી-ખાનદાની બરોબર જાણતા હતા. ભાઈચંદે અલીહુસેનને બની ગયેલી ઘટનાની જાણ કરી. "વળી જ્યારે ચુનીભાઈ તે હીરા પાછા આપે તેમ નથી અને તમારા દીકરાઓને પૈસા નહિ પણ તે હીરા જ જોઈએ છે, ત્યારે મારે શું કરવું ? એમ પૂછ્યું.

અલીહુસેન કહે છે : દેખો ભાઈચંદ શેઠ ! મૈં તુમ્હારી બાત માનતા હૂં. અબ તુમ ચુનીભાઈકો હમારે યહાં લે આઓ, તુમ સબ લોગ મુઝકો લવાદ બના દો. મૈં જો ફેંસલા કરું વો માન લેના !

ભાઈચંદભાઈ બીજા દિવસે ચુનીભાઈને લઈને અલીહુસેનના ઘરે આવ્યા. તેમના બે દીકરાઓ સાથે હીરા અંગે વાતચીત શરુ થઈ. થોડી વારમાં તસબી ફેરવતાં ફેરવતાં અલીહુસેન બહાર આવીને બોલ્યા, "ક્યોં ચુનીલાલ ! ક્યા બાત હૈ ! ભાઈચંદશેઠ કે

નંગ કી ક્યા બાત હૈ ?

ચુનીલાલ : ચાચા ! હું સાચું જ કહું છું કે ડબીમાં મારા ખરીદેલાં નંગ જ હતાં. ભાઈચંદ ખોટો મારા ગળે પડે છે. મારા દીકરાના સોગંદ ખાઈને કહું છું કે એ ડબીમાં તમારા ચાર હીરા તો હતા જ નહિ."

અલીહુસેન : "યા ખુદા યા ખુદા ! અરે ચુનીલાલ ! તુમને યહ ક્યા કીયા ? ઈતની સી બાતમેં લડકેકી કસમ ખા લી ! અચ્છા નહિ કીયા."

દેખો ભાઈચંદ ! તેરા કોઈ કસુર મુઝે તો માલૂમ નહિ હોતા. આજકલ તો હીરે કા ભાવ બહોત બઢ ગયા હૈ મગર હમને જિસ દિન યે હીરે તુમ્હારે પાસ રખા થા, ઉસ દિનકા ભાવસે પૈસે દેદો.

તરત જ ભાઈચંદે તે રીતે પૈસા ચૂકવી દીધા. પિતાની આજ્ઞા હતી તેથી દીકરાઓએ પણ પ્રેમથી તે રકમ સ્વીકારી લીધી. બીજો ઉપાય પણ ક્યાં હતો ?

ચુનીલાલના હૈયામાં આનંદ સમાતો નહોતો. એક મહિના પહેલાં જેના લગ્ન થયા હતા, તે ચોવીસ વરસના એકના એક દીકરાના સોગંદ તેણે ઠંડે કલજે ખાઈ લીધા. કારણ કે તેની નજર હીરા તરફ હતી.

પરંતુ તીવ્રતાથી કરેલું પાપ પોતાનો પરચો ક્યારેક તો આ ભવમાં જ બતાવતું હોય છે. જૂઠ અને ચોરી, બે પાપ અને તે ય પાછા ઠંડે કલેજે અત્યંત નિષ્ઠુરતાથી કરનારો આ ચુનીલાલ શી રીતે છટકી શકે ?

એ જ દિવસે રાત્રે ચુનીભાઈના તે એકના એક દીકરાને ચાર ડિગ્રી તાવ આવ્યો. કોઈ ઉપચારો થાય તે પહેલાં તો તે પરલોક સિધાવી ગયો. સવારે તો તેની સ્મશાનયાત્રા કાઢવી પડી.

ચુનીભાઈ હવે માથે હાથ મૂકીને પોકે પોકે રડે છે. ચાર હીરા માટે જુવાનજોધ એકનો એક દીકરો ગુમાવ્યો. મહિના પહેલાં લગ્ન કરીને લાવેલી એક માસૂમ સ્ત્રીને વિધવા બનાવી. કરુણ કલ્પાંત સમગ્ર ઘરમાં ચાલી રહ્યું છે.

પણ હવે ચુનીભાઈને ચેન પડતું નથી. અંદરથી પશ્ચાત્તાપનો પાવક અગ્નિ પ્રજ્વલિત થયો. ઊભા થયા. તિજોરીના ચોરખાનામાંથી પેલા ચાર નંગ હાથમાં લીધા. પહોંચ્યા ભાઈચંદના ઘરે. ધ્રુસકે ધ્રુસકે રડતાં રડતાં પગમાં પડીને કહ્યું, "અરે ઓ ભાઈચંદ ! લે આ તારા ચાર હીરા ! મેં જ તેને ચોરી લીધા હતા, મને તેની સજા બરોબર મળી ગઈ. આ હીરા પાછા લઈને મારી ઉપર કરુણા કર, નહિ તો કોણ જાણે આ હીરાની ચોરીના પાપે હજુ તો મારે શું સહન કરવાનું આવશે ? ના ! હવે વધુ સજા ભોગવવાની મારી તાકાત નથી."

જો ચોરી નહિ કરવાનો નિયમ ચુનીલાલને હોત તો ઘરે ડબીમાં નીચે પડેલા ચાર હીરા જોવા મળ્યા ત્યારે જ તેઓ તે હીરા ભાઈચંદને પાછા આપવા જાત. પરિણામે જૂઠું બોલવાનો, દીકરાને ગુમાવવાનો કે પુત્રવધુને વિધવા બનાવવાનો પ્રસંગ જ ન બનત. નિયમ ન કરવાના કારણે ચોરી કરી, જૂઠું બોલ્યા, સંસાર ઉજ્જડ બનાવ્યો, દીકરો ગુમાવ્યો અને ચોરેલા હીરા પાછા સોંપવા પડ્યા તે વધારામાં ! ચોરીથી થતાં આલોકના નુકસાનોને ધ્યાનમાં રાખીને તરત આ વ્રત લઈ લેવું જોઈએ.

પરમાત્મા મહાવીરદેવ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવેલાં. તેમનું નીચગોત્રકર્મ પૂર્ણ થતાં તેઓને ત્રિશલાજીની કુક્ષીમાં સ્થાપન કરવામાં આવ્યા. પરંતુ દેવાનંદા બ્રાહ્મણી તીર્થંકર પરમાત્માને જન્મ આપવાનું સદ્ભાગ્ય કેમ ગુમાવી બેઠી ? તેની કુક્ષીમાંથી પુત્ર કેમ ચોરાયો ? તેનું કારણ મળે છે તેના પૂર્વભવમાં.

ત્રિશલા અને દેવાનંદા પૂર્વભવમાં દેરાણી-જેઠાણી હતા. દેરાણીનો સરસ મજાનો હાર જોઈને જેઠાણીથી ન રહેવાયું. તેણે એકવાર લાગ જોઈને તે હાર ચોરી લીધો. પછી તેના ઘાટમાં થોડો ઘણો ફેરફાર કરીને પહેરવા લાગી.

દેરાણીએ પોતાનો હાર ઘણો શોધ્યો પણ મળ્યો નહિ. જુદા ઘાટમાં તે જ હાર જ્યારે જેઠાણીના ગળામાં જોયો ત્યારે દેરાણીને ખ્યાલ તો આવી ગયો, પરંતુ તેણે ઝઘડો ગમતો નહોતો. તેણે તે વાત ગુપ્ત રાખી.

જ્યારે જેઠાણી મરણશય્યા પર હતી, ત્યારે તેને પોતાની ભૂલનું ભાન થયું. તે વિચારવા લાગી, "કમાલ કહેવાય ! મારી દેરાણી તો દેવી છે દેવી ! મેં તેનો હાર ચોરી લીધો, તેને પાછો પણ ન આપ્યો, તેને ખબર પણ પડી ગઈ, છતાં ય તે કાંઈ બોલતી પણ નથી. ધન્ય છે તેને !"

આ જેઠાણી મરીને દેવાનંદા બ્રાહ્મણી બની. દેરાણી મરીને ત્રિશલા ક્ષત્રિયાણી થઈ. જેઠાણીએ દેરાણીનો પૂર્વભવમાં હાર ચોર્યો હતો તો આ ભવમાં જેઠાણી રુપ દેવાનંદાએ પોતાના પુત્રરત્નને ગુમાવ્યો. દેરાણીએ થઈ ગયેલી ચોરીને સહન કરી હતી, ફરિયાદ નહોતી કરી તો તેને ત્રિશલા તરીકેના આ ભવમાં ત્રણ લોકના નાથ દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની પુત્રરુપે પ્રાપ્તિ થઈ.

આ પ્રસંગને સતત નજરમાં રાખીને નાની કે મોટી, કિંમતી કે સસ્તી, આકર્ષક કે સાદી કોઈપણ વસ્તુને માલિકની રજા વિના નહિ લેવાનો નિર્ણય કરી દેવો જોઈએ.

"મોટી ચોરી કરવી નહિ" તેવા આ ત્રીજા અણુવ્રતનું પાલન થઈ શકે તે માટે કેટલાક નિયમો પણ ધારણ કરવા જોઈએ. તેમાં કોઈ છૂટછાટ રાખવી હોય તો તે પણ રાખી શકાય. ભૂલ થઈ જાય તો તેનો દંડ પણ નક્કી કરી શકાય.

| નિયમો | સમયમર્યાદા | દંડ |
|---|---|---|
| પૂછ્યા વિના કોઈની વસ્તુ લેવી નહિ. | | |
| રસ્તામાં પડેલી કોઈ વસ્તુ લેવી નહિ. | | |
| રસ્તામાં પડેલા પૈસા-પાકીટ લેવા નહિ. | | |
| કોઈના દાગીના પડાવી લેવા નહિ. | | |
| માળીની / માલિકની રજા વિના ફૂલ લેવા નહિ. | | |
| માલિકની રજા વિના કેરી, નાળિયેર વગેરે ફળ લેવાં નહિ. | | |
| દાણચોરી કરવી-કરાવવી નહિ. | | |
| ચોરબજારની વસ્તુ ખરીદવી નહિ. | | |
| આખી ના બદલે અડધી ટિકિટ લેવી નહિ. | | |
| એક પોસ્ટલ ટિકિટનો બીજીવાર ઉપયોગ કરવો નહિ. | | |
| ટ્રેનની રીટર્ન ટિકિટનો બીજીવાર ઉપયોગ કરવો નહિ. | | |
| ભેળસેળ કરવી નહિ. | | |
| વસ્તુની કે વ્યક્તિની અદલાબદલી કરવી નહિ. | | |
| તોલ-માપ વગેરેમાં ગરબડ કરવી નહિ. | | |
| બીજાના બુટ-ચંપલ વગેરેની ઉઠાંતરી કરવી નહિ. | | |
| બીજાને ચોરી કરવાની પ્રેરણા કરવી નહિ. | | |
| ચોરને કોઈ સહાય કરવી નહિ. | | |
| પરીક્ષામાં ચોરી કરવી નહિ-કરાવવી નહિ. | | |
| ઈન્કમટેક્ષ વગેરેની ચોરી કરવી નહિ. | | |
| ટિકિટ વિના મુસાફરી કરવી નહિ. | | |
| થાપણ ઓળવવી નહિ. | | |
| વિશ્વાસઘાત કરવો નહિ. | | |
| લાંચ લેવી નહિ / આપવી નહિ. | | |
| પરીક્ષાના પેપરો ફોડવા નહિ. | | |

આ ત્રીજું વ્રત સ્વીકાર્યા પછી જેમ તેનો ભંગ થવા દેવાનો નથી તેમ તેના અતિચારો પણ ન લાગે તેની કાળજી રાખવાની છે. તે માટે ત્રીજા વ્રતના પાંચ અતિચારો પણ સમજવા જરુરી છે. જે આ પ્રમાણે છે :

(૧) સ્તેનાહૃતગ્રહ (૨) સ્તેન પ્રયોગ (૩) વિરુદ્ધગમન (૪) કુડતોલમાન

(૫) પ્રતિરુપેણ ક્રિયા.

**(૧) સ્તેનાહ્રતગ્રહ :** ચોરે ચોરી કરીને લાવેલી વસ્તુ પૂરા કે અલ્પમૂલ્યે ખરીદવી કે મફતમાં લેવી.તેમ કરવાથી ચોરને ચોરી કરવાનું પ્રોત્સાહન મળે છે. વળી તે વસ્તુ પકડાવાથી ચોરી ન કરી હોવા છતાં ય ચોર તરીકેનું આળ ચડે છે. તેથી ચોરીની વસ્તુ ક્યારે પણ લેવી નહિ.

**(૨) સ્તેન પ્રયોગ :** ચોરને ચોરી કરવાની પ્રેરણા કરવી, ચોરીનાં સાધનો પૂરાં પાડવાં, ચોરીની રીતો શિખવાડવી, ચોરી કરવાનાં સાધનો વેચવા વગેરે. સીધી કે આડકતરી રીતે ચોરી કરવામાં સહાય કરવી તે સ્તેનપ્રયોગ નામનો અતિચાર છે.

ચોરી કરનાર ચોરો આમતેમ બેઠાં હોય તો બેસી કેમ રહ્યા છો ? તમારે કોઈ વસ્તુની જરુર હોય તો હું આપું વગેરે કહેવા દ્વારા તેને ચોરી કરવામાં સહાય કરે તો પણ આ અતિચાર લાગે. ચોરીનો માલ ખરીદનાર ન હોય તો, ચિંતા ન કરવી બધો માલ હું ખરીદી લઈશ વગેરે બોલવું તે પણ આ વ્રતના અતિચાર રુપ છે.

**(૩) વિરુદ્ધગમન :** રાજ્ય-દેશ વગેરેના કાયદાનો ભંગ કરીને શત્રુના દેશ/ રાજ્ય સાથે વ્યવહાર કરવો. તેમ કરવાથી જ્યારે પકડાય ત્યારે શત્રુદેશ તો આ વેપારીને ચોર જ માનશે. તેણે દેખીતી રીતે કોઈ ચોરી કરી નથી પરંતુ રાજ્ય / દેશ તરફથી નિષિદ્ધ વસ્તુનું આચરણ કર્યું છે તે તેને ચોર તરીકેની સજાને પાત્ર બનાવી શકે છે. આ અતિચારને પણ ત્યાગવો.

**(૪) કુડાતોલ-કુડુંમાપ :** અનાજ વગેરે વજન કરવાના ત્રાજવા વગેરેમાં કરામત કરવી. ઓછું વજન આપવું. તે જ રીતે માપ પણ નાનું રાખવું. વજન કે માપ કરવાનું સાધન નાનું-મોટું કે હલકું-વજનદાર રાખવું અને તે રીતે સામેવાળી વ્યક્તિને છેતરવી, નાના કે હલકા માપ-વજનથી વસ્તુ વેચવી અને ભારે કે મોટા વજન-માપથી વસ્તુ લેવી. આમ લેવાના ને આપવાના કાટલાં જુદાં રાખવા તે આ અતિચાર રુપ છે.

**(૫) પ્રતિરુપેણ ક્રિયા :** ભેળસેળ કરવી. ખરાબ વસ્તુને સારી કહીને આપવી. સારી-ખરાબ મીક્ષ કરીને સારી તરીકે આપવી. સરખા રુપ-રંગ-ગંધવાળી વસ્તુઓને મિશ્ર કરીને આપવી. ઘીમાં ચરબી, વાસક્ષેપમાં લાકડાનો વેર, હિંગાષ્ટકમાં હળદર, કેસરના નામે બનાવટી કેસર વગેરે આપવું તે ત્રીજા વ્રતના આ અતિચાર રુપ છે.

આ પાંચે ય અતિચારોનું સ્વરુપ વ્યવસ્થિત રીતે સમજી લઈને એક પણ અતિચાર ન લાગી જાય તેની કાળજી રાખવા. છતાં પ્રમાદવશ કોઈ અતિચાર સેવાઈ જાય તો ગુરુભગવંત પાસે તેની બરોબર શુદ્ધિ કરી લેવી જોઈએ.

# (૧૦) સ્વદારાસંતોષ - પરસ્ત્રીગમન વિરમણ વ્રત

"એ વ્રત જગમાં દીવો, મેરે પ્યારે ! એ વ્રત જગમાં દીવો" શબ્દોથી જેના અત્યંત વખાણ કરવામાં આવ્યા છે, તે અત્યંત મહત્ત્વનું આ વ્રત છે. ચોથા વ્રત તરીકે આ વ્રત પ્રસિદ્ધ છે. સર્વ વ્રતોમાં શિરોમણી આ વ્રત છે. મોહરાજાની છાવણી ઉપર જોરદાર વળતો પ્રહાર કરવાની તાકાત આ વ્રતમાં છે.

અઢારે ય પાપોનું કેન્દ્રસ્થાન ઘર છે. જે ઘર રાખે તેને બધા ય પાપો કરવા પડે. સાધુઓને અણગાર કહેવાય છે. અણગાર એટલે ઘર વિનાના (અગાર=ઘર). સાધુઓને ઘર ન હોવાથી તેઓ પાપરહિત જીવન સહેલાઈથી જીવી શકે છે.

ઘરનું મૂળ સામાન્યતઃ ઘરવાળી છે. લગ્ન કરો, ઘરવાળી લાવો એટલે બાળકો થાય. બધાને રહેવા ઘરની જરુર પડે. લગ્ન પાછળનું એક મહત્ત્વનું કારણ મૈથુન છે. આમ સર્વપાપોનું મૂળ આ મૈથુનસેવન બની શકે છે. તે મૈથુનનો ત્યાગ એટલે બ્રહ્મચર્યવ્રત.

મિથુન=યુગલ. સ્ત્રી-પુરુષનું યુગ્મ. તેઓ જે કાંઈ વિષયસેવન કરે તે મૈથુન કહેવાય. આપણા પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવંતો આ મૈથુનના સર્વથા ત્યાગી હોય છે. તેઓ શુદ્ધ બ્રહ્મચર્ય પાળતાં હોય છે. ઔદારિક શરીરવાળા મનુષ્ય અને તિર્યંચો કે વૈક્રિય શરીરવાળા દેવદેવીઓ સાથે મૈથુનસેવન મન-વચન કાયાથી ત્યાગે છે. બીજા પાસે સેવરાવતા નથી કે કોઈ મૈથુનસેવન કરે તેની અનુમોદના પણ કરતાં નથી. તેથી ઔદારિક કે વૈક્રિય શરીરધારી સાથે (૨) મન-વચન-કાયાથી, (૩) મૈથુન-સેવન કરવું નહિ, કરાવવું નહિ કે કરતાંની અનુમોદના કરવી નહિ એમ ૨X૩X૩=૧૮ પ્રકારે મૈથુનસેવનનો તેમને ત્યાગ હોય છે. ગુરુભગવંતો આ રીતે ૧૮ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરે છે.

પોતાનો બાળક જયારે ધ્રૂસકે ધ્રૂસકે રડતો ત્યારે પેલી મદાલસા તેને કહેતી,

"मृत्यो बिभेषि किं बाल ? स च भीतं न मुञ्चति

अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि।

હે બાળક ! તું શું મૃત્યુથી ડરી રહ્યો છે ? તે માટે તું ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો છે ? પણ એમ રડવાથી શું વળે ? કારણ કે જે વ્યક્તિ મૃત્યુથી ડરે છે, તેને યમરાજા કાંઈ છોડી દેતો નથી ! મૃત્યુ તેને માફી આપતું નથી. હા ! એટલી વાત નક્કી છે કે જે જન્મ્યો નથી તેની ઉપર મૃત્યુ હુમલો કરી શકતું નથી. યમરાજા તેને ઊંચકીને લઈ જઈ શકતો નથી. માટે જો તને ખરેખર મોતનો ડર હોય તો તું જન્મ જ ન લેવો પડે તે માટે પ્રયત્ન કર. જયાં

પહોંચ્યા પછી કદી ય જન્મ જ લેવો પડતો નથી તેવા મોક્ષના વિષયમાં પ્રયત્ન કર !"

કેટલી સરસ શિખામણ આપી રહી છે મદાલસા ! મોતથી ડરવાની જરુર નથી, જરુર તો છે જન્મ લેવાથી ડરવાની. મોત તો સજા છે. સજા તેને જ મળે છે, જે ગુનો કરે છે. જે જન્મ લેવાનો ગુનો કરે છે, તેને જ મોતની સજા મળે છે. માટે આપણને જો મોત ગમતું ન હોય તો જન્મ લેવાનો ગુનો બંધ કરવો પડે.

જેને જન્મ બંધ કરવો હોય, તેણે બીજાને જન્મ આપવામાં નિમિત્ત બનવાનું બંધ કરવું જોઈએ. તે માટે સંપૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.

'અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદી ય સફળ ન થાય.' જે પોતાના જીવનમાં સુંદર બ્રહ્મચર્ય પાળે છે, તે ધાર્યા કામ કરી-કરાવી શકે છે. બ્રહ્મચર્યની પોતાની તાકાત જ કોઈ વિશિષ્ટ પ્રકારની છે. બ્રહ્મચારી વ્યક્તિની ખુમારી પણ જુદી જાતની હોય છે તેની જીવનપદ્ધતિ પણ વિશિષ્ટ જાતની હોય.

એક કોલેજીયન વિદ્યાર્થી પાતંજલ યોગદર્શનનો પાઠ કરી રહેલો. તેમાં વાક્ય આવ્યું, "ब्रह्मचर्य – प्रतिष्ठायामपूर्व – वीर्यलाभ। જે વ્યક્તિ પોતાના જીવનમાં બ્રહ્મચર્યની સ્થાપના કરે તેને પુષ્કળ શક્તિની પ્રાપ્તિ થાય. આ તો હતો નવા જમાનાનો યુવાન ! બ્રહ્મચર્યની હાંસી ઉડાડનારો ! આ વાક્ય વાંચતાં તેને હસવું આવ્યું.

બરોબર તે જ વખતે એક દૂબળો-પાતળો સંન્યાસી ત્યાંથી પસાર થયો. તેને જોઈને તે ટોંટમાં બોલવા લાગ્યો, "ब्रह्मचर्य – प्रतिष्ठायामपूर्व – वीर्यलाभ।" "જુઓ તો ખરા, બ્રહ્મચર્યની કેટલી બધી તાકાત છે !"

આ સાંભળતાં સંન્યાસીને બધો ખ્યાલ આવી ગયો. યુવાનને બ્રહ્મચર્યની તાકાત બતાડવાની જરુર લાગી. આ યુવાન ક્યાં જાણે છે કે પૂર્વભવમાં વિશિષ્ટ ધર્મારાધનાથી પુણ્ય બાંધ્યું હોય તો આ ભવમાં બ્રહ્મચર્ય ન પાળનારને ય સારું શરીર તે પુણ્યના પ્રભાવે મળી શકે ! અને મહાબ્રહ્મચારીને પૂર્વભવના પાપનો ઉદય હોય તો દૂબળું શરીર હોઈ શકે. અહીં શરીરની શક્તિની વાત નથી પણ આત્માની શક્તિની વાત છે. જેમ જેમ બ્રહ્મચર્યનું પાલન થતું જાય તેમ તેમ આત્મિક શક્તિઓ-વધુને વધુ જાગ્રત થતી જાય. કાંઈ વાંધો નહિ. આ યુવાનીયો મશ્કરી કરે છે તો તેને બરોબર બોધપાઠ આપું, એમ વિચારીને તેણે જોરથી રાડ પાડીને કહ્યું, "અરે ઓ બચ્ચે ! ખડે હો જાવ !

અને જાણે કે કોઈ અદૃશ્ય શક્તિ તેની ઉપર કામ કરતી ન હોય, તેમ તે કાંઈપણ વિચાર્યા વિના ઊભો થઈ ગયો. "ચલો મેરે પીછે પીછે" સાંભળીને તે હૃષ્ટ પુષ્ટ કદાવર કાયાવાળો યુવાન તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેને પણ સમજાતું નહોતું કે આ દૂબળા-પાતળા માણસની પાછળ હું કેમ દોરવાઈ ગયો !

આગળ વધતાં વધતાં એક ગુફા આવી. સંન્યાસીએ ગુફામાં પ્રવેશ કર્યો. તેની

પાછળ પાછળ પેલો યુવાન પણ પ્રવેશ્યો. તે જ વખતે એક સિંહ ગુફામાં તેમની સામે આવ્યો. તેને જોઈને આ યુવાન તો થર થર કાંપવા લાગ્યો. શી રીતે આ સિંહથી બચવું ? તે તેના માટે પ્રાણપ્રશ્ન હતો. તે તો ગભરાઈને સંન્યાસીના બે પગની વચ્ચે ભરાઈ ગયો.

તે જોઈને સંન્યાસીએ સિંહને કહ્યું, "ચલે જાઓ યહાં સે ! દેખતે નહિ, યે અતિથિ કાંપ રહા હૈ" અને સિંહ ત્યાંથી ચાલ્યો ગયો.

થોડી વાર પછી સિંહ નથી તેની ખાતરી કરીને તે યુવાન સંન્યાસીના પગ વચ્ચેથી બહાર નીકળ્યો. તે વખતે સંન્યાસીએ તે યુવાનને કહ્યું, "બેટે ! સમજ ગયાને ? ब्रह्मचर्यप्रतिष्ठायामपूर्व वीर्यलाभ । કા અર્થ સમજમેં આ ગયા ને ? પેલા યુવાને સંન્યાસીના પગમાં પડીને માફી માંગી. તેને બ્રહ્મચર્યનો મહિમા સમજાઈ ગયો.!!

સ્વામી વિવેકાનંદની વાત પણ સાંભળી છે ને ? તેઓ બ્રહ્મચર્યના પ્રખર હિમાયતી હતા. એકવાર તેઓ અમેરીકા ગયા હતા. તેમની બ્રહ્મચર્ય-પાલન અંગેની વાતો સાંભળેલા ઘણા સુધારાવાદીઓ કહેતા કે નકરી વાત કરવાનો શો અર્થ ? એનો કોઈ પરચો જાણવા મળે તો બરોબર !

સ્વામીજીએ જાહેરાત કરાવી કે અમુક સભામાં પોતે બ્રહ્મચર્યનો ચમત્કાર બતાવવાના છે. તે સભાનો હોલ ડોક્ટરોથી ખીચોખીચ ઉભરાયેલો હતો.

સ્વામી વિવેકાનંદે પોતાનું પ્રવચન ઇંગ્લીશભાષામાં ફ્લુઅન્ટલી ફરમાવ્યું. પ્રવચનમાં એક વાર તેઓ બોલી ગયેલા કે "ધ ડોક્ટર્સ ઑફ અમેરીકા આર નોટ ડૉક્ટર્સ બટ ડોન્કીઝ."

પ્રવચન પૂર્ણ થયા પછી તાળીઓના ગડગડાટથી તેને વધાવીને બધા બહાર નીકળ્યા. એક જણ બોલ્યો, જાહેરાત તો ઘણી કરેલી પણ સ્વામીજીએ બ્રહ્મચર્યનો કોઈ ચમત્કાર તો ન બતાડ્યો ! તે સાંભળીને એક બુઝર્ગ ડોક્ટરે કહ્યું કે, "આપણા જેવા મહાન અમેરીકન ડોક્ટરોને તેમણે ભરસભામાં ડોન્કી (ગધેડા) કહ્યાં છતાં ય આપણામાંથી કોઈ તેનો પ્રતિકાર ન કરી શક્યું; તે જ મોટો ચમત્કાર નથી ? આ જ તો બ્રહ્મચર્યની મહાન તાકાત છે ! બ્રહ્મચર્યના પ્રભાવે તેમનામાં કેવી ધગધગતી ખુમારી પેદા થઈ છે ! કેવી નિડરતા અને સાહસિકતા છે !"

મહાભારતમાં આવે છે કે, "ભિષ્મ પિતામહ મન મૂકીને લડતા નહોતા તે વખતે રાત્રે છાવણીમાં અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, "તમે તો બ્રહ્મચર્યના અફાટ વખાણ કરતાં હતા. બ્રહ્મચારીની તાકાત અજબગજબની હોય તો મહાબ્રહ્મચારી ભિષ્મ પિતામહમાં કેમ તેવી તાકાત જણાતી નથી ?"

શ્રીકૃષ્ણ કહે, "બસ કર અર્જુન ! વધારે બોલીશ નહિ. જો આ વાતની ગમે તે

રીતે ભિષ્મ પિતામહને ખબર પડશે તો તારું-મારું આવી બનશે. બ્રહ્મચર્યના પારખાં કરવાના ન હોય !"

અને બીજા દિવસે સવારે જોર જોરથી નગારું વાગવા લાગ્યું. તેના પડઘમ રોજ કરતાં આજે જુદા હતા. શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, "આ અવાજ સાંભળ ! નક્કી કાલની આપણી વાત તેમના કાને પહોંચી ગઈ લાગે છે. આ નગારું કોઈ સામાન્ય માણસ નહિ પણ ભિષ્મ પિતામહ પોતે વગાડતાં લાગે છે. તે સિવાય આવા પડછંદ પડઘા ન પડે. આજે આપણને ખરેખર ભારે પડી જશે."

અને યુદ્ધના મેદાનમાં અર્જુનને રથમાં બેસાડીને શ્રીકૃષ્ણ પહોંચ્યા ત્યારે ભિષ્મપિતામહે પોતાના ધનુષ્યનો ટંકાર એટલો બધો જોરદાર કર્યો કે જે સાંભળીને બ્રહ્માંડ વિસ્ફોટ સદશ અવાજ થયો. રથના સાતે ઘોડાઓ ભડક્યા. શ્રીકૃષ્ણની પિતાંબરીની ગાંઠ પણ છૂટી ગઈ. માંડ-માંડ તેમણે પિતાંબરીને પકડી રાખી.

જરાક ઘોડાઓને કંટ્રોલમાં રાખીને, પિતાંબરીને ગાંઠ મારવા જાય ત્યાં જ ભિષ્મ ફરીથી ધનુષનો ટંકાર કરે. ઘોડાઓ ભડકે. ગાંઠ મારવાની રહી જાય. એમ કહેવાય છે કે તે દિવસે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી વારંવાર ધનુષ્યના ટંકાર કરીને ભિષ્મપિતામહે એવા ઘોડાઓને ભડકાવ્યા કે જેના કારણે સૂર્યાસ્ત સુધી શ્રીકૃષ્ણ પોતાની પિતાંબરીની ગાંઠ વાળી ન શક્યા. બ્રહ્મચર્યની વિશિષ્ટ તાકાતનો પરચો તેમણે તે દિવસે યુદ્ધમાં બધાને બરોબર કરાવ્યો. તે તાકાત જોઈને બધા દીંગ થઈ ગયા.

બ્રહ્મચર્યનું પાલન ન કરવાથી, એક જ વારના મૈથુન સેવનમાં આપણા જેવા જ માનવ બનવાની યોગ્યતા ધરાવતા ઉત્કૃષ્ટથી નવ લાખ જીવોનો નાશ થાય છે. તે સિવાય બીજા પણ બેઇન્દ્રિયાદિ અસંખ્ય જીવો તથા અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવો પણ ઉત્પન્ન થઈને મરી જાય છે.

એક જ વારના વિષયસુખના ક્ષણિક ભોગમાં અસંખ્ય જીવોના જીવનનો કચ્ચરઘાણ જાણીને કયો ડાહ્યો માણસ બ્રહ્મચર્યનું પાલન કરવા તૈયાર ન થાય ?

શાસ્ત્રોમાં જણાવેલ છે કે કરોડો સોનૈયાનું દાન કરવા કરતાં કે સોનાનું જિનમંદિર બંધાવતાં.જે ફળ પ્રાપ્ત ન થાય તે ફળ બ્રહ્મચર્યનું પાલન કરનારને મળે. દેવો પણ બ્રહ્મચારીનાં ચરણોમાં વંદન કરે છે કારણ કે દેવો માટે બ્રહ્મચર્યનું પાલન શક્ય નથી. બ્રહ્મચર્યના પાલનથી આ ભવમાં શારીરિક આરોગ્ય, શુદ્ધિ-સમૃદ્ધિ-ઠકુરાઈ, પરલોકે સ્વર્ગાદિના સુખો તથા અલ્પકાળમાં મોક્ષપ્રાપ્તિ થાય છે.

બ્રહ્મચર્યનો પ્રભાવ વિશિષ્ટ છે. ચક્રવર્તીનો ઘોડો પરાણે પણ બ્રહ્મચર્ય પાળે છે તો ય આઠમા દેવલોકે જાય છે. પેલી વિધવા સ્ત્રીએ લોકશરમથી બ્રહ્મચર્ય પાળ્યું તો તેના પ્રભાવે ૮૪,૦૦૦ વર્ષના આયુષ્યવાળો દેવ બની. પરસ્પર ઝગડા કરાવનાર, મનુષ્યોને

મરાવનાર, પાપકાર્યોમાં રત એવા પણ 'નારદ' મોક્ષે ગયા તેમાં તેઓનું બ્રહ્મચર્ય વ્રત જ કારણ હતું.

અબ્રહ્મ બે પ્રકારે છે. (૧) સ્થૂલ અને (૨) સૂક્ષ્મ. વિજાતીય શરીર સાથે વિષયસેવન કરવું તે સ્થૂલ અબ્રહ્મ. અને વેદમોહનીય કર્મના ઉદયે પેદા થતી કામવાસનાના જોરે ઈન્દ્રિયોમાં જે સહજ વિકાર થાય તે સૂક્ષ્મ અબ્રહ્મ. આ બંનેનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય.

તેમાં ય સર્વ સ્ત્રીઓ (વિજાતીય તત્ત્વ) સાથે સર્વ પ્રકારના વિષયસેવનનો ત્યાગ કરવો તે સંપૂર્ણ બ્રહ્મચર્ય છે. ગુરુભગવંતોને સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત હોય છે, જે સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત તરીકે ઓળખાય છે.

પરંતુ જેઓ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકતા નથી તેમણે આંશિક બ્રહ્મચર્ય પણ પાળવું તો જોઈએ જ. તે સ્થૂલબ્રહ્મચર્ય કહેવાય. તેના બે પ્રકાર છે. (૧) સ્વસ્ત્રીમાં સંતોષ (૨) પરસ્ત્રીગમનત્યાગ.

સ્વસ્ત્રી એટલે પોતે પરણેલી એક કે અનેક સ્ત્રી.

પરસ્ત્રી એટલે અન્ય મનુષ્યોની પરિણીત સ્ત્રી કે રખાત વગેરે મનુષ્યલોકની સ્ત્રી, પરિગૃહીતા-અપરિગૃહીતા દેવી, પશુ જાતિની સ્ત્રી વગેરે.

સ્વદારા (પોતાની પત્ની)માં સંતોષ અને પરસ્ત્રીગમન વિરમણને સ્થૂલ મૈથૂન વિરમણ વ્રત નામનું ચોથું વ્રત કહેવાય છે.

પરસ્ત્રીગમન ત્યાગ કરતાં ય સ્વદારાસંતોષ અંશ વધારે ચડિયાતો છે. કારણકે બીજાની પરણેલી સ્ત્રીઓ કે રખાતોનો સમાવેશ પરસ્ત્રીમાં થાય છે. પણ કુમારિકા કન્યાનો સમાવેશ પરસ્ત્રીમાં થતો નથી. જ્યારે સ્વદારાસંતોષનો નિયમ લેનારને કુમારિકાનો પણ ત્યાગ આવી જાય છે. આ અપેક્ષાએ સ્વદારાસંતોષવ્રત ઉત્તમ ગણાય. સ્ત્રીઓ માટે સ્વપુરુષ સંતોષ રુપ એક જ પ્રકારે આ વ્રત હોય છે.

સંતોષ એટલે મર્યાદા. પોતાની સ્ત્રીમાં પણ અમર્યાદપણે નહિ વર્તવાનું. તેમાં ય મર્યાદા તો નક્કી કરવી જોઈએ. મર્યાદા વિનાનું જીવન શોભે નહિ. વળી પરસ્ત્રીગમનનો તો ત્યાગ જ કરી દેવો જોઈએ.

પરસ્ત્રીગમન કરનાર વ્યક્તિને વધ-બંધાદિ થાય છે. એઈડ્ઝ, ભગંદર વગેરે ભયંકર રોગો થાય છે. ઈચ્છિત કાર્યોમાં અસફળતા, ઉદ્વેગ, બેચેની, અપ્રિયતા, દુર્ભાગ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે. નારકમાં ધગધગતી પુતળીને પરાણે આલિંગન કરવું પડે છે. તીક્ષ્ણ કાંટાવાળા શાલ્મલીવૃક્ષને ભેટવું પડે છે. જન્માંતરમાં નપુંસક બનવું પડે છે. દુરાચારિણી સ્ત્રીને આ ભવમાં કે પરભવમાં વિધવા થવું પડે છે.ક્યારેક લગ્નની ચોરીમાં રંડાપો મેળવવો પડે છે, વાંઝણી થવું પડે છે કે મરેલા બાળકને જન્મ આપનારી સ્ત્રી

બનવું પડે છે. વિષકન્યા બનવું પડે છે કે જેના સ્પર્શથી ઝેર ચડે છે. પરસ્ત્રી/પુરુષ-ગમનથી સાત વાર સાતમી નરકમાં ઉત્પન્ન થવું પડે છે. આવા ઘણા બધા દોષોને જાણીને પરસ્ત્રીગમનનો ત્યાગ કરી દેવો જોઈએ.

મનમાં કામવાસનાના વિચારો આવતા અટકાવવા સહેલું નથી. પણ કાયાથી તો આ પાપોથી બચી શકાય ને? માત્ર કાયાથી પરસ્ત્રીગમનત્યાગ અને સ્વદારાસંતોષનો નિયમ તો બધાએ સ્વીકારી લેવો જોઈએ. બ્રહ્મચર્યનું પાલન કરતાં બાળ અને યુવાન સાધુ-સાધ્વીજી મ. ને નજરમાં લાવીને, છેવટે છ અઠ્ઠાઈ તથા ચોમાસામાં, તે પણ શક્ય ન હોય તો બાર તિથિ, દસ તિથિ કે છેવટે પાંચ તિથિ (કાયાથી) બ્રહ્મચર્યપાલનનો નિયમ લેવો જોઈએ. જેમણે હજુ લગ્ન ન કર્યાં હોય તેમણે પણ જ્યાં સુધી લગ્ન ન થાય ત્યાં સુધી કાયાથી બ્રહ્મચર્ય પાળવું, તેવું વ્રત લેવું જોઈએ.

જૈનશાસનમાં જેમનું નામ અમર થઈ ગયું તે વિજયશેઠ અને વિજયાશેઠાણીએ તો લગ્ન પહેલાં જ દર મહીને એકેક પખવાડીયું (શુક્લપક્ષ / કૃષ્ણપક્ષ) બ્રહ્મચર્ય પાળવાનો કાયમ માટેનો નિયમ લઈ લીધો હતો. યોગાનુયોગ તે બંનેના લગ્ન થયા. એકને સુદપક્ષ અને બીજાને વદપક્ષનો નિયમ હોવાથી, બંનેએ અડગ રહીને કાયમી બ્રહ્મચર્ય પાળ્યું. તેમનું આલંબન લઈને બ્રહ્મચર્ય પાળવાની તાકાત કેળવી લેવી જોઈએ.

કામોદય થતાં ઈન્દ્રિયોમાં સહજ રીતે વિકારો પેદા થાય તો પણ શ્રાવકોનું આ સ્થૂલવ્રત હોવાથી તેનો ભંગ થતો નથી.

આ વ્રત સ્વીકારતાં પહેલાં પોતાના પતિ / પત્નીની સાથે ખુલ્લા દિલે વિચારણા કરવી જરુરી છે.

**પ્રતિજ્ઞા : (૧) પોતે પરણેલ સ્ત્રી / પુરુષથી અન્ય (વિધવા-વેશ્યા-કુલાંગના-કુમારિકા) સ્ત્રી/પુરુષ સાથે કાયિક ભોગનો ત્યાગ કરું છું.**

**(૨) નપુંસક / દેવ - દેવી / તિર્યંચ પુરુષ / સ્ત્રી સાથેના કાયિક ભોગનો ત્યાગ કરું છું.**

**(૩) સ્વપત્ની / પતિના વિષયમાં પણ નીચે પ્રમાણે મર્યાદા બાંધું છું.**

**કાયિક સંપૂર્ણ બ્રહ્મચર્ય : આજીવન / ..........વર્ષ**

**છ અઠ્ઠાઈમાં બ્રહ્મચર્ય પાલન : આજીવન / ........વર્ષ**

**ચોમાસામાં બ્રહ્મચર્ય પાલન : આજીવન / ........વર્ષ**

**૧૨ / ૧૦ / ૫ તિથિ બ્રહ્મચર્ય પાલન : આજીવન / .......વર્ષ**

**તીર્થસ્થાન / અંતરાયાદિમાં બ્રહ્મચર્ય પાલન : આજીવન / .........વર્ષ**

રાજા વગેરે પાંચના અત્યંત દબાણમાં, જીવનની કટોકટીમાં, અસમાધિના કારણે કે અજાણપણાના કારણે જયણા રાખી શકાય.

લીધેલા વ્રતનું બરોબર પાલન કરવા માટે યથાશક્તિ નીચેના નિયમો લેવા જરુરી છે.

| નિયમો | સમયમર્યાદા | દંડ |
|---|---|---|
| બ્લ્યુ ફિલ્મ જોવી નહિ. | | |
| બ્લ્યુ બુક્સ વાંચવી નહિ. | | |
| ખરાબ ચિત્રો જોવા નહિ. | | |
| માદક પદાર્થોનો ત્યાગ. | | |
| હસ્તમૈથુનનો ત્યાગ. | | |
| સજાતીય સંબંધનો ત્યાગ. | | |
| સૃષ્ટિવિરુદ્ધ કાર્યનો ત્યાગ. | | |
| વર-વહુની જોડી વખાણવી નહિ. | | |
| ઢીંગલા-ઢીંગલી પરણાવવા નહિ. | | |
| બીજાના લગ્નમાં જવું નહિ. | | |
| જેની જવાબદારી નથી, તેના સગપણમાં પડવું નહિ. | | |
| કામસંબંધિત વાતો ન કરવી. | | |
| કામસંબંધિત ચેષ્ટા ન કરવી. | | |
| પૂર્વક્રીડાનું સ્મરણ ન કરવું. | | |
| ખરાબ જોકસ વગેરે કહેવા - સાંભળવા નહિ. | | |
| વિજાતીય સાથે એકાંતમાં ન રહેવું. | | |
| અન્યની કામચેષ્ટાઓ જોવી નહિ. | | |
| સરાગદષ્ટિથી જોવું નહિ. | | |

આ ચોથું વ્રત સ્વીકાર્યા પછી, જેમ તેનો ભંગ થવા દેવાનો નથી, તેમ તેના અતિચારો પણ ન લાગે તેની કાળજી લેવાની છે. તે માટે ચોથા વ્રતના પાંચ અતિચારો સમજવા જરુરી છે. (૧) પરવિવાહકરણ (૨) અપરિગૃહિતાગમન (૩) ઈત્વરપરિગૃહિતાગમન (૪) અનંગક્રીડા અને (૫) તીવ્ર કામાભિલાષ.

**(૧) પરવિવાહકરણ :** સ્થૂલમૈથૂન સેવવું નહિ - સેવરાવવું નહિ એવું આ ચોથું વ્રત હોવાથી બીજા કોઈના લગ્ન કરી શકાય નહિ. કારણકે બીજાના લગ્ન મૈથુન સેવન કરાવ્યાં રૂપ હોવાથી વ્રતનો ભંગ થાય, પણ તે વખતે તે શ્રાવક એમ સમજતો હોય કે, ''હું લગ્ન કરાવું છું પણ મૈથુનસેવન કરાવતો નથી, માટે મારું વ્રત ભાંગતું નથી.'' આવી વ્રતરક્ષાની તેની ભાવના હોય તો અહીં એક અપેક્ષાએ ભંગ છે તો બીજી અપેક્ષાએ અભંગ છે, માટે અતિચાર ગણાય પણ અનાચાર રુપ વ્રતભંગ ન ગણાય.

પોતાના દીકરા - દીકરીના લગ્ન કરાવવાની જવાબદારી સંભાળનાર જો અન્ય

હોય તો સાચો શ્રાવક તેમને તે કાર્ય સોંપી દે. કૃષ્ણમહારાજા તથા ચેડારાજાને પોતાના સંતાનોનો પણ વિવાહ નહિ કરવાનો નિયમ હતો, પણ જેમના સંતાનોના વિવાહની જવાબદારી સ્વીકારનાર અન્ય ન હોય તો શ્રાવક - શ્રાવીકાએ પોતે જ તે જવાબદારી નિભાવવી પડે. તેમ કરવા છતાં ય તેમને અતિચાર ન લાગે, કારણકે જો શ્રાવક - શ્રાવીકા પોતાની જે કન્યા દીક્ષા લેવા ન ઈચ્છતી હોય તેને ન પરણાવે તો તે સ્વચ્છંદચારિણી - કુલટા બને તો જૈન શાસનની નિંદા થાય તથા પોતે લીધેલા વ્રતની હાંસી થાય. પરણાવ્યા પછી તો તે તેના પતિને આધીન થવાથી તેવું ન બને. કદાચ પરણાવ્યા પછી પણ કોઈના જીવનમાં તેવું બને તો પણ માતા - પિતાના વ્રત કે ધર્મ ની નિંદા ન થાય કારણ કે પરણાવ્યા પછીની જવાબદારી માતા - પિતાની નહિ પણ પતિની ગણાય છે.

તેથી પોતાના સંતાનો સિવાયની અન્ય વ્યક્તિઓના સંતાનોના લગ્ન કરાવાય નહિ. હું આનો વિવાહ કરાવું તો મને કે મારા પુત્રાદિને પણ સારી કન્યા મળે, એવી ભાવનાથી કે સગા - સંબંધી - સ્નેહીઓ - પાડોશીઓ વગેરેના સંબંધો સારા રાખવાની ઈચ્છાથી તેમના સંતાનોના વિવાહ કરવા કે તેમને પરણાવવા તે પરવિવાહકરણ કહેવાય.

જેમ બીજાના સંતાનોના સગપણ - લગ્ન વગેરે ન કરાય તેમ બીજાના લગ્ન પ્રસંગોમાં હાજરી પણ શી રીતે અપાય ? કદાચ તેવા પ્રસંગે વ્યવહારથી - સમાજની મર્યાદા સાચવવા કે દાક્ષિણ્યથી હાજરી આપવી જ પડે તો તેમાં હૃદયથી આનંદ ન હોય. 'આ કરવા જેવું તો નથી જ, પણ છૂટકો નથી માટે કરવું પડશે તેવી લાચારીથી તેવા પ્રસંગોમાં તે હાજરી આપે, પણ તેમાં આનંદિત તો ન થાય.'

આ અતિચાર અંગે બીજા આચાર્યો એમ કહે છે કે પર એટલે બીજી સ્ત્રી. તેની સાથે પોતાનો વિવાહ કરવો. એટલે કે પોતાની એક પત્ની હોવા છતાં ય કામવાસનાની પૂર્તિ માટે અસંતોષથી બીજી સ્ત્રી સાથે વિવાહ કરવો તે પરવિવાહકરણ. સ્વદારાસંતોષનું વ્રત લેનારે એક પત્ની હોય તો બીજી સ્ત્રી સાથે લગ્ન ન કરવું જોઈએ.

(૨) **અપરિગૃહિતાગમન :** પરિગૃહિતા એટલે ગ્રહણ કરેલી. અપરિગૃહિતા એટલે બીજા વડે ગ્રહણ નહિ કરાયેલી માલિક વિનાની વેશ્યા, સ્વચ્છંદચારિણી, જેનો પતિ પરદેશ ગયો હોય તે કુલવતી સ્ત્રી, વિધવા, કન્યા વગેરે. આ બધી અપરિગૃહિતા સ્ત્રીઓ કહેવાય. તેમની સાથે ભોગ ભોગવવાથી આ અતિચાર લાગે. આમ તો વ્રત ભંગ જ છે. પણ અપરિગૃહિતાગમન કરનારની સમજણ એ હોય કે મારે તો પરસ્ત્રીગમનનો ત્યાગ છે. આ માલિક વિનાની સ્ત્રીઓ પરસ્ત્રી નથી. તેથી મારે વ્રતભંગ થતો નથી." આવી તેની વ્રત સાપેક્ષતા હોવાથી તે ભંગાભંગ રૂપ અતિચાર ગણાય.

(૩) **ઈત્વરપરિગૃહિતાગમન :** ઈત્વર = થોડા સમય માટે, પરિગૃહિતા =

ગ્રહણ કરાયેલી. પૈસા આપીને થોડા સમય માટે ગ્રહણ કરાયેલી વેશ્યા, રખાત વગેરે સ્ત્રી. તેની સાથે ભોગ ભોગવવાથી હકીકતમાં તો વ્રતનો ભંગ થાય છે, પણ તે એમ વિચારે છે કે મેં તો પૈસા આપ્યા હોવાથી હાલ તે મારી સ્ત્રી જ છે. પરસ્ત્રી ક્યાં છે ? આમ તેની વ્રતસાપેક્ષતા હોવાથી ભંગાભંગ રુપ અતિચાર બને છે.

**(૪) અનંગક્રીડા :** એક અર્થ પ્રમાણે અનંગ એટલે કામ - ઈચ્છા. પુરુષની સ્ત્રી, પુરુષ કે નપુંસકને ભોગવવાની, સ્ત્રીની પુરુષ, સ્ત્રી કે નપુંસકને ભોગવવાની અને નપુંસકની પણ સ્ત્રી, પુરુષ કે નપુંસકની સાથે ભોગો ભોગવવાની ઈચ્છા. અથવા આ ત્રણે યની હસ્તેમૈથુન કરવાની ઈચ્છા. આ બંને પ્રકારની ઈચ્છા તે જ અનંગ અર્થાત્ કામ. અને આ કામના બળે જે ચેષ્ટા, ક્રીડા કે દુષ્ટચાળા કરવા તે અનંગક્રીડા.

બીજા અર્થ પ્રમાણે કામક્રીડાના અવયવોથી ભોગ ભોગવવા છતાં સંતોષ ન થતાં જે કામક્રીડાના અંગ નથી તેવા સાધનો કે અવયવોનો ઉપયોગ કરીને ભોગ ભોગવવાનો પ્રયત્ન કરવો, કૃત્રિમ સાધનોથી ચેષ્ટાઓ કરવી કે જેથી વિષય સેવવાની ઈચ્છા વધે - તે ચેષ્ટાઓ પણ અનંગક્રીડા કહેવાય.

અનંગ : જે કામક્રીડાના અંગો નથી, તેનાથી ક્રીડા કરવી તે અનંગ ક્રીડા. ત્રીજા અર્થ પ્રમાણે કામક્રીડા માટેના અંગો સિવાયના શરીરના અન્ય અંગો જેવા કે બગલ, ખોળો, મુખ, હોઠ, ગાલ વગેરે વડે વિષયની ઈચ્છાથી ચેષ્ટાઓ કરવી તે અનંગક્રીડા કહેવાય. ટૂંકમાં તીવ્ર વેદોદયથી આવી જે જે વિવેકશૂન્ય ચેષ્ટાઓ કરવામાં આવે તે બધી અનંગક્રીડા કહેવાય.

**(૫) તીવ્ર કામાસક્તિ :** વિષયસેવનમાં તીવ્ર આસક્તિ કરવી તે. બીજી બધી પ્રવૃત્તિઓ છોડીને આખો દિવસ કામના વિચારો કર્યા કરવા. કામસેવનની પ્રવૃત્તિઓ સતત કર્યા કરવી. જરા ય તૃપ્ત ન થવું.

હકીકતમાં તો સાધુજીવન જેમ બ્રહ્મચર્યના પાલન માટે છે, તેમ શ્રાવકજીવન બ્રહ્મચર્યની નેટ પ્રેક્ટીસ માટે છે. શક્યતઃ વધુ બ્રહ્મચર્ય પાળવું જોઈએ. છતાં ય વેદમોહનીયનો ઉદય થવાથી જ્યારે વિકારો સહન ન થઈ શકે ત્યારે તે વિકારોને શાંત કરવા પોતાની પરિણિત સ્ત્રી સિવાય બાકીના બધાનો ત્યાગ કરે, અને પરિણિત સ્ત્રીમાં પણ સંતોષ રાખે. તેની સાથે સૃષ્ટિક્રમથી વિષયસેવન કરવામાં વિકારો શાંત થઈ જતાં હોવાથી તેની સાથે પણ અનંગક્રીડા વગેરે ન કરે.


આ પાંચે ય અતિચારોને બરોબર સમજી લઈને, તેમાંનો એકપણ અતિચાર ન લાગી જાય તેની બરોબર કાળજી લેવી જરૂરી છે.

સમકિત તથા ચાર અણુવ્રતોનું સ્વરુપ અહીં પૂર્ણ થયું. બાકીના આઠ વ્રતોના સ્વરુપને જણાવતું પુસ્તક 'વ્રત ધરીયે ગુરુ સાખ' ભાગ - ૨ હવે પછી અનુકૂળતાએ બહાર પડશે.

## જ્ઞાનપ્રસાર અભિયાન
### પૂજ્યપાદ પંન્યાસ શ્રી મેઘદર્શનવિજયજી મ.સાહેબની અત્યંત સરળ શૈલીથી તૈયાર કરાયેલ સાહિત્યનો રસથાળ

| ક્રમ | પુસ્તકનું નામ | નકલ |
|---|---|---|
| ૧. | જૈન ધર્મનો મૌલિક પાઠયક્રમ (ભાગ-૧) | ૯૦૦૦ |
| ૨. | જૈન ધર્મનો મૌલિક પાઠયક્રમ (ભાગ-૨) | ૯૦૦૦ |
| ૩. | સમાધિપંચક | ૧૦૦૦ |
| ૪. | સમાધિ સોપાન | ૧૦૦૦ |
| ૫. | પર્વાધિરાજ | ૫૦૦૦ |
| ૬. | જૈન ધર્મનો મૌલિક પાઠયક્રમ - પ્રવેશિકા | ૧૯૦૦૦ |
| ૭. | જૈન ધર્મનો મૌલિક પાઠયક્રમ - પ્રદીપિકા | ૯૦૦૦ |
| ૮. | જૈન ધર્મનો મૌલિક પાઠયક્રમ - પ્રબોધિકા | ૬૦૦૦ |
| ૯. | જ્ઞાનદીપક પ્રગટાવો (ભાગ-૧) | ૧૦૦૦૦ |
| ૧૦. | ચાલો-ચાલો સિદ્ધગિરિ જઈએ રે... | ૨૦૦૦૦ |
| ૧૧. | જ્ઞાનદીપક પ્રગટાવો (ભાગ-૨) | ૧૦૦૦૦ |
| ૧૨. | પ્રભુમિલન | ૨૫૦૦ |
| ૧૩. | જ્ઞાનદીપક પ્રગટાવો (ભાગ-૩) | ૧૦૦૦૦ |
| ૧૪. | શ્રાવકજન તો તેને રે કહીએ... (ભાગ-૧) | ૮૦૦૦ |
| ૧૫. | તારક તત્વજ્ઞાન | ૬૦૦૦ |
| ૧૬. | કર્મનું કમ્પ્યુટર (ભાગ-૧) | ૧૮૦૦૦ |
| ૧૭. | સૂત્રોના રહસ્યો (ભાગ-૧) | ૧૧૦૦૦ |
| ૧૮. | બારવ્રત અને શ્રી શત્રુંજય લઘુકલ્પ | ૨૦૦૦૦ |
| ૧૯. | શ્રાવકજન તો તેને રે કહીએ... (ભાગ-૨) | ૪૦૦૦ |
| ૨૦. | સૂત્રોના રહસ્યો (ભાગ-૨) | ૬૦૦૦ |
| ૨૧. | કર્મનુ કમ્પ્યુટર (ભાગ-૨) | ૧૦૦૦૦ |
| ૨૨. | પ્રસન્ન રહેતા શીખો | ૬૦૦૦ |
| ૨૩. | આદીશ્વર અલબેલો રે | ૪૦૦૦ |
| ૨૪. | વ્રત ધરીએ ગુરૂ સાખ (ભાગ-૧) | ૩૦૦૦ |
| ૨૫. | વ્રત ધરીએ ગુરૂ સાખ (ભાગ-૨) | ૩૦૦૦ |
| ૨૬. | કર્મનું કમ્પ્યુટર (ભાગ-૩) | ૧૦૦૦૦ |
| ૨૭. | જિનરાજકું સદા મોરી વંદના રે... | ૨૦૦૦ |
| ૨૮. | હું મને ઓળખું | ૨૦૦૦ |
| ૨૯. | તત્વઝરણું | ૭૦૦૦ |
| ૩૦. | શત્રુંજય આરાધના | ૧૬૦૦૦ |
| ૩૧. | કલ્યાણમિત્ર | ૫૦૦૦ |
| ૩૨. | જ્ઞાનદીપક ભાગ ૧-૨-૩ | ૨૦૦૦ |

પૂ.પં.શ્રી મેઘદર્શન વિજયજી મ.સાહેબના



# પુસ્તકો વાંચવા માટે ઉપયોગ કરો

# jainelibrary.org

પુસ્તક નં.- 008953 to 008960

